કુમાર


સંસ્થાપક
રવિશંકર રાવળ



આવાહન (ફોટોકલાકાર: જે. એન. ઉનવાલા, એફ. આર. પી. એસ.) અમદાવાદના 'નિહારિકા' મંડળે ગયે મહિને ભરેલા ત્રીજા અખિલ હિંદ ફોટોગ્રાફી પ્રદર્શનમાં રૌપ્ય પદક પામેલું આ ચિત્ર 'ટેબલ ટૉપ' ફોટોગ્રાફીનો ઉત્તમ નમૂનો છે. (બ્લૉક: 'નિહારિકા'ના સૌજન્યથી)

૨૭૬

તંત્રી · બચુભાઈ રાવત



જીવનવાટ

ચિત્રકાર · ચન્દ્રશંકર રાવળ (ગુજરાત કલાસંઘ)

કુમાર
ડિસેમ્બર ૧૯૪૬
અંક ૨૭૬

લવાજમમાં વધારો

આ અંકમાં પૃ. ૨૭૭ ઉપર આપેલી લવાજમ-વધારાની જાહેરાત ઉપર ગ્રાહકોનું ધ્યાન ખેંચી વિનંતિ કરવાની કે પૃ. ૨૭૧ ઉપર દર્શાવેલી લવાજમોની રકમમાં તે અનુસાર ફેરફાર કરી લેવાનો છે, અને હિંદમાં રૂપિયા ૭ ને બદલે સાત તથા પરદેશ માટે રૂ. ૯ અગર શિ. ૧૪ સમજવાના છે.

ચિત્રો

આવાહન (ફોટો)	જે. એન. ઊનવાલા	પૂઠું
જીવનવાટ	ચંદ્રશંકર રાવળ	ત્રિરંગી મુખચિત્ર
કલામય દીવીઓના વિવિધ પ્રકાર	કનુ દેસાઇ	પાછલા પૂઠામાં

કાવ્યો

આ લહરી જલસાગરની	સુન્દરમ્	૨૬૫
સૌન્દર્યનું ગાણું મુખે મારે હજો	મકરન્દ દવે	૨૬૫

ચરિત્ર

આચાર્ય કૃપાલાની		૨૬૬

નાટિકા

હુએન્સંગ	યશોધર નર્મદાશંકર મહેતા	૨૬૮

વાર્તા

ઈચ્છાશક્તિ	રમણિક મેઘાણી	૨૭૨


લેખો

ચિત્ર-વિજ્ઞાન[૫](અર્ધેન્દ્રકુમાર ગાંગુલી)	સૌ. અપર્ણા ત્રિવેદી	૨૮૧
પ્રાચીન નાટ્યશાસ્ત્ર[૪]પ્રાચીન નાટ્યગૃહો	યોગેન્દ્ર પ્રિયદર્શી	૨૮૪
મૂર્તિશાસ્ત્ર-પરિચય [૮] વિષ્ણુ	અમૃતલાલ વ. પંડ્યા	૨૭૨
રસદર્શન–૩૨	હરિપ્રસાદ વ્ર. દેસાઇ	૨૮૩
સંસારનાં શહેરો–[૫૭] મેરઠ		૨૭૯

વિભાગો તથા પ્રકીર્ણ

જીવનવૃક્ષ (ચિત્રજ્ઞાન)	૨૬૪
Our Friends Abroad (પરદેશી મિત્રોના પત્રો)	૨૭૮
માધુકરી	૨૮૫
આ માસનું પંખી–શામળી	૨૮૫
આ માસ ઇતિહાસમાં	૨૮૮
છેલ્લું પાનું	૨૮૯

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૭; પરદેશમાં રૂ. ૯-૦-૦ અથવા ૧૪ શિલિંગ. છુટક નકલના બાર આના.



જીવનવૃક્ષ

જીવસૃષ્ટિની ઉત્પત્તિ તથા ઉત્ક્રાન્તિ કેવી રીતે થઈ તેની વિકાસરેખા વિજ્ઞાને જે નક્કી કરી છે તેનો ખ્યાલ સમગ્રપણે એકીસાથે મળી શકે એ ઉદ્દેશથી આ કલ્પનાચિત્ર યોજાયું છે. વિશેષ સમજણ માટે જુઓ આ અંકમાં.

આ લહરી જલસાગરની

આ લહરી જલસાગરની,
કે લીલા કીમિયાગરની,
આ લહરી જલસાગરની.


અહીં રુમઝુમે રંગમયી કૈં
પતાલપરીની પગલી,
અહીં ઉછળતાં જલમોતનની
સોનલ રૂપલ ઢગલી.
આ લહરી જલસાગરની.

અહીં પ્રભાતે મધ્યાહ્ને
સંધ્યાએ દેવદિવાળી,
અહીં છલકતી નવરસવંતી
રામપ્રસાદિત થાળી,
આ લહરી જલસાગરની.

અહીં જનમતી જલવાદળીઓ,
વીજ રમે લઈ તાળી,
અહીં ગરજતા ઈન્દ્રઘોડલા,
શંખ બજે વનમાળી,
આ લહરી જલસાગરની.

અહીં જોયું મેં બિન્દુબિન્દુથી
શી વિધ સિન્ધુ રચાયા,
અહીં પળમાંહે શાશ્વતશાયી
પ્રગટ થતા હરિરાયા,
આ લહરી જલસાગરની

સુન્દરમ્



સૌન્દર્યનું ગાણું મુખે મારે હજો

સૌન્દર્યનું ગાણું મુખે મારે હજો !
જ્યારે પડે ઘા આકરા
જ્યારે વિરૂપ બને સહુ
ને વેદનાની ઝાળમાં
સળગી ઉઠે વન સામટાં
ત્યારે અગોચર કો' ખૂણે
હસતાં, સુકોમળ ને લીલાં
તરણાં તણું ગાણું મુખે મારે હજો !
સૌન્દર્યનું ગાણું મુખે મારે હજો !


સ્વપ્નથી ભરપૂર આ
મારા મિનારાઓ પરે
જ્યારે પ્રહારો વજ્રના આવી પડે
નોબતો સંહારની આવી ગડે
ને ભસ્મ ખંડેરો બધાં ઢાંકી દઈ
ઉપહાસની ડમરી કદી ઊંચી ચડે
ત્યારે અરે !
પ્રેમે, પ્રફુલ્લિત કો સ્વરે
આ વિશ્વના માંગલ્યનું ગાણું મુખે મારે હજો !
સૌન્દર્યનું ગાણું મુખે મારે હજો !

એક દા જેને પ્રભુ !
અંકે પ્રથમ મારાં ખુલ્યાં છે લોચનો
ને હાસ્ય આંસુમાં બન્યાં
જેનાં શીખ્યો હું ઝૂલતાં
તેને-જીવનમાં શીખવજો સર્વસ્વ પાયે સીંચતાં
ને કોઇ વેળા આખરે આ લોચનોને મીંચતાં
એના પ્રકાશિત પ્રાણનું
એના હુલાસિત ગાનનું
એના સુવાસિત દાનનું ગાણું મુખે મારે હજો !

આવતાં જેવું હતું
જતાં ય એવું રાખજો !

ઉત્સવ તણું ટાણું સુખે ત્યારે હજો
સૌન્દર્યનું ગાણું મુખે મારે હજો.

મકરન્દ દવે



આચાર્ય કૃપાલાની: કૉંગ્રેસના મહામંત્રી તરીકે (બ્લૉક-પ્રજાબંધુના સૌજન્યથી)

- જેમાંના બે ભાઈ મુસ્લિમ બની ગયા એવાં છ ભાંડુમાંનો છઠ્ઠો પુત્ર
- ગણિતના દુશ્મન વિદ્યાર્થી
- પ્રિન્સિપાલોને તોબાહ પોકરાવતો, પણ કવિતાનો રસિયો એવો તોફાની ને આર્દ્ર હૃદયી કૉલેજિયન
- હાથમાં ઝંડો લઈને વિદ્યાર્થીઓને મોખરે ઘૂમતો મોવડી

. . . . .

- અરાજકતાનો સંપર્ક પામતા રાજકારણના અધ્યાપક
- અહિંસા અંગીકારતા અકિંચન અને અલગારી દેશસેવક
- ગુજરાત વિદ્યાપીઠના આચાર્ય
- કૉંગ્રેસના મહામંત્રી
- મેરઠ અધિવેશનના કૉંગ્રેસ-પ્રમુખ

આચાર્ય કૃપાલાની

તમે હિંદીઓ ધિક્કારપાત્ર જૂઠ્ઠા છો !

ઈ. ૧૯૦૭ની સાલમાં સિંધની ડી. જે. કૉલેજના ગોરા પ્રિન્સિપલ જૅકસને વિદ્યાર્થીઓની એક સભામાં ઉચ્ચારેલા આ શબ્દો એણી. એ ના વર્ગમાં ભણતા એક [illegible]કડી યુવાનને પગથી તે માથા સુધી ઝાળ લગાડી દીધી. આ [illegible] અપમાનનો સામનો કરી એણે સિંધના સદા ય ઢીલા અને પશ્ચિમી અનુકરણમાં રાચતા વિદ્યાર્થીઓને સંગઠિત કરી હડતાલ પડાવી. સિંધના વિદ્યાર્થીઓમાં ત્યારે પહેલવહેલો દેશ ભગાનનો હુતાશ ભભૂક્યો. ડૉ. જૅકસનને અંતે કૉલેજ છોડવી પડી.

પણ એ ગોરા આચાર્યે ભોંકેલા કારમા શૂળનું શલ્ય તો એ યુવાનના હૃદયમાં કાયમી જખમ જગાવી ગેહું, ને હિંદમાંની બ્રિટિશનીતિ ત્યાર પછી એ જખમને વધુ ને વધુ વકરાવતી ગઈ. એની પ્રજ્વલી ઊઠેલી અસ્મિતાએ એને કટ્ટર દેશાભિમાની અને સદાનો લડવૈયો બનાવ્યો. એણે સ્થિર જીવનની શાન્તિ છોડી ભગતા અલગારીનું જીવન ધારણ કર્યું, અધ્યાપનકાર્યે હાથ ધરી અનેક જુવાનોનાં દિલ પોતાના હૃદયના દીપથી ચેતવ્યાં, દેશની હાકલ પડતાં એ લડતનો મોવડી સૈનિક બન્યો, કૉંગ્રેસનો મહામંત્રી થયો, અને અંતે દેશની પ્રજા જે મોઘામાં મોઘું માન આપી શકે તે કોંગ્રેસનું પ્રમુખાસન પામ્યા. ગયા માસમાં (૨૧મી નવેમ્બરે) મેરઠ ખાતે મળેલા કૉંગ્રેસના પ૪મા અધિવેશનના પ્રમુખ આચાર્ય કૃપાલાનીના જીવનની આ સૂત્રરેખા.

તમે એમને જુઓ તો ખાસ દેખાવડા કે આકર્ષક ન લાગે; છતાં એમનું વ્યક્તિત્વ વિશિષ્ટ છે. ઊંચો પાતળો દેહ, લાંબા ચહેરામાં ઝીણી તેજીલી આંખો વચ્ચે તરી આવતું લાંબું નાક, ધીમંધીમું મરકતા પાતળા હોઠ, અને વિશાળ લલાટ પરથી પાછળ ખાવા જેવા ફરફરતા સોનેરી વાળવાળા આચાર્ય કૃપાલાની અનેકના ટોળામાંથી તરત જુદા તરી આવે. લાપરવા હાસ્યથી સદા મલકતા ને આજુબાજુના લોકોની લગભગ અપમાન રૂપ ઉપેક્ષા કરતા એમના ચહેરા પર કવચિત નિર્વેદ તરતો લાગે. પણ એમના લોહીમાં જે જોમ અને પ્રતિકારશક્તિનો અખૂટ સ્રોત વહે છે એનો પરિચય તો બરછી જેવા કટાક્ષ વેરતી એમની વાણી સાંભળો ત્યારે જ થાય. વડા પ્રધાનોને જ્યાં ગોળીએ દેવાય છે એવા હિંદના 'વાઈલ્ડ વેસ્ટ' જેવા પ્રદેશ સિંધની એ પેદાશ હોઈ એમનામાં સુંવાળપ કે નજાકત ન સંભવે; પણ બહારથી જરઠ અને તોછડા લાગતા, શરીરે પાતળિયા પરંતુ બુદ્ધિના બળિયા એ આચાર્ય હૃદયના ઘણા ઋજુ છે.

એમનું આખું નામ જીવતરામ ભગવાનદાસ કૃપાલાની, અને સ્વજનોમાં દાદા (મોટા ભાઈ). આજથી અઠ્ઠાવન વરસ ઉપર ઇ. ૧૮૮૮માં સિંધમાં હૈદરાબાદ મુકામે એક ખાનદાન આમિલ કુટુંબમાં એમનો જન્મ થએલો. 'આમિલ' એટલે અમલ કરનારા. મીરોના વખતમાં સિંધનું કારભારું અને રાજવહીવટ રાજ્યના દીવાનો અને 'અમલ'દારો તરીકે એ કોમના હાથમાં રહેતાં એટલે તેઓ 'આમિલ' કહેવાયા. રાજકારભાર કરતી બધી કોમોના સદ્ગુણ-દુર્ગુણ એ કોમમાં પણ છે; પરંતુ આચાર્ય કૃપાલાનીનું વ્યક્તિત્વ એ આમિલપણાના ઢાંચા તોડીને બહાર નીકળેલું છે. જો પોતાના કુટુંબની પ્રણાલિકાને એ વળગી રહ્યા હોત તો આજે કદાચ પેન્શન પર ઊતરેલા એકાદ જિલ્લા મૅજિસ્ટ્રેટ હોત ને કદાચ રાય બહાદુરનો ઇલ્કાબ ધરાવતા હોત. પરંતુ જન્મથી

જ બંડખોર સ્વભાવના એ જુવાનનું જીવન જુદી જ દિશામાં ઘડાયું.

એમના પિતા ભગવાનદાસ નિવૃત્ત તેહસીલદાર હતા અને ચુસ્ત વૈષ્ણવ હોઇ પોતાના પાકા બાંધણીના મકાનની સામે નાની મઢુલીમાં સાદું જીવન ગાળતા. નેક અને નિષ્ઠાવાન ભગવાનકાકા સ્વભાવે ઘણા તીખા અને તેજ હતા (જે ગુણ પુત્રમાં પણ ઊતર્યો છે) અને કુટુંબમાં તેમજ પડોશમાં એમને વિષે જેટલો આદર તેટલો જ ધાક હતો. એ પિતાના સાત પુત્રો પૈકી કૃપાલાનીજી છઠ્ઠા પુત્ર. આજે માત્ર તેઓ અને એ સાત ભાઇઓની એક લાડકી બેન કીકીબેન બે જ હયાત છે. એમના બીજા અને પાંચમા ભાઇએ ઇસ્લામ ધર્મ અંગીકાર કર્યો હતો અને એ જ રાહ પર એ બંને ખતમ થયા. એક ભાઈની સામે ખિલાફત ચળવળ વખતે અફઘાનિસ્તાનને હિંદ પર આક્રમણ કરવાનું આમંત્રણ આપવાના મશહૂર 'રેશમી રૂમાલ કાવત્રા'માં સામેલ હોવાનો આરોપ હોવાથી તે ફરારી તરીકે ગુપ્તવાસમાં જ અવસાન પામેલા; જ્યારે બીજા ભાઈ ગ્રીકો સાથેના તુર્કીના યુદ્ધમાં તુર્કોને પક્ષે લડતાં માર્યા ગએલા. ત્રીજા ભાઇએ સિંધ હૈદરાબાદમાં સ્વદેશી ભંડાર ને ચામડાની દુકાન કાઢેલી, જે ધંધો કરનાર એ પહેલા આમિલ હતા. સાતમા ભાઈ સામાન્ય સુથારી કામ કરતા; પણ પાછળથી એમણે એકાએક સંન્યાસ લીધો. એ સ્વભાવના એટલા જલદ હતા કે કોઈથી ન બીનાર કૃપાલાનીજી માત્ર એમનાથી ડરતા. સૌથી નાનાં કીકીબેન લાલવાણી આજે સિંધનાં કૉંગ્રેસ કાર્યકર તરીકે જાણીતાં છે. કુટુંબનાં બધાં જ માણસો ચહેરે-મોરે એકસરખા: એ જ પાતળા હોઠ, ફિક્કા ચહેરા, ચપળ આંખો ને હેત ભર્યા હૃદયવાળા. બધા જ ખૂબ ઓછું ઊંઘનારા, સ્વાદિષ્ટ વાનીઓની શોખીન જીભવાળા અને તીવ્ર ગમા-અણગમાવાળા. છતાં દરેકનું વ્યક્તિત્વ નિરનિરાળા રંગથી રંગાએલું.

ગણિત સાથે નાનપણથી જ શત્રુવટ ધરાવનાર જીવતરામ થોડી-ઘણી મહેનત અને કિસ્મતની કૃપાથી મૅટ્રિકમાં પસાર થઇ મુંબાઇ-ની વિલ્સન કૉલેજમાં દાખલ થયા અને પ્રીવિયસમાં પસાર થવાની સાથે જ ગણિત અને ટ્રિગોનાં જાડાં થોથાંને અટ્ટહાસ્ય સાથે બારીની બહાર ફેંકી દીધાં! પાઠ્ય પુસ્તકો તરફ તો તેમને મૂળથી જ અણગમો હતો, જે, અધ્યાપક અને આચાર્ય થયા ત્યારે પણ એવો જ રહેલો. વર્ગનાં આખ્યાનો તેઓ પુસ્તક વિના અને પુસ્તકિયા જ્ઞાન-ની મર્યાદાઓ ઓળંગીને જ આપતા. એમનો પ્રિય કોઈ વિષય હોય તો તે કવિતા. કૉલેજકાળમાં એમની ઓરડીની અભરાઈઓ અંગ્રેજ કવિઓના કાવ્યસંગ્રહોથી તથા આસેરની ભીંતો કવિઓની છબિઓ-થી જ શોભતી. અને જ્યારે એ કાવ્યો વાંચતા ત્યારે એમનો કંઠ લાગણીથી ભરાઈ જતો અને આંખોમાં આંસુ આવી જતાં.

એમનો કૉલેજકાળ એટલે બંગભંગ પછીના દિવસો. વિદ્યાર્થી-ઓમાં એ કાળે ભારે જાગૃતિ આવી હતી. જીવતરામ જેવો આવેશી જુવાન એનાથી રંગાયા વિના કેમ રહે? વિલ્સન કૉલેજના પ્રિન્સિપલ ડૉ. મેકિકન માટે એમણે ભારે મુશ્કેલીઓ ઊભી કરી. પરિણામે એમને મુંબાઇ છોડી સિંધ ડી.જે. કૉલેજમાં જવું પડ્યું. પણ ત્યાંના શાંત વાતાવરણમાંયે આ લેખને મથાળે ટાંકેલો પ્રસંગ બન્યો!

તે દિવસથી એ સક્રિય રાજકારણમાં ભાગ લેવા લાગ્યા. એમના તોફાની સ્વભાવને અનુકૂળ ક્ષેત્ર મળી ગયું. વિદ્યાર્થીઓ એમના જુસ્સા અને પ્રતિભાથી બીતા અને આકર્ષાતા. જીવતરામ હાથમાં મજબૂત દંડો ને ધાંધલિયા વિદ્યાર્થીઓનું ટોળું લઈ જાહેર સભા-ઓમાં જતા અને જો કોઈ વક્તા ભૂલેચૂકે પણ સરકારની વફાદારીની વાત કરતો તો આ ટોળી કોઈના પણ આદર કે શિષ્ટાચારની પરવા કર્યા વિના ધાંધલ કરી તેને બેસાડી દેતી.


આમ, કૉલેજની કારકિર્દિ પૂરી કરી. ૧૯૧૨માં એમ.એ. થઇ એમણે સિંધમાં સક્કર ખાતે શિક્ષક તરીકે જીવનની શરૂઆત કરી. પણ સિંધ જેવા છેવાડા ને નિરક્ષર પ્રાંતમાં એમના જેવી પ્રતિભાને પાંગરવાનું કોઈ ક્ષેત્ર નહતું, એટલે તે ત્યાંથી નીકળી બિહારમાં મુઝફ્ફર-પુરની સરકારી કૉલેજમાં પ્રોફેસર થયા. (અનુસંધાન પૃ. ૨૭૬ પે)



સિંધમાં ભણ્યા, બિહારમાં ભણાવ્યું, ગુજરાતમાં આચાર્ય થયા, યુ.પી.માં રાજનૈતિક નેતા બન્યા, બંગાળમાં પરણ્યા.— આમ એ સર્વપ્રાંતીય વ્યક્તિ બનેલા આજના આપણા રાષ્ટ્રપતિને રાષ્ટ્રનો પ્રત્યેક પ્રાંત પોતાના સમજે છે.



ગુજરાત વિદ્યાપીઠમાં આચાર્ય હતા ત્યારે (સ્કેચ: રવિશંકર રાવળ)



અવનીન્દ્રનાથ ટાગોરના
ચિત્ર પરથી રેખાંકન

ચીનની ઝંખવાતી ધર્મજ્યોતને પુનઃ પ્રજ્વલિત કરવા

હુએન્સંગની બુદ્ધશરણતા, એકતાનતા, તદ્રૂપતા આદિને સમભાવથી પ્રીછ્યા વગર આ કૃતિનું હાર્દ સમજાય તેમ નથી.

હુએન્સંગની ધૂન તે પ્રત્યેક શોધકની, કલાકારની, તત્ત્વદર્શીની, પ્રેમીજનની ભાવસમાધિ છે. ભાવસમાધિ એટલે એક જ રસ, એક જ દૃષ્ટિ, એક જ પક્ષપાત, એક જ રાગ, એક જ લક્ષ્ય. એવા ભાવસમાધિસ્થનું જગત બુદ્ધિની અનેકાનેક ડખલગીરીવાળું બહુરૂપી જગત નથી, પરંતુ તદ્રૂપસ્વરૂપ ધ્યેયાકાર જગત હોય છે. એની અનુભૂતિ અપરોક્ષ હોય છે અને એની ભક્તિ, ધૂન, ઉપાસના, જે કહો તે, વિક્ષિપ્ત મગજની માત્ર ઘેલછાઓ કે ઉછાળાઓ નથી, પરંતુ શાંત, ધીર, ગભીર, શુદ્ધ રતિ છે.

ચિત્તનો આવો ઉન્નત ભાવ કેટલે દરજ્જે વૈખરીમાં યથાર્થ ઊતરી શક્યો છે તેનો નિર્ણય કરવાનું રસકોવિદો ઉપર છોડી આ કૃતિને કાળના મહોદધિ પર વહેતી મૂકું છું. ટકવાની હશે તો તેના આંતરબળથી ટકશે. મારાં શબ્દ દલીલોથી જ કંઈ ટકવાની નથી.—ય. ન. મ.

લેખક · **યશોધર નર્મદાશંકર મહેતા** બાર–ઍટ–લૉ

દૃશ્ય પહેલું

સમય : ઇસ્વીસનના છઠ્ઠા સૈકાની એક સવાર.

સ્થળ : ચીનની વિદ્યાપીઠનો એક ખંડ.

પાત્રો : યુવાન હુએન્સંગ અને બીજા બે સહાધ્યાયીઓ.

[હુએન્સંગ એક આંગળી લમણે રાખી બેઠો છે. બંને બાજુએ બે સહાધ્યાયીઓ છે. પાંચસાત હસ્તલિખિત પુસ્તકોના ગુટકા પડ્યા છે. હુએન્સંગના મોં ઉપર આધ્યાત્મિક તેજ ચમકી રહ્યું છે ને એની આંખમાં આત્મશોધનો ઉત્સાહ છે.]

હુએન્સંગ : મિત્રો! સો જ્ઞાનીનો એક મત, એક અજ્ઞાનીના સો મત!

૧લો સહાધ્યાયી : પણ ચીનમાં તો અસંખ્ય અજ્ઞાનીઓ એકઠા થયા છે એટલે કેટલા મત થયા?

૨જો સહાધ્યાયી : જેટલા માણસ તેટલા.

હુએન્સંગ : ચીનમાં વિતંડા વધી પડી છે. અજ્ઞાનના ઘોર વાદળે જ્ઞાનના સૂર્યને ઘેર્યાં છે.

૧લો : વાદળાં સ્થિર નથી, ભિખ્ખુ! ભગવાનનો સૂર્ય સ્થિર છે.

૨જો : પણ ઘર બળી રહ્યું છે; ચીન દુઃખી છે.

૧લો : પણ આગ લગાડનારા ક્યાં અજાણ્યા છે?

હુ૦ : આગ કોણે લગાડી તે સવાલ નથી; સવાલ ઓલવવાનો છે.

૨જો : બધું દુઃખ છે.

હુ૦ : સુખનો આભાસ એ પણ નહિ આવી પડેલું દુઃખ જ છે.

૧લો : સઘળું અનિત્ય છે.

હુ૦ : સિવાય કે બોધિસત્ત્વનો ઉપદેશ.

૨જો : દુઃખ મટાડનારો ભગવાનનો કીમિયો કહો.

હુ૦ : જન્મ-મરણની બેડીમાંથી છૂટવું.

૧લો : કેવી રીતે?

હુ૦ બેડીની સાંકળનો મુખ્ય અંકોડો તોડીને, તૃષ્ણાને ત્યજીને.

૨જો : તૃષ્ણાથી શું?

હુ૦ : તૃષ્ણાથી જન્મ, જન્મ બાદ વધવું, પછી જરા, પછી મરણ, અને પાછો તૃષ્ણાથી જન્મ. ઘાંચીનો બળદ જન્મ-મરણની ઘાણી ઉપર ગોળ ગોળ ફર્યાં જ કરે છે.

૧લો : આ બુદ્ધે કહેલું?

હુ૦ : હા, બુદ્ધે કહેલું. ભિખ્ખુઓ સાવધાન!

બંને સહાધ્યાયી : સાવધાન!

હુ૦ : છે જન્મ-મરણ વિણ બુદ્ધશરણ

બંને : છે જન્મ-મરણ વિણ બુદ્ધશરણ.

હુ૦ : ઉપાય બતાવ્યો.

૨જો : હુએન્સંગ! ઉપાય ન બતાવે તે ફિલસૂફી નથી.

હુ૦ : ઉપાય બતાવે તેવી ફિલસૂફી એક ફક્ત ભગવાન બુદ્ધની છે.

बुद्धं शरणं गच्छामि । धर्मं शरणं गच्छामि । संघं शरणं गच्छामि ।

(બધા એ પ્રમાણે ભાવથી બોલે છે.)

૧લો : હુન્સંગ! બુદ્ધને શરણે ગયા પછી પણ ફરી ઉપાય જાણવા માગીએ છીએ.

હુ૦ : મિત્રો! હું નથી કહેતો, પણ ભગવાને પોતે કહ્યું છે :

*ફરી ફરીને બહુ જન્મફેરા,
દુઃખો તણા ભાર બહુ વહીને,
શોધી શક્યો દેહ તણો કુંભાર.

બંને : ભગવાનનો જય હો, ભગવાનનો જય હો!

હુ૦ : ભગવાનનો જય છે, ભગવાનનો જય છે. સાંભળો.

તૂટી રહી છે વળીઓ અને આ
ભાંગી રહ્યો છે સહુ કાટમાળ,
સમારવી શક્ય નથી હવે આ
જૂની થએલી જતી ઝૂંપડીને.

---

*अनेकं जातिसंसारं संधाविस्सं पुनःपुनः
गृहकारक मेषमानः त्वां दुःखा जाति पुनःपुनः ॥
गृहकारक दृष्टोऽसि न पुनर्गेहं करिष्यसि
सर्वे ते पार्श्वका भग्ना गृहकूटं विसंस्कृतम्
विसंस्कारगते चित्ते इहैव क्षयमध्यगाः ॥

છઠ્ઠા સૈકામાં ભારતયાત્રા કરી ગએલો ધર્મવીર ચીની ભિખ્ખુ હુએન્સંગ

એક રેડિયો-નાટિકા

બંને : नमो बुद्धाय । नमो बोधिसत्त्वाय । नमो जितेंद्रियाय ।

હુ૦ : પુરુષશ્રેષ્ઠને પ્રણિપાત હો. (બધા નમે છે)

બંને : હુન્સંગ! ભગવાનની વાણીની અમૃતધારા વહેવા દો.

હુ૦ : ભિખ્ખુઓ, ભગવાનની અમૃતવાણીની ધારા આ વહી :

અરે અલ્યા ઓ ઘર બાંધનારા
તૃષ્ણા તણું નામ ધરાવનારા
રહેનાર કો એ ઘરમાં નથી, બા
નથી હવે કાંઈ જરૂર તારી.

ત્રણે જણ : ભગવાનનો જય છે, બોધિસત્ત્વનો જય છે, જય છે.

[ત્રણે જણા ભાવાવેશમાં બુદ્ધને સાષ્ટાંગ પ્રણિપાત કરે છે.]

હુ૦ : ભિખ્ખુઓ! જન્મમરણની બેડીમાં તૃષ્ણાનો અંકોડો તૂટવાથી બેડી તૂટે છે; બેડી તૂટવાથી નિર્વાણ પ્રાપ્ત થાય છે. આ અમૃત ઉપદેશ ભગવાનનો છે. ભિખ્ખુઓ! મહાનુભાવ ભગવાન બોધિસત્ત્વને નમસ્કાર હો. ભગવાનને જ્યાં બોધિ પ્રાપ્ત થયો તે આર્યાવર્તને નમસ્કાર હો!

(ત્રણે જણા સાષ્ટાંગ કરી ધીમેધીમે બહાર જાય છે.)

પડદો

દૃશ્ય બીજું

સમય : તે જ દિવસની રાત્રી

સ્થળ : સૂવાનો ખંડ

પાત્રો : હુએન્સંગ અને પહેલો સહાધ્યાયી

[બંને ધીમેધીમે વાર્તાલાપ કરે છે.]

સહાધ્યાયી : હુન્સંગ! ભગવાનનો બોધ આજે ચીન વિસર્યું છે અને ધર્મનું સુકાન પાખંડીઓના હાથમાં છે, જેથી ધર્મને ઠેકાણે અધર્મ ઘૂસી ગયો છે એ વાત તો ખરી. પણ ભાઇ! એનો ઉપાય શો? વળી ગાજરના પીપૂડી કોણ સાંભળશે?

હુ૦ : મિત્ર, ધર્મનું જ્યાં મૂળ છે ત્યાં એની ભાળ કાઢવી તે ભિખ્ખુની ફરજ છે. (હુએન્સંગની આંખો ઊંડી ઊતરે છે અને તેની દૃષ્ટિ હિંદની દિશાએ વળે છે.)

સહાધ્યાયી : પણ તે તો અશક્ય! રાજસત્તાના ફરમાનની તમને ક્યાં ખબર નથી? દેશની બહાર પગ મૂકનારનો પગ નહિ પણ માથું જાય છે. (એની આંખોમાં ભય લાગે છે.)

હુ૦ : (આંખોમાં અભય છે; શાંતિ અને મક્કમતાથી બોલે છે :)

ન ભાખું રાજ-આદેશ, બુદ્ધિ-આદેશ એક છે;
ન પાખું ધર્મ આદેશ . . . . .

[એટલામાં બીજો સહાધ્યાયી બારણામાં ઊભો રહીને ખોંખારે છે; અને હુએન્સંગની નજર તેની ઉપર પડે છે.]

હુ૦ : મિત્ર!

૨જો : અંધકારમાં!

૧લો તથા સાચ્ચે જ, સાચ્ચે જ.

૨જો : રાત ખૂબ વીતી છે, માટે સૂઓ તો ઠીક; સવારે ચર્ચા કરજો.

હુ૦ : ભિખ્ખુ! ભગવાનના ધર્મને રાત્રિ નથી.

૨જો : ભગવાનના ધર્મને પ્રાતઃકાળ છે.

હુ૦ : બુદ્ધના બોધિનો દીપ,

૧લો : સ્વદેશી પ્રકટાવશે;

૨જો : હૃદયથી જ્ઞાનનું તેલ,

હુ૦ : ભિખ્ખુ! હુન્સંગ લાવશે.

૨જો : હેં?!

હુ૦ : હા; રાજસત્તાની આગળ ધર્મસત્તા નહિ ડગે, ભિખ્ખુ!

૨જો : પણ ચીન ને હિંદ વચ્ચે રાજસત્તાથી પણ મોટી કુદરતી સત્તા છે; રાજસત્તા ઉલ્લંઘાશે, પણ હિમાલયની સત્તા નહિ ઉલ્લંઘાય.

હુ૦ : ભગવાનની કૃપાએ જો અજ્ઞાનનો પહાડ ઓળંગાય તો બરફના પહાડ અઘરા નથી. માર્ગદર્શક જ્યાં ભગવાન છે, ત્યાં શંકાઓને સ્થાન નથી. મિત્રો! આજે રાત્રીનો ત્રીજો પ્રહર થતાં ચીન છોડીશ.

[ત્રણે મૌન રાખે છે. દરેકની આંખો મીંચાય છે. સૌ ધ્યાનમાં ડૂબે છે. થોડી વારે હુએન્સંગ ધીરા ઘેરા અવાજે बुद्धं शरणं गच्छामि બોલે છે. બીજાઓ તે ઉપાડી લે છે અને તેની પુનરાવૃત્તિઓ થાય છે. વાતાવરણની નીરવ શાંતિમાં પડદો પડે છે.]

દૃશ્ય ત્રીજું

[ગંગા નદીમાં એક નાવ ચાલી રહી છે. નાવમાં કેટલાક મુસાફરો છે. એમાંનો એક હુએન્સંગ છે. તે ધ્યાનમગ્ન બેઠો છે. એટલામાં ચારે તરફથી શોરબકોર થાય છે. પાછળ ચાંચિયા પડ્યા છે એવી બૂમો સંભળાય છે.]

૧લો મુસાફર : આવી બન્યું મારા બાપ! (પોતાની સ્ત્રીને) અલ્યાં ઓ! તમારો દરદાગીનો સંતાડી દો, નીકર તમે તો જશો પણ જોડે દાગીનો યે જશે!

૨જો મુસાફર : પ્રભુ કરે તે ખરૂં.

૩જો મુસાફર : અલ્યા પેલો ચૂંચિયો સાધુ તો જુઓ! નથી હાલતો કે ચાલતો!

૧લો મુસાફર : નાગો ન્હાય શું ને નીચોવે શું? એને શું ખોવાનું છે?

૩જો મુસાફર : પણ એ જાણતો ન હોય! લાવ જગાર દંઢોળી જોઇએ! (હુએન્સંગની પાસે જાય છે) એ સાધુ! ઊઠો. ચાંચિયા પાછળ પડ્યા છે. (હુએન્સંગ તેની સામે જુએ છે.)

હુ૦ : ભાઈ! કાળ ચાંચિયો જીવ પ્રવાસીની પાછળ પડેલો જ છે. પણ મૂડી નથી ત્યાં લૂંટાવાનું શું? તૃષ્ણા નથી ત્યાં ખોવાનું શું?

૨જો મુસાફર : મહારાજ! સાચી વાત છે. આપને અમે અમારા જેવા કલ્પ્યા તે અમારી ભૂલ.

૧લો મુસાફર : પણ મહારાજ! ચાંચિયા તમારી પાસે મૂડી છે કે નહિ તે પૂછવા નથી રહેવાના. તૃષ્ણા હશે તો યે જીવથી જશો, નહિ હોય તો યે જશો.

હુ૦ : પણ ભાઈ! 'મારૂં' એવું આ શરીરમાં કંઇ છે જ નહિ. નથી શરીર મારૂં કે નથી હું શરીર. વાસનાથી શરીર બંધાય છે, ને વાસનાથી શરીર મારૂં લાગે છે. વાસના જતાં 'મારૂં' એવું કશું રહેતું નથી.

૩જો મુસાફર : ખબર પડશે હમણાં! ચાંચિયાઓને ઉપદેશ કરશો તે પહેલાં શમશરણ થશો.

હુ૦ : (મક્કમતાથી) જે બુદ્ધશરણ છે તેને બીજું શરણ નથી.

૧લો મુસાફર : અલ્યા, આ તો 'બુધડું' છે!

૩જો મુસાફર : મહારાજ ! હિંદુસ્તાનમાં તો બુદ્ધશરણવાળા કાળના કોળિયા થઇ ગયા. તમે બાકી રહ્યા હતા તે આવી પહોંચ્યા!

રજો મુસાફર : ભાઇઓ ! એક સાધુની સાથે આમ વાત કરવી તે યોગ્ય નથી. બુદ્ધ પણ અવતાર જ હતા ને? (એટલામાં શોરબકોર વધે છે. ચાંચિયા છેક નજીક આવી જાય છે)

બીજા બે : અરે, આ ચાંચિયાઓ આવી ચડયા !

[નાવ ઉપર ઉઘાડી તલવારે પાંચ છ ચાંચિયા ધસી આવે છે. બધા જ પ્રવાસીઓ દોડાદોડ કરે છે ને બૂમો પાડે છે. હુએન્સંગ પૂરી શાંતિથી લેશમાત્ર ક્ષોભ વગર બેસી રહે છે. તેને નીડરતાથી બેઠેલો જોઈ ચાંચિયાનો સરદાર ગુસ્સે થાય છે.]

સરદાર : અલ્યા એ ચૂંચળા ચીનિયા ! થા ઊભો ને કાઢ માલમત્તા ! નીકર જીવથી ગયો જાણજે. (હુએન્સંગ ચાંચીઆ તરફ બોલ્યા વગર સ્થિર દૃષ્ટિ ફેંકે છે.) અલ્યા ! આ તારી કોડિયાં જેવડી આંખ્યા ફૂટી ગઇ જાણજે ! મેં ઉઘાડ નીકર જીભડી ખેંચી કાઢીશ ! (બધા ચાંચિયાઓની તથા મુસાફરોની નજર ત્યાં પડે છે)

૧લો મુસાફર : બાપુ, સરદારજી ! અમે તો હિંદુ યાત્રીઓ છીએ. યાત્રીઓની છેડતી આપ ન કરો.

૩જો મુસાફર : સરદારજી ! એ સાળો 'બુધડો' છે. બોલતો નથી, પણ ગાંઠે ઘણી યે માલમત્તા છે. (રજા મુસાફરને ઉદ્દેશી) કેમ ભાઈ ?

રજો મુસાફર : (ધૃણાથી ૩જા મુસાફર તરફ જોઈ રહે છે અને તેને ઉદ્દેશી ઘણાજ ધીરા અવાજે બોલે છે) દુષ્ટ ! (એટલામાં ચાંચિયાનો સરદાર હુએન્સંગ સામે તલવાર ઉગામે છે એટલે રજો મુસાફર એકદમ બોલી ઊઠે છે) દુષ્ટો ! એક સાધુને સતાવતાં તમને શરમ નથી આવતી ?

સરદાર : બુધડાં તો ગયાં આ દેશમાંથી ! ઊભો રહે તું સાધુના સાથી ! (એમ બોલી રજા મુસાફર તરફ ધસવા જાય છે ત્યાં તો હુએન્સંગ ઊભો થઇને ચાંચિયાની છાતી સામે છાતી રાખી તેના ઉપર સ્થિર દૃષ્ટિ ફેંકે છે.)

હુ૦ : વત્સ ! બુધડાં ગયાં ને હું બુધડું પણ જઇશ ! પણ બુદ્ધ તો અમર છે. વત્સ ! મારી માલમત્તા ભગવાન બુદ્ધ છે. તે તું લૂંટી શકે તો લૂંટ. (હુએન્સંગની દૃષ્ટિના પ્રતાપથી અને તેના અભયથી સરદાર ચકિત થઇ જાય છે) વત્સ ! તું લૂંટતાં થાકી જઈશ, અને એક નહિ પણ અનેક જન્મ એ લૂંટ માટે ઓછા પડશે. લે શરૂ કર આ કફનીથી. (એટલું બોલી પોતાનો પીળો ઝભ્ભો ઉતારીને આપવા જાય છે. ચાંચિયાના હાથ ઢીલા પડી જાય છે અને આ વીતરાગ સાધુની શાંતિ અને અભયથી તે ઝંખવાણો પડી જાય છે. ઝભ્ભો લઇ શકતો નથી) લે, ભિખ્ખુના ઝભ્ભાનો ભાર સહન કર. સહન કરવાની શક્તિ ભગવાન બુદ્ધ પાસે માગ. તું સાચો લૂંટારો હશે તો ભગવાન તે શકિત તને આપશે.

[ચાંચિયો ઢીલો થઈ જાય છે. તેની આંખો નરમ પડી જાય છે. તેની ડોકી નમી પડે છે. ઝભ્ભો લઇ શકતો નથી.]

સરદાર : (ઘણા ધીરા સાદે) મહારાજ ! ક્ષમા કરશો. આપ સાધુપુરુષનો ઝભ્ભો મારા અંગે ન શોભે. હું સાચો લૂંટારો નથી.

હુ૦ : કંઈ નહિ; ભૂલ્યો ત્યાંથી ફરી ગણ. સાચો લૂંટારો થા.

સરદાર : શી રીતે ?

હુ૦ : ભય આપીને નહિ, અભય મેળવીને.

સરદાર : શી રીતે મહારાજ ?

હુ૦ : સત્યની લૂંટ કરીને.

સરદાર : તે શી રીતે મહારાજ ?

હુ૦ : બોધિસત્ત્વને શરણે જઇ.

સરદાર : પાય પડું, મહારાજ ! (ચાંચિયો હુએન્સંગના પગે બાઝી પડે છે અને હુએન્સંગના પગ ઉપર આંસુનો અભિષેક થાય છે.)

હુ૦ : ભિખ્ખુ ! ઊભો થા. આ ઝભ્ભો તારો છે. ધારણ કર.

[પશ્ચિમ દિશામાંથી પવનની શીતલ લહરી ફૂંકાય છે. નાવ ચાલે છે, અને મહાત્મા હુએન્સંગ સિવાય બધા બેસી ગયા છે. ચાંચિયો હુએન્સંગના પગ આગળ સાષ્ટાંગ કરી પડયો છે. એના ખભે પીળી કફની છે. હુએન્સંગ ધીરા ઘેરા સાદે बुद्ध शरणं गच्छामि। धर्मं शरणं गच्छामि। संघं शरणं गच्छामि। એમ બોલે છે. ચાંચિયો હુએન્સંગના પગે માથું રાખી એ પ્રમાણે ધીમેથી ઉપાડે છે, અને ધીમે ધીમે બધાજ મુસાફરો એ પ્રમાણે ઉપાડે છે. પડદો પડે છે]

દૃશ્ય ચોથું

સ્થળ : નાલંદ.

પાત્રો : નાલંદના બે અધ્યાપકો અને કેટલાક વિદ્યાર્થીઓ.

[હુએન્સંગનું સ્વાગત કરવા ઠઠ જામી છે. કિનારે નાવ આવતું જણાય છે. નાવ આવી જાય છે અને અધ્યાપકો હુએન્સંગને ભેટે છે. વિદ્યાર્થીઓ નીચે પ્રમાણે સ્વાગતગીત ગાય છે]

ધન્ય છે ધન્ય તમોને ધીર !
તમે છો ધર્મવીર, ભડવીર !
ખૂંદીને સારું તુર્કસ્તાન,
વીંધીને હિન્દુકુશ ખોતાન,
પધાર્યા આપ હિંદુસ્તાન,
થઇને કાશગર પામીર !
ધન્ય છે ધન્ય તમોને ધીર !
તમે છો કર્મવીર, ભડવીર ;

૧લો અધ્યાપક : પધારો ભિખ્ખુજી ! ચીનના ધર્મચેતનની જ્યોતથી હિન્દને ઉજાળો.

હુ૦ : ભગવાનના આર્યાવર્તને ચીન નમે છે. (હુએન્સંગ વિનયથી નમે છે) ચીન તો અંધકારે વીંટયું છે; જ્યારે,

પ્રકાશે ચંદ્રમા જેવું, બુદ્ધનું આર્યાવર્ત આ;
સાધુસંતો તણી જેમાં, વિકાસે જ્ઞાનકૌમુદી.

[બધા વિદ્યાપીઠ તરફ જાય છે]

રજો અધ્યાપક : શી ઈચ્છા, ભિખ્ખુજી !

હુ૦ : ભગવાનની ભૂમિનાં દર્શનની.

૧લો અધ્યાપક : નાલંદને તત્ત્વચર્ચાનો લાભ આપવો પડશે.

હુ૦ : લેવા આવ્યો છું; આપવાનું કંઈ નથી. માફ કરશો.

રજો અધ્યાપક : ભિખ્ખુજી ! આપવાલેવાનાં કાટલાં જુદાં રાખશો તે નહિ ચાલે. હિંદની વ્યવહારૂતા જતું કરે તેમ નથી.

હુ૦ : હિંદ ગુરુ છે, ચીન શિષ્ય છે.

રજો અધ્યાપક : ગુરુદક્ષિણાનો રિવાજ છે.

હુ૦ : ગરીબ શિષ્ય સેવા આપે છે. (બધા હસે છે.)

૧લો અધ્યાપક : તત્ત્વચર્ચાની સાથે દેશચર્ચા પણ આપે કરી છે કેમ, અમારો મુલક કેવો લાગ્યો ?

હુ૦ : ભગવાનની ભૂમિ ભક્તને લાગે તેવો.

રજો અધ્યાપક : આપનો અનુપમ ચિનાઈ વિવેક અમને દરેક રીતે નિરુત્તર કરે છે.

૧લો અધ્યાપક : આપ આર્યાવર્તનો કંઈક વૃત્તાન્ત પણ લખી રહ્યા છો, એવું સાંભળ્યું છે.

આ અંક સાથે આપનું લવાજમ પૂરૂં થાય છે

★ સિવાય કે આપ અધવચ્ચેથી ગ્રાહક થયા હો ★

તે માટે આ અંક ઉપર વીંટાળેલું રૅપર જુઓ. તેમાં આપના નામની બાજુએ લખેલા ગ્રાહક નંબરની આસપાસ જો લાલ કુંડાળું કરેલું હોય તો આપનું લવાજમ આ અંક સાથે પૂરૂં થાય છે એમ સમજી લેશો.

અમારી તો ખાત્રી છે કે આ બાર માસ સુધી 'કુમાર'નો સંપર્ક પામ્યા પછી આપ તેના ગ્રાહક રહેવાના જ છો; કેમકે એના જેટલું વિશુદ્ધ, સંગીન ને જીવનનો ઉત્તમોત્તમ પ્રસાદ આપતું સાહિત્ય, તથા સંખ્યા ને સંગીનતામાં ચડી જાય એવાં સંસ્કારી કલાભાવનાવાળાં ચિત્રો સમસ્ત ગુજરાતી માસિકપત્રોમાં ભાગ્યે જ બીજા કોઇએ આપ્યાં છે. એનું વિષયવૈવિધ્ય, જ્ઞાનમયતા અને રસભરતા, એની ચિત્રમયતા, રૂપવિધાન ને રંગમયતા ગુજરાતી માસિકોમાં સદા અજોડ રહ્યાં છે. અને એની સાબિતી તો ગ્રાહકો જ આપી રહે છે. અમારી ગ્રાહક સંખ્યા વર્ષોવર્ષ વધતી જાય છે અને અગાઉ કદિ ન હતી તેટલી આજે છે. અમારી ખાતરી છે કે એ ભરતીમાં આપ ઓટ આવવા દેવાના નથી.

તો કૃપા કરી તા. ૧૫-૧-૪૭ પહેલાં આપ ચોંપ રાખીને અમને આપની ઈચ્છા જણાવશો ?

લવાજમ (રૂા. ૬–૦–૦) ભરવાની પદ્ધતિઓ :

મનીઑર્ડર કરવો એ સૌથી ઓછું ખર્ચાળ છે. ૬–૨–૦માં થઈ જશે.

એજન્ટો મારફત લવાજમ ભરતા ગ્રાહકોએ એજન્ટોને ૬–૨–૦ ભરવા વિનતિ છે.

ચેકથી મોકલનારાઓએ મુંબાઈ–અમદાવાદ સિવાયની બેંકો પરના ચેક ઉપર લાગતા કમિશનની રકમ સાથે જ મોકલવી.

વી. પી. થી મંગાવતાં આપને ૬–૫–૦ બેસશે. **પરદેશના** ગ્રાહકોએ રૂપિયા ૭–૮–૦ અગર ૧૨ શિલિંગ મોકલવા.

આપ આમાંથી કઈ પદ્ધતિએ લવાજમ મોકલો છો તે લખી જણાવવા કૃપા કરશો.

ટપાલમાં કાગળો સાથે નોટો બીડશો નહિ. એ જોખમભર્યું ને ગુનાહિત છે. અને ગુમ થશે તો અમે જવાબદાર નથી.

અને ગ્રાહક ન રહેવું હોય તોપણ કૃપા કરી તેના ખબર તો આપશો જ, કે જેથી અમે વી. પી. કરવાના નાહકના ખર્ચમાં ન ઊતરીએ. એથી આપને માત્ર થોડી તકલીફ જ છે; પણ અમારે તો સવાત્રણ આનાનું પોસ્ટેજ રદ જશે, અને એ અથડામણમાં અંક ચુંથાઇને પાછો આવશે.

કોઈ સંજોગોમાં તા. ૧૫મી જાન્યુઆરી સુધીમાં આપનો નિર્ણય અમને નહિ મળે, તો આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવાના છો એમ સમજીને આવતો અંક વી. પી. કરીશું, તે સ્વીકારી લેવા કૃપા કરશો.

હુ૦ : નાલંદની સર્વજ્ઞતા વિશ્વવિખ્યાત છે. મારાથી ના કેમ પડાય? આપને ક્યાંથી ખબર પડી?

૧લો : એક ભિખ્ખુ કનોજથી આવેલા, તેમણે વાત કરી. આપ હર્ષદેવના મહેમાન હતા તે જાણ્યું. પુસ્તકની રમૂજી વાતો પણ જાણી.

હુ૦ : અમને ચીનાઓને ક્ષુદ્ર બાબતો ઉપર ધ્યાન આપવાની કુટેવ છે; અને અમે હાસ્યપાત્ર બનીએ છીએ. આશા છે કે ઉદારતાથી દરગુજર કરશો. [એટલામાં વિદ્યાપીઠ આવે છે એના પ્રવેશદ્વાર આગળ હુએન્સંગ ઊભો રહે છે અને ભાવથી નમન કરે છે. પછી બધાં અંદર પ્રવેશે છે.]

૧લો અધ્યાપક : આપ સ્નાન કરી લો. ભોજન તૈયાર છે. આશા છે કે હિંદની આ વિચિત્ર પદ્ધતિને આપ ઉદારતાથી દરગુજર કરશો.

હુ૦ : હિંદમાં આવ્યા અગાઉ ભોજન કરીને સ્નાન કરવાની વિચિત્ર પદ્ધતિ હતી! હવે એ વિચિત્ર પદ્ધતિનો ત્યાગ કર્યો છે.

રજો અધ્યાપક : હિંદુસ્તાનના રિવાજને આપ માન આપો છો તેથી હિંદ કૃતકૃત્ય છે. છતાં, ચીનના રિવાજનો હિંદ અજાણતાં અપરાધ કર્યો હોય તો આપ દરગુજર કરશો.

હુ૦: અયોગ્ય એવો એકે રિવાજ હિંદમાં મેં હજુ સુધી જોયો નથી.

૧લો અધ્યાપક : આપની દૃષ્ટિની નિર્મળતાને લીધે.

હુ૦ : હિંદમાં તો આંતરશુદ્ધિ અને બાહ્યશુદ્ધિ ઉભય છે. જેવાં અંત:કરણ ચોખ્ખાં છે, તેવા પોષાક પણ ચોકખા અને સફેદ છે. જેવાં દિલ ખુલ્લાં છે, તેવા પોષાક પણ સીવ્યા વિનાના ખુલ્લા છે. જેવી દૃષ્ટિ ભરીભરી અને વિશાળ છે, તેવી આંખો પણ ભરીભરી અને વિશાળ છે. વાશી મન ને વાશી અન્ન ઉભય તરફ હિંદને અણગમો છે જે હાથ ખેતી કરે છે, તે હાથ લણે છે; અને જે હાથ લણે છે તે હાથ પકાવે છે. આમ હિંદ એક હાથે ચાર કામ કરે છે અમને ચીનાઓને પ્રભુએ બનાવેલો હાથ નથી જમાડતો, પણ મનુષ્યે બનાવેલી નાનીનાની સળીઓ જમાડે છે. પ્રભુ હિંદુસ્તાનની વધારે નજીક છે તેનો આ પ્રત્યક્ષ પુરાવો છે. (ચોમેર ધીમું હાસ્ય ફેલાય છે.)

૧લો અધ્યાપક : હિંદુસ્તાન આપના અભિપ્રાય પ્રમાણે છે તો નહિ, પણ થવા સદા પ્રયત્ન કરશે હવે આપ સ્નાન કરવા તસ્દી લેશો.

[હુએન્સંગ સ્નાન કરવા જાય છે થોડી વારમાં આવે છે અને સ્વચ્છ કપડાંમાં ઊભો રહે છે.]

૧લો અધ્યાપક : ભિખ્ખુજી ! ચૈત્યમાં જઈ પછી ભોજનવિધિ કરીએ. પધારો આ રસ્તે. (હુએન્સંગ બંને અધ્યાપકો સાથે જાય છે.)

[દૃશ્ય એકદમ બદલાય છે. ચૈત્યમાં અધ્યાપકો તથા વિદ્યાર્થીઓની ઠઠ જામી છે. હુએન્સંગને બધા વિનયથી નમે છે. પછી ભગવાન બુદ્ધની આરતી થાય છે. થોડી વાર શાંતિ પ્રસરે છે. બાદ બધા હુએન્સંગ તરફ જુએ છે. હુએન્સંગ નીચે પ્રમાણે પ્રાર્થના કરે છે:]

ભૂમિ સારી અધર્મ ને અનિયમે જ્યારે હતી વ્યાપી'તી,
ત્યારે દીધે સુગુપ્તિને ત્યજી દઈ પાયા મહાકાર્યમાં.
ને જે આપસ્વભાવસિદ્ધ કરુણાથી બોધિએ વિસ્તર્યાં,
સત્તાધારી મહા પ્રબુદ્ધ પ્રભુને સાષ્ટાંગ હ્યુએન્સંગના

[એટલું બોલી હ્યુએન્સંગ ભગવાન બુદ્ધની મૂર્તિ આગળ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે. બધા જ પછી તે પ્રમાણે કરે છે અને ધીમેધીમે વિખરાય છે. બંને અધ્યાપકો હ્યુએન્સંગની પાસે વિનયથી આવે છે.]

૧લો અધ્યાપક : ભગવાન ! સાષ્ટાંગ નાલંદના ! પ્રાર્થના એકલા હ્યુએન્સંગની મટી હવે નાલંદની થશે માટે.

૨જો અધ્યાપક : આપ્યા એ જ દહાડે આપે તો નાલંદને ચોપડે પ્રાર્થના જમે કરાવી નાલંદને ઋણી કર્યું.

હ્યુ૦ : ભગવાનની ભૂમિને ઋણી કરવાની ન હોય, તેનું ઋણ યથાશક્તિ વાળવાનું હોય. (बुद्धं शरणं गच्छामि । धर्मं शरणं गच्छामि । संघं शरणं गच्छामि । એવો ઘોષ કરે છે. બધા ઉપાડે છે. પડદો પડે છે.)

દૃશ્ય પાંચમું

સમય : વીસ વર્ષ બાદ.

સ્થળ : ચીનનું વિદ્યાપીઠ

પાત્રો : વૃદ્ધ હ્યુએન્સંગ અને પહેલાંના સહાધ્યાયીઓ.

[હ્યુએન્સંગ એક આંગળી લમણે રાખીને બેઠો છે બાજુમાં બે સહાધ્યાયીઓ છે. હસ્તલિખિત પુસ્તકોના ગુટકા પડ્યા છે. હ્યુએન્સંગના મોં પર આધ્યાત્મિક તેજ પ્રસરી રહ્યું છે. તેની આંખોમાં આત્મશોધનો સંતોષ છે.]

૧લો સહાધ્યાયી : ભગવન્ ! ચીનમાં પ્રાતઃકાળ થયો છે.

૨જો સહાધ્યાયી : ભગવન્ ! ચીનમાં મધ્યાહ્ન થશે.

હ્યુ૦ : મારા જીવનનો તો સાયંકાળ થઈ ચૂક્યો છે. મારા સમાન ઘણા યે થશે અને જશે, પરંતુ આ નિરવધિ કાલ ને અનંત પૃથ્વીમાં ફક્ત એક જ બુદ્ધ છે અને હશે. (बुद्धं शरणं गच्छामि । धर्मं शरणं गच्छामि । संघं शरणं गच्छामि । એવી ધીમી ધેરી ધૂન ચાલે છે અને પડદો ઘણો જ ધીમેથી પડે છે.)

('રણછોડલાલ અને બીજાં નાટકો' નામના લેખકના આગામી સંગ્રહમાંથી–લેખક તથા ઑલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી)

શ્રી શરદીન્દુ બંદોપાધ્યાયની એક લઘુ-કથા

ઇચ્છાશક્તિ

મનોવિજ્ઞાનના એક મહાવિદ્વાન કહી ગયા છે કે એવું એક પણ કાર્ય નથી જે ઇચ્છાશક્તિ દ્વારા શકય ન હોય. તમારી ઇચ્છાશક્તિ જો પ્રબળ હશે તો તમે ધાર્યું કરી શકશો,—ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરી શકશો. એ માટે તમારે બહુ કંઇ જ કરવાનું નથી, માત્ર મનમાંની ઇચ્છાને પ્રબળ—અતિ પ્રબળ કરવાની છે, અદમ્ય બનાવવાની છે. પ્રાચીન કાળના ઋષિમુનિઓ એ જાણતા, તેથી જ રામાયણ-મહાભારતમાં આટઆટલાં વરદાન અને શાપ આપવાં-મેળવવાં શકય બન્યાં છે.

એમની વાત સાચી છે કે ખોટી એની ખબર નથી, પણ મનમાં એક વાસના થોડા દિવસ થયાં જાગી હતી, ગુંજન કરી રહી હતી. ખાસ બહુ મોટી ઇચ્છા યે ન હતી, તદ્દન સાધારણ એવી જ ઇચ્છા હતી. વિચાર્યું, જોવા દેને! માત્ર ઇચ્છાશક્તિને જોરે ધારી વસ્તુ મેળવી શકાય છે કે નહિ?

બેશક, મારી ઇચ્છિત વસ્તુ એવી કંઇ અપ્રાપ્ય નહોતી. એ હતી એક ફાઉન્ટન પેન. હું લેખક છું એ સ્વીકારતાં મને જરા યે શરમ નથી. હું ચાહું છું એક ફાઉન્ટ પેન. મારી પાસે એક તો છે યે ખરી. પણ મનગમતી વસ્તુ ફક્ત એક જ વસાવ્યે સંતોષ ઓછો જ થાય છે? જૂના જમાનામાં રાજાઓ આટઆટલી રાણીઓ શા માટે કરતા? પૈસાદારો પુષ્કળ પૈસા પાછળ કેમ દોડે છે? હું યે ઇચ્છતો હતો એક વધુ ફાઉન્ટન પેન. પણ લડાઈના આ દિવસોમાં એના દામ એટલા તો વધી ગયા હતા કે મારા જેવા એક સામાન્ય લેખકની વાત તો દૂર રહી, પણ હૈદ્રાબાદના નિઝામ સિવાય કોઈ સારી ફાઉન્ટન પેન ખરીદી શકે એ મને તો શકય જ નહોતું લાગતું!

એથી હું ઇચ્છાશક્તિને પ્રબળ—પ્રબળતર કરવા મંડયો. વિચારતોઃ હું લેખક છું; ખાસ કંઇ મોટું લખતો નથી. નિઝામ જેવું કોઈક મને સારી ફાઉન્ટન પેન ભેટ આપે તો એ શું અપાત્રે ગણાય?

ઇચ્છાશક્તિને કઇ રીતે પ્રબળતર કરી અદમ્ય બનાવાય એ જાણતો ન હોવા છતાં હું જળોની જેમ એને ચોંટયો જ રહ્યો. દિવસ-રાત પેનના જ વિચારો કર્યા કરતો. 'પેન આવો, પેન આવો' એ સિવાય બીજું કંઇ બોલતો કે વિચારતો જ નહિ.

થોડા દિવસ એ રીતે જ ગયા, પણ ફાઉન્ટન પેનનાં દર્શન ન થયાં. એક દિવસ કંઈ બહાર જવાનું થયું. આમ તો હું 'ચહલ-કદમી'માં (પગપાળું ચાલવામાં) જ માનું છું; (ખિસું ખાલી હોય તો સહેજે જ તો!) પણ કંઇક ઉતાવળનું કામ હોઇને ટ્રામમાં બેઠેલો છતાં ટ્રામમાં બેઠાંબેઠાં પણ હું પેનના વિચારમાં એટલો તો લીન—તલ્લીન હતો કે બીજા કશાનો ખ્યાલ સુદ્ધાં ન હતો. ઘેર પાછા ફરીને જોયું તો મારા ખિસામાંથી મારી ચાલુ પેન જ કોઇક ઉઠાવી ગયું હતું!

થોડી વાર તો હું દિગ્મૂઢ જ બની ગયો. પછી ક્રોધથી સળગી ઊઠયો. કયાં હું વિચારતો હતો 'પેન આવો–પેન આવો'નું પેન આવાહન સૂત્ર, અને કયાં કો'ક સાળો-સુત મારા ખિસામાંથી એક હતી તે પેન પણ તિકડમ્ કરી ગયો! ઇચ્છાશક્તિ ફળી, પણ અવળી! પેલો વિદ્વાન મળી જાય તો એનું માથું જ ફોડી નાખું!

થોડા દિવસ તો કંઇ જ ન ગમ્યું. એ પછી ઓચિંતું એક દિ' કો'ક અપરિચિત વ્યક્તિ તરફથી એક પોસ્ટ-પાર્સલ આવી મળ્યું. એમાં એક ફાઉન્ટન પેન ને એક કાગળ હતાં. કાગળમાં લખ્યું હતું કે એ મારી કૃતિઓનો પ્રેમી વાચક છે અને એ પ્રેમના પ્રતીક રૂપે મને આ પેન ભેટ મોકલે છે. હું એનો ઉપયોગ કરીશ તો પોતે ધન્ય થશે.

સુંદર સોનેરી બાકસમાંથી મેં પેન બહાર કાઢી. એ બરાબર મારી ખોવાએલી પેનની જ જોડી હતી, પણ નવેનવી, મઝાની ચમકતી.

એકાએક જાણે કે આંચકો વાગ્યો. હું ઝીણવટથી જોવા લાગ્યો. પેન પર એક ડાઘ હતો—બરાબર મારી પેન ઉપર હતો એવો જ!

ઇચ્છાશક્તિની આ કેવી રમૂજ! મારી જ ગુમ થયેલી ફાઉન્ટન, મારા કોઈ પ્રેમી વાચકે સસ્તામાં ખરીદી, પૉલિશ-બૉલિશ કરી નવા જેવી બનાવીને નવા બાકસમાં મૂકી મને જ ભેટ મોકલી હતી!

પેલા મહાવિદ્વાન હજી મને મળ્યા નથી. મળશે ત્યારે પૂછીશ કે ઇચ્છાશક્તિ આમ ઉલટસૂલટી કેમ કરે છે? રમણિક મેઘાણી

(ડિસેમ્બર ૧૯૪૧) ૪૭૨

મૂર્તિશાસ્ત્ર-પરિચય

વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા આપણો સામાન્ય શિક્ષિત જનસમુદાય પોતપોતાનાં ગામ કે સ્થળવિસ્તારમાંઆવેલા પ્રાચીન અવશેષોને ઓળખી શકે એ ઉદ્દેશથી લખાએલી આપણી પ્રાચીન પ્રતિમાઓને ઓળખવાનું જ્ઞાન આપતી, ગયા વર્ષમાં શરૂ થએલી આ ઉપયોગી લેખમાળાનો આ પહેલાંનો 'બ્રહ્મા' વિષેનો હપતો જાન્યુઆરી (૨૬૫મા) અંકમાં આવેલો. આવતા વર્ષમાં પણ આ ચાલુ રહેશે.



૮–વિષ્ણુ અને તેના અવતાર

વિષ્ણુની પ્રતિમાથી આપણો જનસમાજ સામાન્યરીતે તો પરિચિત હોય છે. વિષ્ણુને ચાર હાથ હોય છે અને તેમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલાં હોય છે. તેનું વાહન ગરુડ ને મુકુટનો પ્રકાર 'કિરીટ મુકુટ'નો હોય છે. વળી એમના વક્ષસ્થળ પર (છાતીની વચ્ચે જ્યાં વાળ હોય છે ત્યાં) વચ્ચે 'શ્રીવત્સ' નામનું ચિહ્ન હોય છે. આ ચિહ્ન જૈન તીર્થંકરોની પ્રતિમાઓમાં ખાસ જોવામાં આવે છે. વિષ્ણુને બે ભાર્યા છે. જમણી બાજુ લક્ષ્મી (શ્રી અગર શ્રીદેવી), અને ડાબી બાજુએ પૃથ્વી (મહીદેવી) બેઠેલી હોય છે. પણ આ બંનેમાં લક્ષ્મી મુખ્ય છે. વિષ્ણુની બેડી પ્રતિમા હોય ત્યારે તેનું આસન મોટે ભાગે પદ્માસન હોય છે.

પ્રકાર

વિષ્ણુની પ્રતિમાઓ મુખ્યત્વે બે પ્રકારની હોય છે: (૧) મુખ્ય વિષ્ણુની; અને (૨) તેના અવતારોની. તેમાં મુખ્ય વિષ્ણુની પ્રતિમાઓમાં છ પ્રકારો હોય છે.

(૧) અનંતશાયિન (અનંતશાયી, શેષશાયી, પદ્મનાથ, રંગનાથ અને જળશયન આ એક જ પ્રકારની પ્રતિમાના જુદાંજુદાં નામો છે): એમાં વિષ્ણુ શેષનાગનું આસન કરી પોઢેલા હોય છે અને તેમના નાભિમાંથી પ્રગટેલા કમળ પર બ્રહ્મા બેઠા હોય છે તથા લક્ષ્મી તેમની સેવા કરતાં હોય છે.

(૨) વૈકુંઠનારાયણ: એમાં શેષનું ઊંચું આસન કરીને બેઠેલા હોય છે (સૂતેલા નહિ) અને નીચે લક્ષ્મી હાથ જોડીને બેઠાં હોય છે.

(૩) લક્ષ્મીનારાયણ: એમાં વિષ્ણુ પદ્માસન પર વામાંગમાં લક્ષ્મીને લઇને બેઠા હોય છે.

(૪) ગરુડનારાયણ: ગરુડને આસન કરીને બેઠેલા વિષ્ણુ. એમના એક હાથમાં ધનુષ્ય, બીજામાં બાણ અને બાકીના બેમાં શંખ અને ચક્ર હોય છે.







વિષ્ણુના અવતારોની કેટલીક વિશિષ્ટ અને પ્રાચીન મૂર્તિઓ: (ડાબી બાજુ) મધ્ય હિંદમાં આવેલા ખજુરાહોના અતિપ્રાચીન ને સુંદરતમ મનાએલા મંદિરમાંની વરાહમૂર્તિ, જેના મુખ આગળના હાથ પર, પૃથ્વીદેવીની નાની ખંડિત મૂર્તિ બેઠેલી દર્શાવેલી છે, અને પગ નીચે નાગમૂર્તિઓ ચંપાએલી દર્શાવી છે. (વચ્ચે) ઢાકાના વજ્રયોગિનીના મંદિરમાંની મત્સ્યાવતારની સુંદર મૂર્તિ; (જમણી બાજુ) સીરોહી સ્ટેટમાં આવેલા દેવાંગણ (અનાદરા)માં આવેલી છેક ઈ. ૧૧૦૦ની સાલ આસપાસની નરસિંહાવતારની આ મૂર્તિ પ્રાચીન ગુજરાતી શિલ્પકળાનો એક નમૂનો છે. હિંદુ ધર્મશાસ્ત્રોમાં વર્ણવેલા વિષ્ણુના અવતારોનો ક્રમ, આપણી પૃથ્વી ઉપર જીવસૃષ્ટિ જે ક્રમમાં ઉત્ક્રાન્તિ પામતી ગયાનું આજના વિજ્ઞાને ઠરાવ્યું છે તે ક્રમને સહેજોખરો મળતો આવે છે, તે પરથી એક માન્યતા એવી છે કે પ્રાચીન કાલીન આપણા પૂર્વજોને એ વૈજ્ઞાનિક પ્રગતિક્રમનું જ્ઞાન હતું, અને તેથી જ તેમણે જીવસૃષ્ટિને ઈશ્વરનો અંશ કલ્પીને, ઇશ્વરે જ પોતાની એ લીલા વિસ્તારી છે એમ દર્શાવવા, ઈશ્વરના અવતાર રૂપે એ જ્ઞાનને નિર્દિષ્ટ કર્યું છે. આકસ્મિક આ જ અંકના અગ્ર પૃષ્ઠ ઉપર ચિત્રજ્ઞાન વિભાગના હપતા તરીકે ઉત્ક્રાન્તિક્રમનું જે ચિત્ર આપ્યું છે તેમાંનો જીવવિકાસના ક્રમ (દરિયાઇ જીવ, માછલાં, કાચબા, જંગલી પ્રાણીઓ, હિંસક પશુઓ વગેરે) સાથે વિષ્ણુના અવતારો મત્સ્યાવતાર, કૂર્માવતાર, વરાહાવતાર, નૃસિંહાવતાર આદિની સરખામણી કરીને એ માન્યતા ચકાસવા જેવી છે.







ડાબી બાજુ : જોડદેવળ (બંગાળ)માંની ત્રિવિક્રમની મૂર્તિના કરેલા આ રેખાંકનમાં મૂળ મૂર્તિની સાથેની ઉપમૂર્તિઓ નથી, તેમ જ મુખના ચહેરા ઉપરનો સુંદર ભાવ ઊતરી શકયો નથી. મૂળ મૂર્તિનું લાવણ્ય તથા ત્રિલોકને પગલાં વડે માપતા ત્રિવિક્રમનું વેગભર્યું આલેખન અદ્‌ભુત છે. એવી જ સુંદર અને શોભનસમૃદ્ધ મૂર્તિ, વચ્ચે બતાવેલી મ્હૈસુર રાજ્યમાં આવેલા હળેબીડના મંદિરમાંનાં વિખ્યાત શિલ્પમાંની કાલીયદમનની છે. છેડે બતાવેલી વેણુગોપાલની મૂર્તિ પણ દક્ષિણ ભારતની જ મૂર્તિકલાનો નમૂનો છે.

---

(૫) ગજેન્દ્રમોક્ષ : ગજને ગ્રાહથી બચાવતા વિષ્ણુનું આલેખન.

(૬) યોગેશ્વર વિષ્ણુ : કમલ પર યોગમુદ્રામાં બેઠેલા વિષ્ણુ.

અવતારોની પ્રતિમાઓ

વિષ્ણુના અવતારો ૨૪ ગણાય છે : વાસુદેવ, કેશવ, નારાયણ, માધવ, પુરુષોત્તમ, અધોક્ષજ, સંકર્ષણ, ગોવિંદ, વિષ્ણુ, મધુસૂદન, અચ્યુત, ઉપેન્દ્ર, પ્રદ્યુમ્ન, ત્રિવિક્રમ, વામન, શ્રીધર, નરસિંહ, જનાર્દન, અનિરુદ્ધ, હૃષીકેશ, પદ્મનાભ, દામોદર, હરિ અને કૃષ્ણ. શિલ્પશાસ્ત્રના કેટલાક ગ્રંથોમાં દત્તાત્રેયને પણ ૨૪ અવતારોમાંના ગણ્યા છે. આ ૨૪માંથી વાસુદેવ, સંકર્ષણ, કૃષ્ણ, વિષ્ણુ, ત્રિવિક્રમ, વામન, નરસિંહ અને પદ્મનાભ એટલાની મૂર્તિઓ મળી આવે છે; અગર તો તેમની ઉપાસના થતી હોવાનાં પ્રમાણો મળી આવે છે.

આ પૈકી પહેલા ચાર અવતારોની મૂર્તિઓના ચાર હાથમાં આયુધો તરીકે જે શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલાં હોય છે તેના ક્રમમાં એ ચાર પરત્વે અમુક ફેરફાર હોય છે, અને તે જ એમને ઓળખવાનું મુખ્ય સાધન કે સંજ્ઞા છે. તે ક્રમ નીચે મુજબ હોય છે;

વાસુદેવ : એના નીચેના જમણા હાથમાં ગદા, ઉપરના જમણામાં શંખ, અને ડાબા હાથો પૈકી ઉપરનામાં ચક્ર અને નીચેનામાં પદ્મ ધારણ કરેલાં હોય છે.

સંકર્ષણ : એ મૂર્તિમાં, ઉપર પ્રમાણે હાથનો ક્રમ લેતાં, અનુક્રમે પદ્મ, ગદા, શંખ અને ચક્ર હોય છે

કૃષ્ણ : એમના હાથમાં, ઉપરના ક્રમથી, પાંચજન્ય શંખ, ગદા, પદ્મ અને સુદર્શન ચક્ર એ રીતે હોય છે.

વિષ્ણુ: એમાં, ઉપરના ક્રમે, પહેલી કૌમોદકી ગદા અને પછી પદ્મ, પાંચજન્ય શંખ અને સુદર્શન ચક્ર હોય છે.

ત્રિવિક્રમ, વામન, નરસિંહ અને પદ્મનાભ એ ચાર અવતારમૂર્તિઓનાં આયુધો તથા બીજાં લક્ષણો, નીચે દશાવતારોના વર્ણનમાં આપ્યાં છે.

દશાવતાર

પણ વિષ્ણુના ઉપર વર્ણવેલા ચોવીસ અવતારો કરતાં તેના આ દશ અવતારોને લોકોમાં વધારે પ્રાધાન્ય મળ્યું છે : મત્સ્ય, કચ્છપ, વરાહ, કૂર્મ, નરસિંહ, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ. એ પૈકી બુદ્ધ તે બૌદ્ધ ધર્મના પ્રવર્તક હોઈ માત્ર બૌદ્ધોમાં જ પુજાય છે, અને કલ્કિનો અવતાર હજી થવો બાકી ગનાય છે. બાકીના સંગ્રહમાંથી માત્ર વરાહ, નરસિંહ, રામ અને કૃષ્ણ પૂજાય છે. તેમની મૂર્તિઓ નીચે મુજબની હોય છે :

વરાહ : ભુંડ (ડુક્કર)નો અવતાર ધારણ કરેલા વિષ્ણુની આ મૂર્તિમાં તેમણે પૃથ્વીને દાંત પર ધારણ કરેલી હોય છે ને હિરણ્યાક્ષ રાક્ષસનો વધ કરી રહેલા તેમને દર્શાવ્યા હોય છે.

નરસિંહ : એમાં આસન પર બેઠેલી મૂર્તિનું નીચેનું અર્ધું શરીર મનુષ્યનું ને ઉપરનું અર્ધું શરીર સિંહનું હોય છે અને હિરણ્યકશ્યપુ રાક્ષસને ચત્તો પાડી નખો વતી તેનું પેટ ચીરતા આલેખ્યા હોય છે. આ મૂર્તિના પાછા ત્રણ પેટા પ્રકાર છે: (૧) ઉગ્ર નરસિંહ—જેમાં ઉપર પ્રમાણે પણ અત્યંત ક્રોધાયમાન સ્વરૂપમાં આલેખન હોય છે. આ પ્રકારની એમની પ્રતિમા વિજયનગરમાંથી મળી આવે છે; (૨) લક્ષ્મી નરસિંહ—એમાં પ્રહ્લાદની સ્તુતિથી શાંત થએલા નરસિંહ હોય છે; ને (૩) યોગ નરસિંહમાં યોગમુદ્રામાં બેઠેલા હોય છે



મથુરા મ્યુઝિયમમાંની 'યોગેશ્વર' સ્વરૂપે વિષ્ણુની મૂર્તિ; તેમાં વક્ષસ્થળ ઉપર, આ લેખની શરૂઆતમાં વર્ણવેલું 'શ્રી વત્સ'નું લાંછન (ચિહ્ન) છે.

વામન અગર ત્રિવિક્રમ: એમાં વામન (ઠીંગુજી) બ્રાહ્મણના સ્વરૂપમાં વિષ્ણુ પૃથ્વી માપી રહ્યા હોય છે. માત્ર ત્રણ જ પગલાંમાં ત્રણે લોક માપેલા હોવાથી કથાનુસાર તે ત્રિવિક્રમ કહેવાય છે.

રામ : એમની પ્રતિમા તો સુપરિચિત છે. તેમના હાથમાંનાં ધનુષ્યબાણથી તે તુરત ઓળખાઈ આવે છે. વામાંગમાં સીતા હોય છે.

કૃષ્ણ : એમની મૂર્તિ અનેક જુદાંજુદાં સ્વરૂપોમાં પૂજાય છે, જે પૈકી નીચે કેટલીક આપી છે: (૧) વટપત્રશાયિન—વડના પાંદડા પર પોઢેલા બાળક કૃષ્ણ; (૨) સંતાનગોપાલ—યશોદાના ખોળામાં ધાવતા બાળક કૃષ્ણ; (૩) બાલકૃષ્ણ—ગોપ બાળકો સાથે માખણ ખાતા કૃષ્ણ; (૪) વેણુગોપાલ—ગાયોને ચારતા બંસી વગાડતા કૃષ્ણ; (૫) કાલીયદમન—કાલીય નાગનું મર્દન કરતા કૃષ્ણ; (૬) ગોવર્ધનધારી—આંગળી પર ગોવર્ધન પર્વત ધારણ કરી રહેલા કૃષ્ણ; (૭) રાધાકૃષ્ણ—રાધાને સાથે રાખીને બંસી વગાડતા કૃષ્ણ; (૮) મદનગોપાલ—એક બાજુ રુક્મિણી ને બીજી બાજુ સત્યભામા સાથે બંસી વગાડતા શ્રીકૃષ્ણ; (૯) પાર્થસારથિ—ભારત યુદ્ધમાં અર્જુનનો રથ હાંકતા કૃષ્ણ. આટલાં જાણીતાં સ્વરૂપ સિવાય પણ કૃષ્ણનાં બીજાં અનેક સ્વરૂપો છે.

કલ્કિ: આ મૂર્તિમાં વિષ્ણુ સફેદ ઘોડા પર બેઠેલા હોઇ, વાહનથી ઓળખાય છે.

ઇતર સ્વરૂપો

આ સિવાય વિષ્ણુનાં નીચેનાં વધારાનાં સ્વરૂપો પણ છે:

પાંડુરંગ અગર વિઠોબા (વિઠ્ઠલ) : એમાં વિષ્ણુને બે હાથ હોય છે, તેમાંના જમણામાં શંખ ધારણ કરેલો હોય છે અને ડાબો હાથ અભય મુદ્રામાં હોય છે. બંને હાથ નીચે ઘૂંટણ તરફ લંબાયલા હોય છે.

હયગ્રીવ : આ મૂર્તિમાં માથું ઘોડાનું અને હાથ આઠ હોય છે, જે પૈકી ચારમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ તથા બાકીના ચારમાં ચાર વેદો ધારણ કરેલા હોય છે.

વ્યંકટેશ, વ્યંકટરમણ અગર શ્રીનિવાસ : આ ત્રણેય એક જ સ્વરૂપનાં જુદાંજુદાં નામો છે. એમાં લક્ષ્મી સાથે વિષ્ણુ હોય છે.

વિશ્વક્સેન : આ વિષ્ણુનું ગણપતિની જેમ વિઘ્નવિનાશન સ્વરૂપ છે. એમાં ચાર હાથ હોય છે, તે પૈકી ત્રણમાં શંખ, ચક્ર ને ગદા આયુધો તથા ચોથો હાથ તર્જની મુદ્રા દેખાડતો હોય છે.

વિષ્ણુના સેવકો

ગરુડ, હનુમાન અને સુદર્શન ચક્ર એ ત્રણ વિષ્ણુના સેવકો લેખાયાં છે અને તેથી તેઓ પણ સ્વતંત્ર દેવો તરીકે પૂજાય છે.

શાલિગ્રામ

શાલિગ્રામ પત્થર પણ વિષ્ણુનું સ્વરૂપ મનાય છે. એ ગોળ હોવાથી તે વિષ્ણુનું નિરાકાર સ્વરૂપ દર્શાવે છે. તેના જુદાજુદા રંગ પ્રમાણે તે વિષ્ણુનાં જુદાંજુદાં સ્વરૂપોનું પ્રતીક લેખાય છે. દાખલા તરીકે સફેદ શાલિગ્રામ વાસુદેવનું, વાદળી હિરણ્યગર્ભનું, લાલ પ્રદ્યુમ્નનું, કાળો વિષ્ણુનું, ઘેરો લીલો શ્રીનારાયણનું, ઘેરો વાદળી વામનનું ને ઘેરો પીળો નરસિંહનું પ્રતીક લેખાય છે. આવા શાલિગ્રામના ૮૯ પ્રકારો છે. દક્ષિણના મધ્વ સંપ્રદાયના ઉપાસકો વિષ્ણુની પ્રતિમા કરતાં શાલિગ્રામનો મહિમા વિશેષ ગણે છે. આ શાલિગ્રામ પત્થરો હિમાલયમાંથી નીકળતી ગંડકી નદીના ભાઠામાંથી મળી આવે છે.

અમૃતલાલ વ. પંડયા

આ અંકનું અગ્રપૃષ્ઠ

આ અંકના અગ્રપૃષ્ઠ પર(કાવ્યોની સામે)આપેલા 'જીવનવૃક્ષ'ના કલ્પનાચિત્રમાં આ પૃથ્વી પર જીવન કેમ પાંગર્યું—એમીબા અને એકકોષી જીવોથી માંડીને આજના માણસ સુધી જીવસૃષ્ટિની ઉત્પત્તિ અને ઉત્ક્રાન્તિ કયા ક્રમમાં થઈ અને એ જીવસૃષ્ટિ આજે કયા જુદાજુદા પ્રકાર અને તબક્કામાં વિસ્તરી રહી છે તેનું આલેખન કરી બતાવ્યું છે. વિજ્ઞાનીઓ કહે છે કે પૃથ્વી ઉપર જીવનનો પહેલવહેલો ઉદય થયો ત્યારે જીવનવૃક્ષની બે ડાળ ફૂટી: એક પર વનસ્પતિસૃષ્ટિ પાંગરી અને બીજી પર પ્રાણીસૃષ્ટિ. એ પૈકીની પ્રાણીસૃષ્ટિ એ ચિત્રમાં દર્શાવી છે. તેમાં પછી નાનાવિધ જીવસૃષ્ટિની અનેક શાખા-પ્રશાખાઓ ફૂટી.

અબજો વર્ષ પહેલાં આ પૃથ્વી એક સળગતો તારો હતી. તે ઠરીને ધીમેધીમે તેનું બંધારણ ઘટ્ટ થતું ગયું અને તે પછી તેના પર વાતાવરણ સરજાવા માંડ્યું. એ વાતાવરણની વરાળ ઠરતાં તે પર પાણી ઉત્પન્ન થયું ને પછી એ પાણીમાં પહેલવહેલી જીવસૃષ્ટિ આજથી આશરે ત્રણેક કરોડ વર્ષ પર અસ્તિત્વમાં આવી. એનો ધીમેધીમે જે ક્રમવિકાસ થતો ગયો તેના, એ જીવસૃષ્ટિના પ્રકાર ઉપરથી, વૈજ્ઞાનિકોએ જુદાજુદા યુગ પાડયા છે. એ જીવસૃષ્ટિ સૌપ્રથમ છીછરા પાણીમાં એક કોષવાળા છોડ ને જલ-જીવ રૂપે પ્રકટી. વખત વીતતો ગયો તેમ વાદળી બનાવનારાં જીવડાં, જેલી-ફિશ નામની પોચી માછલી, પરવાળાંનાં જીવડાં અને ટ્રાઇલોબાઇટ તથા ગૅસ્ટ્રોપૉડ નામના, શરીર બહાર હાડકાંનાં કઠણ કોટલાંવાળાં જીવ તેમાં સરજાયા. આ જીવ-સૃષ્ટિની સાથે વનસ્પતિ-સૃષ્ટિ પણ પાંગરી. દરિયાઇ ઘાસ, છોયા વગેરે પાણીમાં થયાં અને ઘોડાપુચ્છ જેવી વનસ્પતિ તથા શેવાળ વગેરે જમીન કિનારા આગળ પ્રગટવા લાગ્યાં. ધીમેધીમે, મોટી માછલીઓ, કરોડવાળાં પ્રાણીઓ, ગરોળીઓ જેવા જીવ, મોટા મગરો અને તે વધીને પેટે ચાલતાં અને પગે ચાલતાં મહાકાય રાક્ષસી પ્રાણીઓ વિકસતાં ગયાં. તેમાંથી ટૂંકી સૂંઢના હાથી, કૂતરા જેવો ઘોડો, ડુક્કર, વાઘ, વાનર, હરણ આદિના મિશ્રણવાળાં પ્રાણીઓ, એવાં, આજનાં પ્રાણીઓના ચિત્રવિચિત્ર વડવા ઉત્પન્ન થયા.

તે પછી ક્રમેક્રમે એ વડવાઓનાં દેહબંધારણ આ પૃથ્વીના વાતાવરણ પ્રમાણે પલટાતાં ગયાં અને આજનું સ્વરૂપ લેતાં ગયાં; અને એ બધાંની વચ્ચેથી વાનર અને નરવાનરની શાખામાંથી જંગલી માનવ પ્રકટયો, જે જ્ઞાન અને વિજ્ઞાનની સહાયે ધીમેધીમે સુસંસ્કૃત થઇ આજે જીવસૃષ્ટિના કિરીટ રૂપ સોહે છે.

આચાર્ય કૃપાલાની (ચાલુ)

અંગભંગથી રોષે ભરાએલા બંગાળ સામે એ વખતે બંગાળ સરકારની સખત દમનનીતિ ચાલુ હતી, તેથી બંગાળના ત્રાસવાદીઓ બધા બિહારમાં આવીને જમા થયા હતા, અને બિહારી યુવાનો ઝડપભેર તેમની પાસેથી હિંસાના પાઠ શીખી રહ્યા હતા. કૃપાલાનીજી પણ એ અરાજકતાના પાશથી રંગાવા બાકી રહ્યા નહિ. અંતે કૃપાલાનીજીને પ્રિન્સિપાલ જોડે લડીને કૉલેજ છોડવી પડી. પણ આ જ પ્રસંગે એમના જીવનનો મહાન પરિવર્તનકારી બનાવ બન્યો.

૧૯૧૭ના એ દિવસોમાં બિહારમાંનાં ચંપારણનાં ગળીનાં ખેતરોમાં કામ કરતા મજૂરોની હાડમારીઓ સામે લડત ચલાવવા મહાત્મા ગાંધીજી ચંપારણ ગયા હતા. અઠ્ઠાવીસ વરસના જુવાન અધ્યાપક જીવતરામ ત્યાં ગાંધીજીના સંસર્ગમાં આવ્યા અને પહેલી જ મુલાકાતે એમના અભય અને અહિંસાના વિચારોથી આકર્ષાયા. જેમજેમ તે વધુ સંપર્ક પામ્યા તેમતેમ એ મહાત્માજીના વિચારોના વધુ ને વધુ પ્રશંસક થતા ગયા અને અંતે જ્યારે ચંપારણ સત્યાગ્રહ શરૂ થયો ત્યારે મહાત્માજીના એ મુખ્ય મદદગાર અને સાથી થઇને રહ્યા.

ચંપારણની લડત પૂરી થતાં ગાંધીજીએ એમને તાજી જ શરૂ થએલી બનારસ હિંદુ યુનિવર્સિટીમાં માલવીયજીની માગણીથી મોકલ્યા. પણ એટલામાં તો અસહકારનું આંદોલન શરૂ થયું અને કૃપાલાનીજીએ ઇતિહાસ અને રાજકારણ શીખવવું છોડી બનારસ યુનિવર્સિટીના પોતાના વિદ્યાર્થીઓને સાથે લઈ સક્રિય રાજકારણમાં ઝંપલાવ્યું. ત્યાર બાદ બાબુ ભગવાનદાસ અને બાબુ શિવપ્રસાદ ગુપ્તની સહાયથી સ્થપાએલી કાશી વિદ્યાપીઠમાં તે આચાર્ય નરેન્દ્રદેવ અને બાબુ શ્રીપ્રકાશ સાથે જોડાયા. અને ત્યાંથી, ગુજરાત વિદ્યાપીઠના મહાવિદ્યાલયમાં આચાર્યપદ માટે જરૂર પડતાં મહાત્માજી તેમને અમદાવાદ લાવ્યા. ત્યારથી તે 'આચાર્ય' કૃપાલાની બન્યા, જે નામે આજે દેશભરમાં તે ઓળખાય છે.

આચાર્ય થયા છતાં યે એ વિદ્યાર્થીઓ અને યુવાનોમાં તો પોતાના કૉલેજ કાળ જેટલા જ પ્રીતિપાત્ર હતા. અને એમનું શિક્ષણ પણ અનોખું. નાનપણથી પુસ્તકશત્રુ કૃપાલાનીજીના અધ્યાપનમાં પણ કિતાબીપણું બીલકુલ નહિ. ગોખણિયા પ્રોફેસરની જેમ નહિ, પણ સર્વ જ્ઞાન પચાવી ગએલા વિદ્વાનની પેઠે મુક્ત વાણીપ્રવાહમાં વહેવડાવેલા વિદ્યારસથી એ સાંભળનારને પરિપ્લાવિત કરી દે. એમના અધ્યાપન વિષે એમના એક વિદ્યાર્થી શ્રી રામચંદ્ર સોમણના જ શબ્દો સાંભળીએ : 'ગુજરાત વિદ્યાપીઠમાં એ રાજકારણ, ઇતિહાસ અને અંગ્રેજી સાહિત્યના વિષયો લેતા. તેમને તેમનાં ભાષણોમાં શબ્દોની છણાવટ કરતાં વિચારના પૃથક્કરણ ઉપર વધારે ભાર રહેતો. અને એમાં પણ કોઇના મંતવ્ય પર ટીકા કરવાની આવતી ત્યારે તેમની શબ્દસંપત્તિ ખરી ખીલતી. એમની પ્રતિભા ત્યારે અનેક દિશાએથી ફૂટતી અને આશ્ચર્યચકિત કરી મૂકતી. હિંદુ ધર્મ, તત્ત્વજ્ઞાન, સંસ્કૃતિ અને કળા એમના પ્રિય વિષયો. હિંદી સંસ્કૃતિના એ પરમ ભક્ત છે. એમની દૃષ્ટિ વિજ્ઞાનશુદ્ધ અને ઇતિહાસપૂત છે. ધર્મ, તત્ત્વજ્ઞાન, ગીતા, પ્લેટો વગેરે વિષયો પર એ બોલવા માંડે ત્યારે કોઈ જ્ઞાનયોગીની જેમ અજ્ઞેય, ગૂઢ સત્યો સમજાવી શ્રોતાઓને મુગ્ધ કરી દે. સ્વામી વિવેકાનંદ, ભગિની નિવેદિતા, રવીન્દ્રનાથ, ગાંધીજી કે રાધાકૃષ્ણને વાંચતી કે સાંભળતી વખતે જ્ઞાનપિપાસા તૃપ્ત થયાનો જે અપૂર્વ આનંદ અનુભવાય છે તેવો જ અનુભવ થાય.'

૧૯૨૮-૨૯માં અમદાવાદની ગુજરાત કૉલેજના ગોરા પ્રિન્સિપલ ફિન્ડલે શિરાંસની અમુક જોહુકમી સામે પડેલી લાંબી હડતાળના દિવસોમાં એ નવરા પડેલા વિદ્યાર્થીઓનો સંપર્ક સાધીને કૃપાલાનીજી તેમને ખુલ્લાં ચોગાનોમાં સાહિત્ય, રાજકારણ, ઇતિહાસ, કવિતા વગેરે વિષયો પર વ્યાખ્યાનો આપતા. નિર્બંધ, નૂતન વિચારો વહેવડાવતી એમની વાણીધારાએ રાષ્ટ્રીય કેળવણીની ચેતનાથી અસ્પર્શ્ય રહેલા ત્યાંના અનેક વિદ્યાર્થીઓનાં હૃદય નવી જ ભાવનાથી તરબોળ કરી દીધેલાં. એ વેળા રવીન્દ્રનાથની કવિતા પર આપેલાં એમનાં વ્યાખ્યાનોએ અનેકને પહેલી વાર ટાગોરનાં કાવ્યોનો રસ લગાડેલો અને એને પરિણામે જ ગુજરાત કૉલેજમાં 'ટાગોર સોસાયટી' સ્થપાઈ.

જેવી અધ્યાપનમાં, એવી જ, શ્રોતાઓને જીતી લેવાની એમની શક્તિ જાહેર ભાષણોમાં ખીલતી તમે જુઓ. મંદમંદ હસતા પ્લૅટફૉર્મ પર આવી, ડોકને ઊંચી કરીને પાછળ નાખી એક બાજુ નમાવીને બોલતા આચાર્ય કૃપાલાનીનો વાણીપ્રવાહ આદર્શની ધગશ અને લાગણીની આર્દ્રતા વડે શ્રોતાઓને જે રીતે પોતાની સાથે ખેંચી જાય છે તે જ રીતે, એમના અણીદાર નાકવાળો લાંબો ચહેરો જ્યારે પ્રતિપક્ષીની સામે મંડાય છે ત્યારે એમની તીણી આંખોમાંથી બુદ્ધિનાં તેજ ફૂટે છે, અને સામાની દલીલોના ચૂરા બોલાવતી એમની વાણીમાંનાં કટાક્ષોનાં તાતાં તીર પ્રતિપક્ષીને ભોંય ભેગો કરી દે છે. કોઇએ એમને યોગ્ય રીતે જ બર્નાર્ડ શૉ સાથે સરખાવ્યા છે. માત્ર દાઢી બાદ કરો તો એવું જ પાતળિયું શરીર, એવો જ જરઠ ચહેરો, એવી જ તીણી આંખો અને એવી જ ધારદાર જીભ. શૉના જેવી જ તુમાખી છટાથી છોડેલા એમના હસામણા કટાક્ષો પાછળ એવી જ કાપીને બે કટકા કરતી બુદ્ધિની તેજસ્વિતા તમને જણાય. અને એ વેળાનો એમનો અવાજ! વાઘના ગળામાંથી નીકળતા ઘુરકાટ જેવો ઘેરો ને ઘૂઘવતો. કંઠસ્થ ને અનુનાસિક એમનાં ઉચ્ચારણોનું એ મિશ્રણ બહુ કર્ણપ્રિય બને છે.

એમના સ્વભાવની એ વિશિષ્ટતા છે કે કાં તો તમે એમને ચાહી શકો, અથવા તો એમનાથી બીઓ. એ વિના ત્રીજો રસ્તો નહિ. કૉલેજકાળમાં યુવાનો એમને ચાહતા અને વડીલો તથા સત્તાધારીઓ એમનાથી ડરતા. નિકટના સ્નેહી-સંબંધીઓમાં પ્રચલિત એમનું જે લાડનું નામ 'દાદા' (મોટાભાઇ) પણ બિહાર કૉલેજના રામવિનોદ સિંગે પાડેલું તે એમની પ્રીતિપાત્રતાનું જ પ્રતીક છે. એમનો એ કાળનો જૂનો દંડો આજે એમના હાથમાં દેખાતો નથી; પણ એમના હૃદયમાંનો જૂનો આતશ તો હજી જલતો જ છે.

એ આતશને લીધે જ એમણે જેલની યાતનાઓ લાપરવા અલગારીની અદાથી સહી લીધેલી. જેલજીવન માણસના ખમીરને ખરી કસોટીએ ચડાવે છે. ત્યાંના લાગણીહીન, શુષ્ક, એકધારા જીવનથી ઘણાને જ્ઞાનતંતુના આઘાત અને અનિદ્રા લાગુ પડે છે; ઘણાને અપચા, કબજિયાત અને બીજા રોગ થાય છે, તો કોઇ વેવલી લાગણીવશતાથી છુટકારાના દિવસો ગણતા પીડાયા કરે છે. માત્ર મનના ખડતલ જ એ જીવનના દૃશ્ય ને અદૃશ્ય સપાટા ખમી શકે છે. કૃપાલાનીજી આ બીજા પ્રકારના આદમી છે. કહે છે કે યુક્તપ્રાંતોની જેલમાં એક વાર ત્યાંના ઉપરીઓના મનસ્વી ફતવાઓને તાબે થવાની ના પાડવાના 'ગુના' માટે એમને હાથેપગે દંડા-બેડી નાખીને એક અઠવાડિયા સુધી ઉઘાડે શરીરે ઊભા રાખેલા. પણ આ સજાએ એમને નમાવવાને બદલે એમના અંતરમાંનો આતશ ઉલટો વધુ પ્રજ્વલિત કર્યો ને એ બધી વેરપ્રેરિત યાતનાઓ ભીષણ મૌનથી તે પચાવી ગયા.

ગુજરાત વિદ્યાપીઠના આચાર્યપદેથી છુટા થયા બાદ તેમણે યુક્ત પ્રાંતમાં જઈ ખાદીકાર્યમાં પોતાની જાતને પરોવી દીધી. ત્યાં કરેલી

એ આસનબદ્ધ સાધનાનું ફળ તે મેરઠનો ગાંધી આશ્રમ. કેવળ એક જ માણસના વ્યક્તિગત પ્રયત્નની સિદ્ધિ રૂપ હિંદભરનું એ મોટામાં મોટું ખાદી કેન્દ્ર છે. વિગતો અને આંકડાઓનો એમને સ્વભાવગત કંટાળો હોવા છતાં એમની યોજનાશક્તિ અને કાર્યમાં તદાકાર બનવાની ધગશ અપૂર્વ છે અને એનું જ એ ફલ છે.

રચનાત્મક કાર્યની એમની સંગીન કારકીર્દિ તથા આઝાદીની લડતમાં ઝંપલાવીને એમણે દાખવેલી નિર્ભયતા ને હૈયાઉકલતે એમને મોવડી સ્થાને મૂકી દીધા અને ઈ. ૧૯૩૪માં કૉંગ્રેસ કારોબારીના સભ્ય તથા મહામંત્રી બનાવ્યા. એ સ્થળેથી બાર વર્ષ સુધી એમણે બજાવેલી એકનિષ્ઠ એકધારી સેવાઓનો ઇતિહાસ તો સામાન્યતઃ પડદા પાછળ જ હોય; પણ રાજકારણના એ પ્રોફેસરે હિંદના કૂટ પ્રશ્નોનો જે અભ્યાસ રચનાત્મક કાર્ય દરમ્યાન કરેલો તે આ સ્થાને અમલી કસોટીએ ચડી પાર ઊતર્યો. કૉંગ્રેસ દફતરની જંગી ફાઇલો એમને અટકાવી કે ગૂંચવી શકતી નહિ. પરંતુ તીવ્ર પારગામી દૃષ્ટિથી મુખ્ય હકીકતી મુદ્દાઓ તરત તારવી કાઢી કોઈપણ કિસ્સાનો નિકાલ લાવી દેતા. એમની નિર્ણયશક્તિ અનુપમ, અફર ને ઝડપી છે અને એમની હિંમત અદમ્ય છે. કોઈની પણ મોંશરમ કે ચશમપોશી એમને અડતી નથી ને મોટા ચમરબંધીથી પણ એ ગાંજ્યા જતા નથી. કૉંગ્રેસ સેક્રેટેરિયેટ અને કૉંગ્રેસની કારોબારીની આંતરિક કારવાઈના જાણકારો કહેશે કે ત્યાં કેટકેટલા પ્રકારના વિરોધો ને ઘર્ષણો અનિવાર્ય હોય છે. પણ ગમે તેવી દુસ્તર પરિસ્થિતિમાંથી બહાર નીકળી જવાની એમનામાં અજબ શક્તિ છે.

સ્વભાવે બળવાખોર આ માણસ અત્યંત ઋજુ ને ધાર્મિક વૃત્તિના છે. રોજ સવારે ઊઠીને બિછાનામાં જ એ પાએક કલાક નિશ્ચેષ્ટ બેસી ધ્યાન ધરે છે. ગીતા, બાઈબલ ને સિંધના મહાન સૂફી શાયર શાહ અબ્દુલ લતીફની કૃતિઓ તેમનાં માનીતાં પુસ્તકો છે. એક વાર એમને પોતાના નાના ભાઈની પેઠે સંન્યાસી થઇ જવાનું મન થએલું. તેમ તો ન થઈ શક્યું; પણ ઘણા થોડાને ખબર હશે કે કાકાસાહેબ કાલેલકર અને સ્વામી આનંદની સાથે તેમણે પણ અર્ધ સંન્યાસી દશામાં હિમાલયનું પરિભ્રમણ કર્યું છે.

એમની વૃત્તિમાં સાધુની વિરક્તિ સાથે લાલાશાહી 'લાપરવાહી' નું અજબ મિશ્રણ છે. પ્રાચીન કાળના વિદ્વાનો અને વિદ્યાગુરુઓનું અપરિગ્રહી જીવન જીવવું એમને ગમે છે. પોતાના વિદ્યાર્થીઓને એ કહેતા કે 'આપણી તો ફકીરીના ચીંથરામાં વીંટેલી જ્ઞાનની અમીરી હોય.' જાહેર જીવનમાં પડ્યા પહેલાં પણ એમણે સ્વેચ્છાએ ગરીબી સ્વીકારી લીધેલી. ગાંધીજીએ એમને વિષે લખ્યું છે : 'હૈદ્રાબાદમાં મેં એમના સાદાજીવન અને મહાન આત્મત્યાગ વિષે સાંભળેલું. હું બિહાર ગયો ત્યારે એમણે મુઝફ્ફરપુરની પ્રોફેસરી છોડી દીધેલી. એમને રહેવાને ઓરડી સરખી પણ ન હતી . . .' ને ત્યારની એમને ઓરડી હતી જ નહિ. જ્યાં કામ કરે ત્યાં પડી રહે, ને ખાવા મળે ત્યાં ખાઇ લે. અને એકલા હોય ત્યારે જાતે જ પોતાનું ભોજન રાંધી લેવાનો અને કપડાં ધોઇ લેવાનો એમને આગ્રહ હોય છે.

પણ આ આગ્રહ ઉપર હમણાં થોડા વરસથી મનાઇ હુકમ મુકાયો છે. એ મનાઈ હુકમ મૂકનાર એમનાં હેતાળ અને નિષ્ઠાવાન ધર્મશીળી પત્ની શ્રીમતી સુચેતાદેવીની પિછાન વિના એમનું જીવનચિત્ર અધૂરૂં જ રહે. બહુ મોટી ઉંમરે એમણે કરેલા આ લગ્નમાં રહેલી રસિકતાએ થોડી સનસનાટી પણ કરેલી. એમનાથી ૨૦ વર્ષે નાનાં શ્રીમતી સુચેતાદેવી બનારસ હિંદુ યુનિવર્સિટીનાં એમ. એ. છે અને લગ્ન પહેલાં ત્યાં જ રાજકારણનાં પ્રોફેસર હતાં. એ નિરાંતની જિંદગી છોડીને તેઓ આ 'જ્ઞાનની અમીરી વાળા ફકીર'ને પરણ્યાં અને એ ભ્રમતારામની જીવનભાગિની થવાનું સ્વીકાર્યું. આજ નવ વર્ષના પરણેતર દરમ્યાન કાર્ય અને હૃદયની એકતાથી એમનું જીવન સુખી બન્યું છે. કૃપાલાની જેવા અલગારી જીવને એમણે કુટુંબસુખની હેતાળ જંજીરોમાં જકડી રાખ્યા છે.

ગાંધીજીના સૌથી ચુસ્ત અનુયાયીઓ પૈકીના એક એ છે; અને છતાં મીંઢાની અંધ શ્રદ્ધાથી એ ગાંધીજીને કદિ અનુસર્યા નથી. ગાંધીવાદના દરેક સિદ્ધાંતને એ બારીક કસોટીએ ચડાવે છે, અને પોતાને શંકાસ્પદ લાગતા મુદ્દા પર ખુદ ગાંધીજીની સામે પણ બળવાખોરની અદાથી એમણે ચર્ચાઓ કરી છે. એમના પોતાના જ શબ્દો સાંભળો: 'હું ગાંધીજીના સિદ્ધાંતોનું ખૂબ કાળજીપૂર્વક પૃથક્કરણ કરી જોઉં છું અને કેટલીક વાર તો તેમના એ સિદ્ધાંતો સામે બળવો કરવાનું મને મન થયું છે. પરંતુ ઝીણવટભર્યાં અભ્યાસ પછી મને માલૂમ પડે છે કે એમનું કહેલું ખરૂં છે. પછી તો એમને અનુસર્યા વિના બીજું શું કરવાનું હોય?'

અને આથી જ ગાંધીવિચારના તેઓ અનન્ય ભાષ્યકાર છે. મંત્રી થયા પછી તેમણે, દેશે અપનાવેલા ગાંધીવાદની નીતિ અને કારવાઇની ચોખવટ કરવા માટે કલમ ઉપાડી. એમના એ લેખસંગ્રહ 'ધ ગાંધીઅન વે'માં ગાંધીવાદનું વિશ્લેષણ અને છણાવટ કરીને જે સચોટતાથી ગાંધીમાર્ગી ફિલસૂફી સમજાવી છે તે વિરલ છે.

આવા અકિંચન ને નિરાડંબરી છતાં દેશદાઝથી સદા યે ધીકતા, ગાંધીવાદી ફિલસૂફીને પચાવી ગએલા અને પરિસ્થિતિનું સૂક્ષ્મ પૃથક્કરણ કરીને નિર્ણય કરવાની વિચક્ષણ બુદ્ધિવાળા, કાર્યદક્ષ અને ઉદ્યોગપ્રિય તથા કોઈપણ સંજોગોમાં હામ ભીડવાની ધીરજભરી હિંમતવાળા પુરુષને હાથ આજ દેશનું સુકાન સોંપાયું છે.

(અધ્યાપક મલકાની, સી. કે. નારાયણસ્વામી, પી. ડી. ટંડન, કે. કે. ભટ્ટાચાર્ય, રામચન્દ્ર સોમણ, ભારતી વગેરેના લેખોને આધારે)


લવાજમમાં વધારો


યુદ્ધ પૂરૂં થયા છતાં ચાલુ રહેલી—બલ્કે ઉત્તરોત્તર વધતી જતી રહેલી કાગળ, મુદ્રણ તેમજ બીજી સામગ્રીની તીવ્ર તંગી અને મોંઘવારીને કારણે, આજ સુધી જે પગલું ભરતાં અમે અટકી રહ્યા હતા તે હવે નછુટકે અમારે ભરવું પડે છે, અને તા.૧ જાન્યુઆરી ૧૯૪૭થી અમારાં પત્રોના વાર્ષિક લવાજમમાં એક રૂપિયાનો (પરદેશ માટે તેના પ્રમાણમાં) વધારો કરવો પડે છે. આશા છે કે ગ્રાહકો, પરિસ્થિતિ પ્રમાણીને આ નિભાવી લેશે.

બચુભાઈ રાવત તંત્રી 'કુમાર'
જયન્તી દલાલ તંત્રી 'રેખા'
ઇશ્વરલાલ દવે તંત્રી 'ઊર્મિ-નવરચના'
મનુભાઈ જોધાણી સંપાદક 'સ્ત્રીજીવન'









ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

ડાબી બાજુ મથાળે : 'તૃષાતૃપ્તિ'–શાંતિ શાહ: પહેલું ઈનામ; નીચે : તરસ–જમનાદાસ પંચોલી: બીજું ઈનામ; જમણી બાજુ મથાળે : સરવર તટે–બંસી જે. રસણિયા: ત્રીજું ઈનામ; નીચે : દાલ સરોવર–અન્વર હેમાણી : ઉત્તેજના ઇનામ.

જરાક ગોળાકારમાં ઊભી રહીને એકીસાથે તરસ છિપાવતી ગાયોના સમૂહના ભાઈ શાંતિ શાહના ચિત્રનો વિષય જેટલો આકર્ષક છે તેટલી જ સુંદર તેની રજૂઆત છે. પાણીમાં લ્હેરિયાં પાડતી પ્રતિબિમ્બની આછી છાયા ગાયોનાં સફેદ શરીર અને શ્વેત પ્રકાશને હળવો પાડી મધુર દૃશ્ય રચે છે. ભાઈ જમનાદાસ પંચોલીના એવા જ (તૃષા–તૃપ્તિના) વિષયમાં સંયોજનાનું ચાતુર્ય છે, પણ તે તરત આપમેળે સમજાઇ રહે એવી વિશદતા કે સચોટતા નથી. ભાઈ બંસી રસણિયાનું શાંત વાતાવરણ વાળું સુંદરચિત્ર ફોકસિંગની થોડી ખામીવાળું છે. હજી સારા કોણથી વિચારપૂર્વક લેવાયું હોત તો ચડિયાતું ચિત્ર બનત. ભાઈ અન્વર હેમાણીએ ઝડપેલાં કાશ્મીરનાં ચિત્રોની માળામાંથી એક નમૂનો ઉપર આપ્યો છે. આવા સારા વિષયને ન્યાય આપવા માટે એન્લાર્જ કરી મોકલ્યું હોત તો ચિત્ર મોખરો મેળવી શકત. થોકબંધ સંખ્યામાં નાનાં ચિત્રો મોકલવા કરતાં એકાદ ચૂંટેલું એન્લાર્જ કરી મોકલવું સલાહભર્યું છે.

શ્રીદામ ભટ્ટ

ટેબલ-ટૉપ ફોટોગ્રાફી : પૂઠા ઉપરનું ચિત્ર

આ અંકના પૂઠા ઉપર આપેલું 'આવાહન'નું ચિત્ર ટેબલ-ટૉપ ફોટોગ્રાફીનો ઉમદા નમૂનો છે. ટેબલટૉપ ફોટોગ્રાફી એટલે એકાદ ટેબલના મથાળા ઉપર કે એવી કોઇ સપાટી ઉપર, રમકડાં, ખોખાં, પૂઠાં અને એવી નાની નાની મામૂલી વસ્તુઓની સુયોજિત રચના કરી, તેમાંથી હૂબહૂ સૃષ્ટિનો સજીવ આભાસ આપતી માયાવી ફોટોગ્રાફીની કળા. એ બહુ મુશ્કેલ કળા છે અને સજીવ રચના-સૌન્દર્ય સાધવાની વિશિષ્ટ શક્તિ માગી લે છે. એ શક્તિ અને દૃષ્ટિ ન હોય તો નિર્જીવ કૃત્રિમતા છતી થઇને ચિત્રને જડ નિર્માલ્ય બનાવી મૂકે છે. આ અંકના પૂઠા પરના ચિત્રમાંનું પાત્ર, જમીન ઉપરની બિછાત તથા પાછળની જાળી, બધું જ એવી બનાવટી રમકડાં-સૃષ્ટિમાંથી ખડું કરેલું છે એ હકીકત ન જાણનારને તો એ જીવંત હોવાનો હૂબહૂ આભાસ આપી રહે છે. એમાં જ તેના કલાકારનું નિષ્ણાતપણું રહેલું છે.

આ પત્ર મેળવનાર : ઈન્દુમતી ઝવેરચંદ મેઘાણી, યોગાશ્રમ, ૧૫૦૯ ઘોઘા સર્કલ, ભાવનગર

પ્રાહા, તા-૧૮-૭-૧૯૪૬

મારાં પ્રિય મિત્ર ઈન્દુ,

તમારો પત્ર વાંચતાં મને ઘણું સુખ થયું. તમે હિંદમાંથી મારાં પ્રથમ કુમારી મિત્ર છો. સૌ પહેલાં તો, મારા ખરાબ અંગ્રેજી માટે દરગુજર કરશો. અમારે શાળામાં કદિ એ ભાષા શીખવાની હતી નહિ, અને હું બીજી ઉપયોગી બાબતો માટે વખત મેળવી શકતી નથી.

મારે વિષે પણ કાંઇક લખું. હું એક કન્યા છું. અમારા ચેકોસ્લોવાકિયામાં બે પ્રજાઓ છે : ચેક અને સ્લોવાક. અમારી ભાષાઓ પશ્ચિમ સ્લોવાનિક ભાષા છે. બંને બહુ મળતી છે. દરેક ચેક સ્લોવાક ભાષા સમજી શકે. છેલ્લા સૈકા સુધી સ્લોવાકિયામાં પણ ચેક ભાષા લખાતી. મારૂં વય બાવીસ વર્ષનું છે, અને હું, ૧૮-૬-૧૯૪૫ માં અમારી યુનિવર્સિટી ઊઘડી ત્યારથી તત્ત્વજ્ઞાન વિભાગમાં અભ્યાસ કરૂં છું. કદાચ તમે જાણતાં હશો કે જર્મનીએ છ વરસ સુધી અમારી યુનિવર્સિટીઓ બંધ કરેલી. ૧૯૪૩માં હું દવાઓ બનાવવાના કારખાનામાં અને ત્રણ માસ હવાઈ વિમાન બનાવવાના કારખાનામાં (ફરજિયાત) હતી. હું કુમારી છું. કુટુંબમાં અમે માત્ર ત્રણ જણ છીએ : મારા પિતા, મારી માતા અને હું. મારે ભાઈ કે બહેન નથી. મારા પિતા પ્રાગમાં એક છાપખાનાના સંચાલક છે. પણ એથી યે સવિશેષ તો એ એક અચ્છા ટાઈપોગ્રાફર (બીબાં નિષ્ણાત) છે. એ કળાના તજ્જ્ઞોમાં એઓ અમેરિકા, ઈંગ્લંડ ને સ્વિટ્ઝર્લૅંડમાં જાણીતા છે અને તે દેશોમાં—ખાસ કરીને અમેરિકામાં—એમને કેટલાક મિત્રો પણ છે. અહીં મારા પિતાના ઘણાખરા મિત્રો કલાકારો છે અને હું બાળપણથી એમની વચ્ચે જ ઊછરી છું. મારી માતા ૫૨ વર્ષની છે અને પિતા ૬૧ના.

અમારો દેશ તમો નકશામાં જોઈ શકશો. અમારે સમુદ્ર નથી. દેશમાં નીચાણપ્રદેશો, ટેકરીઓ ને પર્વતો છે; અલબત્ત હિંદ જેટલા ઊંચા તો નહિ જ. અમારી ઊંચામાં ઊંચી ગિરિમાળા ટાટની, સ્લોવાકિયામાં આવેલી છે. અમે શાંતિપ્રિય પ્રજા છીએ. અમારા પ્રજાસત્તાકને અમે અમારો ઐતિહાસિક વારસો ગણીએ છીએ. અમારૂં પ્રથમ પ્રજાસત્તાક મુખ્યત્વે ટી.જી. મસારિકનું જ કાર્ય હતું; અને અમારા બીજા પ્રમુખ ડૉ. એડવર્ડ બેનેસ એ મસારિકના જ શિષ્ય ને અનુગામી છે. આજે અમને જો રાજકીય અર્થમાં પણ (પારીસમાં) સ્લોવાનિક સમૂહમાં જ ગણવામાં આવતા હોય તો તે તદ્દન સ્વાભાવિક છે—અમારૂં લોહી, અને ભાષા એકસરખાં જ છે—; અને મ્યૂનિકની આસપાસનાં પશ્ચિમી રાજ્યોનું રાજકારણ એ એક બીજું કારણ છે.

પ્રાગ (પ્રાગનું ચેક નામ પ્રાહા છે) એ આજે આંતરરાષ્ટ્રીય નગર છે. મે માસમાં આંતરરાષ્ટ્રીય સંગીતોત્સવ અહીં થએલો (રશિયા, અમેરિકા, ઇંગ્લંડ ને ફ્રાન્સના સંગીતશાસ્ત્રીઓ અહીં મળેલા); પછી થયો રશિયન ફિલ્મોનો સમારંભ; પછી આંતરરાષ્ટ્રીય ફિલ્મ—મેળો થયો; ઑગસ્ટમાં પ્રાગમાં જગત-વિદ્યાર્થી પરિષદ મળી અને પ્રાગ 'વિદ્યાર્થીનગર' તથા IUS (ઈન્ટરનૅશનલ યૂનિયન ઑવ સ્ટુડન્ટ્સ)ના મથક તરીકે જાણીતું થયું; સપ્ટેમ્બરના પ્રાગના મહા-મેળામાં અનેક પરદેશી રાજ્યોનાં પ્રદર્શનો થયાં. હમણાં હવે બ્રિટિશ ફિલ્મોનું પ્રદર્શન ચાલે છે અને આ અઠવાડિયે અંગ્રેજી કલાત્મક નાટ્યમંડળીઓનું પણ. તમે જોશો કે અમે પૂર્વ ને પશ્ચિમ (રશિયા ને અમેરિકા) બંનેને હૃદયપૂર્વક આવકારીએ છીએ અને એ આવશે એટલે બીજી પૂર્વ દેશની પ્રજાઓ પણ આવશે. એક વાત હું ભૂલી ગઇ. ગયે મહીને પ્રાગમાં વિમાની-કળા-દિન ઉજવાયો અને એમાં અમેરિકન, ઇંગ્લિશ અને ફ્રેન્ચ વિમાનો અહીં આવેલાં. હમણાં દિલ્હીના પત્રકાર શ્રી ચમનલાલ ચેકોસ્લોવાકિયા આવ્યા છે અને તે અમારા દેશ પર એક પુસ્તક લખવાના છે. ચેકોસ્લોવાકિયા અને હિંદના વિદ્યાર્થીઓ વચ્ચેનો ફેર સમજવાનો પણ એ પ્રયત્ન કરે છે.

અને અમારૂં સંસ્કારધન. અમારૂં સંગીત તો સુવિખ્યાત છે. મુખ્ય સંગીત-સર્જકો બેડરિક સ્મેટાના, ઍન્ટોનિન ડૅારાક, અને હમણાંના બી. માર્ટિના. પણ અમારી સર્જનાત્મક કલાઓ તમે જોઈ ન હોય ત્યાં સુધી તેને વિષે લખવું મુશ્કેલ છે. અને અમારૂં સાહિત્ય તો, કાલાનુક્રમની દૃષ્ટિએ બહુ મોડું શરૂ થયું. તમે કદાચ કારેલ ચાપેક વિષે તો જાણતા હશો. ઈગન હૉસ્ટોવસ્કીનાં નવલો અમેરિકામાં બહુ પ્રખ્યાત છે. એ ત્યાં લડાઈ દરમ્યાન લખાએલાં, અને લેખકની માતૃભાષામાં તો હજુ હમણાં પહેલી વાર અનુવાદિત થયાં. આજે એમ કહેવાય છે કે અમારી કવિતા અમારા ગદ્ય કરતાં ચડિયાતી છે. અને કાવ્યોનો અનુવાદ કરવો તો કેટલો મુશ્કેલ છે! હું ધારૂં છું કે અમારો શ્રેષ્ઠ કવિ આજે યારોસ્લાવ સીફર્ટ છે. દુઃખની વાત તો એ છે કે અમારા ઘણાખરા કવિઓ માહિતી અને પ્રચાર ખાતાના પ્રધાનમંડળમાં ઊંચા હોદ્દેદારો બની ગયા છે અને તેમને કાવ્યો માટે આજે સમય નથી. દાખલા તરીકે 'પોએટિઝમ'નો સ્થાપક વિટેસ્લાવ નેઝવાલ જે ફ્રાન્સમાં પણ ખ્યાત છે તે આજે અમારા રાષ્ટ્રીય ફિલ્મખાતાનો વડો છે. અમારૂં કલાત્મક નૃત્ય મને બહુ સારૂં નથી લાગતું. પૂર્વના દેશો એ બાબતમાં ચઢિયાતા છે. પણ અમારાં લોકપ્રિય ગોળ નૃત્યો મઝાનાં છે.

મારે તમને બહુ ન થકવવાં જોઇએ. જોઉં છું કે મારૂં લખાણ આ ચાર પાનાંમાં ખૂબ ગૂંચવણિયું થઇ ગયું છે.

કૃપા કરીને, મારાં પ્રિય મિત્ર, મને તમારે વિષે, તમારા પિતા વિષે, અને તેમની કૃતિઓ વિષે વધારે લખશો. તમારી માતૃભાષા ગુજરાતી છે? તમારા નામનો સાચો ઉચ્ચાર જાણવા હું ચાહું છું—તમારા આવતા પત્રમાં તમે તે દેવનાગરી લિપિમાં લખી મોકલી શકશો? કૃપા કરીને મને સમકાલીન હિંદી નૃત્ય વિષે લખશો. પણ એક જ કાગળમાં મારે તમારી પાસે બહુ માગણી ન કરવી ઘટે. જો અમારા દેશમાંથી તમારે કાંઇ જોઇએ તો મહેરબાની કરીને જરૂર લખજો—અને હું તે મારાં પ્રિય ઇન્દુને મોકલીશ જ.

શ્રેષ્ઠ શુભેચ્છાઓ સાથે, તમારી દૂરની મિત્ર

Milada (મિલદ)

મને માફ કરજો; જરૂર પડે છે ત્યારે મારો ફોટોગ્રાફ મારી પાસે હોતો નથી. મારા બીજા પત્રમાં હું તે મોકલીશ.

નવાં પત્રમિત્રો

(૧) બિસ્મિલ્લાખાન, C/o યુ. જે. પઠાણ, ત્રણ લીમડી, ખંભાત; (૨) પ્રભુદાસ જેઠાલાલ પુજારા, હેમરાજ કાનજી બિલ્ડિંગ, લૉરેન્સ રોડ, કરાંચી; (૩) મફત, C/o દલછારામ નાનચંદ ઝવેરી, ૭ ધનજી સ્ટ્રીટ, મુંબાઈ-૩; (૪) વસંતલાલ વિસનજી શાહ, C/o વિસનજી સી. શાહ, પો. બૉ. ૩૫૧ ઝાંઝીબાર-બ્રિ. ઈ. આફ્રિકા; (૫) રજનીકાન્ત ખીમજી ઠક્કર, C/o ખીમજી ડી. ઠક્કર, પો. બૉ. ૨૪૦, ઝાંઝીબાર-બ્રિ. ઇ. આ; (૬) રશ્મિકુમાર જે. શેઠ, C/o ડૉ. એમ. વી. શાહ, બી.ઈ.ડી. ડિસ્પેન્સરી, કીઆમારી, કરાચી; (૭) જેશંકર પૂંજાલાલ ઉપાધ્યાય, C/o પૂંજાલાલ કે. ઉપાધ્યાય, નાગલા

ઓઝા શેરી, મોરબી; (૮) જવાહર રતિલાલ ઓઝા, C/o પ્રભુલાલ આર. ઓઝા, જાગેશ્વર ભુવન, જાની શેરી, મોરબી;(૯) સોની કાનજી આણંદજી, વોરા ચકલા, કચ્છ-માંડવી; (૧૦) પ્રમોદરાય મણિભાઇ શેઠ, કરમસદ (આણંદ થઇને); (૧૧) નૌતમ વખારિયા, C/o ગુલાબચંદભાઇ વખારિયા, તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ; (૧૨) અનંત ધોળકિયા, ચુનીલાલ મહેતા જૈન વિદ્યાલય, ૧૪ મર્ઝબાન રોડ, કોટ મુંબાઈ-૧; (૧૩) શશિકાન્ત દેસાઈ, C/o એસ. એમ. દેસાઈ, દીવાનપરા રોડ, ભાવનગર; (૧૪) નાનાલાલ એન. વડગામા, ૧૪ એચ. એમ. બિલ્ડિંગ, ઝીણા સ્ટ્રીટ, રણછોડ લાઇન કરાચી-૧; (૧૫) કાન્તિલાલ C/o પોપટલાલ ઠાકરશી, જેઈલ રોડ, વઢવાણ કૅમ્પ; (૧૬) સનત શાહ, શ્રી વિદ્યાર્થીસંઘ, કચ્છ-માંડવી;(૧૭-૧૮)મહેન્દ્ર કે. ગંતારા, તથા રમેશચન્દ્ર કે. ગંતારા, પો. ઑ. ૩૨૯, ઝાંઝીબાર-બ્રિ. ઇ. આ; (૧૯) નવીનચન્દ્ર ઉ. શાહ, C/o ઉમેદચંદ ખેચરદાસ વકીલ, જેઈલ રોડ, વઢવાણ કૅમ્પ;(૨૦) આર. ટી. સોમૈયા, ૧૬૧ રાઘુ સ્ટ્રીટ, રામસ્વામી ક્વાર્ટર્સ, કરાચી. (૨૧) ફરહાદ આર. ખંભાતા, ડેલીવાળા બિલ્ડિંગ, પ્લોટ નં. ૧૧, માણેકવાડી, ભાવનગર; (૨૨) ઇન્દુકુમાર શાહ, C/o જમનાદાસ નાનજી માંગરોળવાળા, ૮૩-૮૫ બઝારગેટ સ્ટ્રીટ, મુંબાઇ-૧ (૨૩) વસંતકુમાર ગી. જોબનપુત્રા તથા (૨૪) મનહરલાલ ગી. જોબનપુત્રા-મોહન મૅન્શન, મિશનરોડ, સિવિલ હૉસ્પિટલ સામે, કરાચી; (૨૫) કિશોરચંદ્ર જોબનપુત્રા તથા (૨૬) રમેશચંદ્ર જોબનપુત્રા-૩, દીપનિવાસ, બેઝનજી સ્ટ્રીટ, રણછોડ લાઈન્સ, કરાચી; (૨૭) સૂર્યબાળા ગોસ્વામી, C/o શ્રી બી.ડી. ગોસ્વામી, ભીમનાથ શાહીબાગ, અમદાવાદ. (૨૮) શિવપ્રસાદ ગુપ્તા, ગવર્મેન્ટ હાઈસ્કુલ, બિલાસપુર, સી.પી.-આ છેલ્લા ભાઈ સાથે હિંદીમાં પત્ર વ્યવહાર કરવો.

નવાં અંગ્રેજી પુસ્તકો

Shadows on the Wall: શ્રીમતી કૃષ્ણા હઠીસીંગે આલેખેલાં માનવતાના સ્પર્શભર્યાં જેલજીવનનાં પ્રસંગચિત્રો; પ્રકાશક-કુતુબ પબ્લિશર્સ, વિન્ડી હૉલ લેઇન, મુંબાઈ-૫, કિંમત ૪-૮-૦; An Appeal to the Young: યુવાનોને કરેલા પ્રેરક ઉદ્બોધનનું પીટર ક્રૉપૉટકિનનું નાનું પુસ્તક, પ્રકાશક-હમારા હિન્દોસ્તાં પબ્લિકેશન્સ રાજા બહાદુર વાડી, હમામ સ્ટ્રીટ, કોટ મુંબાઇ, ૦-૮-૦.

સંસારનાં શહેરો

૫૭—મેરઠ

'સિપાહીઓના બળવા'ને નામે ઓળખાતા, હિંદીઓના સત્તાવનના સ્વાતંત્ર્યયુદ્ધની પહેલી ચિનગારી જ્યાં પડી, તે યુક્ત પ્રાંતના આ શહેરમાં (સિપાઇઓએ જે સ્થાન પર બળવો કરેલો તે જ સ્થાન ઉપર, ૬ ચોરસ માઈલના વિસ્તારમાં) ગઇ ૨૧મી નવેમ્બરે, સ્વાતંત્ર્યને ઉંબરે ઊભેલા હિંદની ૫૪મી રાષ્ટ્રસભા કૉંગ્રેસનું ૫૪મું અધિવેશન મળ્યું, તે એક સુયોગ હતો.

દિલ્હીની ઈશાને ૪૦ માઈલપર, ગંગા અને યમુનાની વચ્ચેના પ્રદેશમાં આવેલું, દોઢ લાખની વસતિનું આ શહેર વૈભવ ને વિનાશનાં બે પલ્લાંમાં અતિ પ્રાચીન કાળથી ઇતિહાસની તુલા ઉપર તોળાતું આવ્યું છે. કહેવાય છે કે છેક રામાયણકાળમાં એનું અસ્તિત્વ હતું અને રાવણની પત્ની મંદોદરીના પિતા 'મય' રાજાએ તે વસાવેલું હોઇ તે 'મયરાષ્ટ્ર'ના નામથી ઓળખાતું. તે પછી મહાભારતકાળ જોડે પણ તેનો સંબંધ હતો. વિશાળ ઇન્દ્રપ્રસ્થ નગરની પડોશમાં જ આવેલું તે એક વૈભવશાળી નગર હતું અને મહાભારતયુદ્ધમાં વર્ણવાએલાં અનેક સ્થાનો તેની આસપાસ આવેલાં હતાં, જેમાં વર્ણાવત (આજનું 'બરનાવા') પરીક્ષિતગઢ અને હસ્તિનાપુર મુખ્ય હતાં. મેરઠથી બાવીસ માઇલ પર આજે પણ હસ્તિનાપુરનાં ખંડિયેરો આવેલાં છે. જોકે આજનાં એ ખંડિયેરો તો હમણાંના મધ્યયુગનાં લાગે છે, જે આજ તો તદ્દન ઉજ્જડ દશામાં છે.

બૌદ્ધ કાળમાં તો આ નગર અત્યંત ખ્યાત હતું અને ભારે ઐશ્વર્ય ભોગવતું હતું. સમ્રાટ અશોકે પોતાનો એક સ્તંભ અહીં સ્થાપિત કરેલો જેને ૧૨૦૬માં ફિરોઝશાહ તઘલખ દિલ્હી લઇ ગએલો. ઈ. ૧૮૭૫માં મેરઠની આસપાસ કરેલાં ખોદકામોમાં આજની જુમામસ્જિદની નિકટમાં ઘણાં બૌદ્ધ મંદિરોના ભગ્નાવશેષ મળી આવેલા.

પઠાણકાળમાં પણ તેનું અસ્તિત્વ હોવાનો ઉલ્લેખ સુપ્રસિદ્ધ મુસાફર લેખક અલબરૂનીનાં લખાણોમાંથી મળે છે. ઈ. ૧૦૧૭માં સાલાર મસઊદે તેના પર આક્રમણ કરેલું અને ત્યાંના રાજા હરદત્તે અપાર દ્રવ્ય આપીને તેની સાથે સંધિ કરેલી. હસન નિઝામીના લખેલા 'તાજ-ઉલ-મિસ્ર' અનુસાર મેરઠનો કિલ્લો ભારતભરમાં પ્રસિદ્ધ હતો અને તેની ચોમેરની ખાઇ અત્યંત ઊંડી અને પહોળી મનાતી. ૧૧૯૧માં મહમદ ઘોરીના ગુલામ સરદાર કુતુબુદ્દીન ઐબકે મેરઠ પર આક્રમણ કરી મંદિરો તોડયાં અને ૧૧૯૪માં સાલાર મસઊદનો મકબરો બંધાવ્યો. ૧૩૯૯ના જાન્યુઆરીમાં તૈમુર લંગે દિલ્હી પછી મેરઠ પણ લૂંટેલું હોવાનો ઉલ્લેખ મળે છે. અને તે પછી તો બાબર, હુમાયૂં, શેરશાહ, ઔરંગઝેબ ને મરાઠાઓ, એ સર્વનાં ઉત્તરોત્તર શાસન તેણે ભોગવ્યાં છે, ઈ. ૧૮૦૩માં મરાઠા સરદાર સિંધિયાએ અંગ્રેજો સાથે કરેલી અંજનગામની સંધિથી તે અંગ્રેજોને કબજે આવ્યું, અને ૧૮૫૭ના બળવાની પહેલી ચિનગારીએ તેને આધુનિક ઇતિહાસમાં અંકિત કર્યું.

જહાંગીરની બેગમ નૂરજહાંએ ૧૬૨૮માં બંધાવેલો શાહ પીર નામના મુસ્લિમ સંતનો અહીંનો મુઘલકાળનો એક મકબરો જોવા લાયક છે. ઉપરના ભાગમાં તે તદ્દન ખુલ્લો છે, પણ તેની ગોળાઇ એવા પ્રકારની છે કે ગમે તેટલા વરસાદમાં પાણી તેની અંદર નથી પડતું. શહેરથી થોડે દૂર હમણાં ઊભાં કરેલાં જૈન મંદિરો યાત્રાનું ધામ ગણાય છે. આ ઉપરાંત અહીંના ગંગાસ્નાનનો મોટો મહિમા છે અને કાર્તિકી સ્નાન માટે એ આખો માસ, મેરઠની પૂર્વે દૂર વહેતી ગંગાના સ્નાન માટે આવતા યાત્રાળુઓની ઠઠ ત્યાં જામે છે.

સત્તાવનના બળવાના ઉદ્ભવસ્થાન તરીકે પંકાએલા મેરઠની હમણાંની ખ્યાતિ તો ત્યાં આવેલી લશ્કરી છાવણીને કારણે જ છે. ૧૯૧૪માં રાષ્ટ્રનો ઝિંદાદિલ ક્રાન્તિકારી યુવક વિષ્ણુદેવ પિંગલે એ છાવણીને ઉડાવવાના ભયંકર બૉમ્બ કાવતરા સાથે પકડાઈ ગએલો. જો એ સફળ થયું હોત તો મેરઠની અરધી છાવણી ઊડી ગઇ હોત. ઊંચા પ્રકારની આબોહવા ધરાવતા મેરઠ (મીરત)ની આ છાવણીની ગણના હિંદભરની મુખ્ય છાવણીઓમાં થાય છે અને તેની સફાઈને શિસ્તની અસર એ શહેરમાં જણાઈ આવે છે.

સ્વાતંત્ર્યજંગને માટે ધરબાઈ રહેલા બળવાના દારૂગોળામાં પહેલી ચીનગારી મેરઠમાં કેવી રીતે ચંપાઈ તેનું વર્ણન આ અંકની 'માધુકરી'માં આપેલું છે.

કલાનાં રૂપરહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવતી લેખમાળા

ચિત્ર-વિજ્ઞાન

શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીના મૂળ પરથી અનુવાદક
સૌ. અપર્ણાબેન ત્રિવેદી

વર્ણ (Colour) રંગ

વર્ણ (રંગ) એ સૃષ્ટિ-તત્વનું એક જટિલ રહસ્ય છે. વિજ્ઞાને રંગવિષે વિવિધ તત્ત્વો શોધ્યાં છે. તેમાંનું એક તત્ત્વ એ છે કે માણસ રેખા વડે બંધાએલી કે ચિત્રિત કોઈપણ વસ્તુનું રૂપ સમજે તેની યે પહેલાં ને રંગની શક્તિનો અનુભવ કરી શકે છે. બાળકો ઘણી નાની વયમાં જ રંગ (વર્ણ) સમજવાની શક્તિનો પરિચય આપે છે. ઘણાં પશુઓને પણ રંગ સમજવાની શક્તિ હોય છે. માણસના મન ઉપર વર્ણનો પ્રભાવ અત્યન્ત વધારે હોય છે. કવિતામાં જેમ સૂરનો સંયોગ થવાથી તે નવું જ મૂલ્ય પામી ઉદ્ભાસિત થઇ ઊઠે છે તેમ, વર્ણહીન વસ્તુ અથવા રેખાચિત્રમાં વર્ણ-સંયોગ (રંગપૂરણી) કરવાથી તેમાં નવીન ભાવ કે રસ પેદા થઇને તે આપણા ચિત્તને આકર્ષી રહે છે. રેખાચિત્ર આપણી બુદ્ધિને જાગૃત કરે છે, આપણા મનના ચિંતન-રાજ્યનાં દ્વાર ખોલી નાખે છે; વર્ણ (રંગ) આપણા મનના ભાવ-રાજ્યનાં દ્વાર ઉઘાડી નાખે છે.

રંગના પ્રકાર

પ્રકાશના પ્રત્યેક સફેદ કિરણમાં સાત જુદીજુદી જાતના રંગ છુપાએલા હોય છે. ત્રિપાર્શ્વ (ત્રણ પાસાના) કાચ–Prism–માંથી શ્વેત કિરણને પસાર કરવાથી આ સાતે રંગનાં કિરણો જુદાં પડીને આપણી નજરે પડે છે એ સાદો પ્રયોગ આપણે સૌ જાણીએ છીએ. એ સાત રંગ તે જાંબુડો (Violet), ગળીનો નીલો (Indigo), વાદળી (Blue), લીલો (Green), પીળો (Yellow), નારંગી (Orange) ને લાલ (Red). વર્ણના આ સપ્તસૂરને અંગ્રેજીમાં સ્પેક્ટ્રમ (Spectrum) કહે છે. આ સાતમાંના ચાર રંગ તો બાકીના ત્રણના મિલનથી બને છે. જેમકે જાંબુડો રંગ લાલ ને વાદળી મળવાથી થાય છે અને લીલો રંગ પીળા તથા વાદળીના મિશ્રણથી બને છે. એ જ પ્રમાણે વાદળી ને લીલા વર્ણના મિશ્રણથી ગળીના નીલો (નીલહરિત) રંગ થાય છે ને લાલ તથા પીળા રંગના મિશ્રણથી નારંગી રંગ બને છે. એટલે કે લાલ, પીળો અને વાદળી આ ત્રણ રંગ 'મૂળ' અથવા 'શુદ્ધ વર્ણો' (Primary or pure colours) કહેવાય. એ ત્રણને બીજા કોઈ પણ રંગના મિશ્રણથી બનાવી શકાતા નથી.

જેમ સાત વર્ણોના એકત્ર સંયોગથી એક શ્વેત વર્ણ પેદા થાય છે તેમ એ બધા જ વર્ણોના અભાવથી કૃષ્ણ કાળો રંગ ઉત્પન્ન થાય છે. વળી, ઉચ્ચ સૂરના 'મૂળ' વર્ણ અથવા 'શુદ્ધ' વર્ણને કોઇકોઈ ઉત્તપ્ત અથવા તેજ વર્ણ (hot colours) કહે છે, અને નીચા સૂરના મિશ્રિત રંગોને શીતળ અથવા સ્નિગ્ધ વર્ણ (cold colours) ઠંડા રંગ કહે છે. કોઇ ઊંચા સૂરનો શબ્દ જેમ આપણા કાનને પીડા આપે છે—ખૂંચે છે, તેમ ઊંચા સૂરનો રંગ પણ આપણી આંખને ઉત્તેજિત કરે છે અથવા પીડા આપે છે. જ્યારે મીઠા, ઠંડા, મુલાયમ સૂરનો રંગ જોવાથી આપણી આંખો ઠરે છે અને શીતળ ભાવની તૃપ્તિ અનુભવે છે.

રંગની લીલા

પ્રકૃતિની જુદીજુદી વસ્તુઓના જુદાજુદા અનેક વર્ણના રંગો આપણી આંખોને આકર્ષે છે ને ઉત્તેજિત કરે છે અથવા અભિભૂત કરે છે—શાંત કે પાંખી પાડે છે. વૈજ્ઞાનિકો કહે છે કે જુદીજુદી વસ્તુઓમાં જુદીજુદી જાતના વર્ણ આત્મસાત્ (absorb) કરવાની—પચાવવાની શક્તિ હોય છે એ શક્તિ તે વસ્તુની આંતરિક—અનુગત, મજ્જાગત શક્તિ હોય છે હવે, જો કોઈ વસ્તુ અમુક રંગને આત્મસાત્ નથી કરી શકતી તો તે રંગ તેના દેહની બહાર પ્રકટી ઊઠે છે અને તેથી તેનું પ્રતિબિંબ આપણી નજરે પડે છે. દાખલા તરીકે શ્વેત વર્ણના પ્રકાશ જ્યારે કોઈ લાલ જાસુદના ફૂલ ઉપર પડે છે ત્યારે એ ફૂલ શ્વેત વર્ણમાં રહેલા છયે રંગો તો પચાવી જાય છે, પણ લાલ વર્ણ તે પચાવી શકતું નથી તેથી જ તે તેના દેહમાં ખીલી ઊઠે છે. એ જ મુજબ પીળું સૂરજમુખી પીળા રંગ સિવાય બીજા બધા જ રંગો આત્મસાત્ કરી લઇને માત્ર પીળો રંગ બહાર કાઢી નાખી તે રંગથી પ્રકાશિત થાય છે. અને જે વસ્તુ કોઈ પણ રંગ ગ્રહણ કરી શકતી નથી હોતી તે વસ્તુ ધોળા રંગે પ્રતિભાસિત થાય છે.

સાત વર્ણોનાં જુદાજુદા માપનાં મિશ્રણથી સેંકડો વિવિધ રંગો ઉત્પન્ન થાય છે. એ દરેક રંગના માત્ર થોડા વધુ પ્રમાણફેરથી બીજા અસંખ્યાત મિશ્ર રંગો જુદીજુદી ગંભીરતાવાળા, વિવિધ વજન (value)વાળા, નાના પ્રકારના આછા ઘેરા, ફિક્કા-તેજ, ભારે-હલકા, એમ મરજી મુજબના તૈયાર કરી શકાય. સંગીતના મુખ્ય સાત સૂરોની મધ્યમાં જેમ અનેક સૂક્ષ્મ—અતિ સૂક્ષ્મ શ્રુતિના અસંખ્ય સૂર (vibrations) હોય છે ને ઉસ્તાદ સંગીતજ્ઞો જેમ તેનો ઉપયોગ કરે છે, તે જ પ્રમાણે એક એક રંગની અંદર રહેલી જુદીજુદી જાતની ગંભીરતાના પ્રમાણ અનુસાર વિવિધ વજનના સૂક્ષ્મ—અતિ સૂક્ષ્મ પર્યાયના (ક્રમના—gradationના) વર્ણ હોય છે. પ્રકૃતિનાં જુદાંજુદાં રૂપોમાં આ વિભિન્ન પર્યાયના અનેક સૂક્ષ્મ-અતિ સૂક્ષ્મ, કોમલ-અતિ કોમલ વર્ણોનો સમારોહ આપણા જોવામાં આવે છે. દાખલા તરીકે સૂર્યાસ્ત સમયે આકાશ તરફ નજર કરવાથી એકેએક વર્ણનાં જુદાંજુદાં પ્રમાણ(scale)ના જુદાજુદા ક્રમ (gradation)ના, જુદાજુદા વજન (value)ના સૂક્ષ્મ ભેદવિભેદ આપણી નજરે ચડે છે

વર્ણોનો આ સમારોહ જ્યારે કોઈ ઉસ્તાદ ચિત્રકારની પીંછી વાપરે છે ત્યારે તે નવું જ ઐશ્વર્ય ઉત્પન્ન કરે છે. પોતાના રેખાંકિત ચિત્રમાં તે કોઇ નવી જ સંપદ, નવું જ મૂલ્ય ઉમેરે છે અને નવા જ ભાવ તથા રસથી તેને જીવંત કરી દે છે. એટલા માટે રંગ એ ચિત્રકારના હાથમાં એક નવી જ શક્તિનું અભિનવ સાધન કે અસ્ત્ર ગણાય છે.

રંગમાં સંવાદ-વિસંવાદ

એક વર્ણ અને બીજા વર્ણ વચ્ચે જુદાજુદા પ્રકારના સંબંધો હોય છે. કેટલાક વર્ણોની વચ્ચે પરસ્પર મિત્રતાનો સંબંધ હોય છે; કેટલાકની વચ્ચે શત્રુતાનો સંબંધ હોય છે. આ સંબંધ સંગીતશાસ્ત્રના સંવાદી વિસંવાદી સૂરના જેવો છે. કોઇ રંગ બીજી જાતના રંગને સહાય કરી તેને પોષતો હોય છે; તો વળી કોઈ રંગ બીજાનો દ્વેષ કરી, તેની શક્તિને નષ્ટ કરી, તેના પ્રભાવની વિરુદ્ધ આચરણ કરે છે. પણ વિચક્ષણ કલાકારો આ વિપરીત રીતિના વિવાદી, તેમજ મિત્ર સંબંધવાળા સંવાદી બંને વર્ણોનો યથાયોગ્ય ઉપયોગ કરીને પોતાના પ્રયોજન પ્રમાણે તેને ચિત્રમાં વાપરે છે અને ઇચ્છિત ભાવનું સર્જન કરે છે.

એક હિસાબે જેમ કોઇ એક રંગ બીજા રંગનો વિરોધી હોય છે, તેમ બીજી રીતે, જો એ બે વિવાદી રંગનો યોગ્ય સમન્વય કે સંમિલન કરવામાં આવે તો તેનાથી તેમના એ વિવાદનું તિરોધાન થઈ (neutralize થઇ) સફેદ રંગ પણ ઉત્પન્ન થાય છે. જે રંગ એ રીતે બીજા જે રંગની સાથે ભળીને પૂર્ણ થઇ શ્વેત વર્ણના શુક્લ વર્ણમાં ફેરવાય છે તેને પૂરક રંગો (complimentary colours) કહે છે.

તદનુસાર લાલ (Red) રંગ એ વાદળી ઝાંયવાળા લીલા એટલે કે હરિત રંગ (Blue-green)નો પૂરક વર્ણ છે; અને નારંગી (Orange) રંગ એ નીલહરિત લીલા (Green-Blue) રંગનો પૂરક છે. એ જ રીતે પીળો (yellow) રંગ અત્યંત તેજ વાદળી (Ultramarine) રંગનો પૂરક છે; પોપટી (yellow-green) વર્ણ જાંબુડા Violet) રંગનો પૂરક છે: અને લીલો રંગ તે નીલલોહિત (Purple) (એનાં દેશીનામો આબાસાહી કે નાફરમાની) રંગનો પૂરક છે.

પૂર્વનાં દેશોની ચિત્રકળામાં રંગનો ઉપયોગ બહુ જૂના કાળથી પ્રચલિત છે; જ્યારે પશ્ચિમના દેશોમાં ૧૪મી સદી પહેલાં ચિત્રકળામાં રંગ વપરાયો નહોતો. ત્યાં સૌ પહેલાં ઇટાલીના ચિત્રકારોએ રંગનો વપરાશ શરૂ કર્યો. ઇટાલીના નવયુગ (Renaissance)ના ચિત્રકારોએ પ્રથમ બાઇઝેન્ટાઇન શિલ્પીઓનું અવલંબન કરીને ચિત્રમાં રંગ વાપરવાની શરૂઆત કરી. અને બાઇઝેન્ટાઇન ચિત્રકળા, એ મૂળમાં તો પૂર્વદેશની પ્રાચ્ય-શિલ્પધારા (school of oriental painting) ની જ પ્રતિનિધિ. પ્રાચીન ગ્રીક અને રોમન કલામાં રંગનો પ્રભાવ ખાસ દેખાતો નથી, ફ્લૉરેન્સ નગરના નિપુણ ચિત્રકારોએ પોતાનાં ચિત્રોમાં રંગનો ઉપયોગ કરીને ધર્મસાધનાના ઉત્તેજનમાં વિશેષ સહાય કરી હતી. વેનીસ શહેરના ઉસ્તાદ કલાકારો (Venetian masters), જેમને પૂર્વના દેશોમાંથી આણેલા નમૂનાઓમાં વર્ણપ્રયોગના ઉમદા દૃષ્ટાન્તો જોવાની તક મળી હતી, તેમણે ઇટાલીની ચિત્રકળામાં એક નવીન વર્ણ-પ્રયોગ શરૂ કર્યો. ઇટાલિયન કલાકારો પૈકી પેરૂજિનો (Perugino) બોતિચેલ્લી (Botticelli) ટીશ્યા (Titian) ને જ્યૉર્જિયને વર્ણસંયોજનમાં અદ્‌ભુત ઇંદ્રજાળનો પરિચય કરાવ્યો છે. પેરૂજિનો એક નવી જ આભાવાળા વાદળી રંગના પ્રયોગ કરી પ્રસિદ્ધ થયો છે. બોતિચેલ્લી તેનાં ચિત્રોમાં પ્રભાતના પ્રકાશમાં નરમ સૂરના એક વિશિષ્ટ પીળા વર્ણનો ઉપયોગ કરવા માટે નામચીન થયો છે. ટીશ્યાનાં ચિત્રોની સુવર્ણરંગી સુષમા (ભભક) ખૂબ જાણીતી છે. જ્યૉર્જિયનનાં ચિત્રોમાં ગુલાબી રંગઆભાનો જયજયકાર થયેલો છે.


સ્પેનમાં વર્ણપ્રયોગની પ્રથમ શરૂઆત કરનાર કલાકાર વેલાસ્કુએ Velasque. તેના ચિત્રોમાં જુદાજુદા સૂરના, જુદાજુદા ક્રમના પર્યાયના ધૂસર રંગોનો સૂક્ષ્મ પ્રયોગ જોવામાં આવે છે. ઉત્તર યુરોપમાં (હૉલંડમાં) વર્મીઅર (Vermeer) અને વાન ડાઇક (Van Dyck) એ બંને નિપુણ વર્ણશિલ્પી (colourist) થઈ ગયા. ઇંગ્લંડમાં ટર્નર (Turner) વર્ણનો નિષ્ણાત ગણાતો. તેનાં અનેક જગપ્રખ્યાત દૃશ્યચિત્રોમાં નાના પ્રકારના અલૌકિક રંગનૈપુણ્યનો પરિચય થાય છે. ફ્રાન્સમાં ૧૯મી સદીના અંતમાં, પ્રતીતિવાદી ઈમ્પ્રેશનિસ્ટ (Impressionist) નામના એક નવા જ પ્રકારના કલાકાર જૂથે વિજ્ઞાનની સહાયથી ચિત્રકળામાં નવી જ ભાતનો વર્ણપ્રયોગ ચાલુ કર્યો. એ સૌમાં વાં ગો (Van Gough) શ્રેષ્ઠ વર્ણશિલ્પી થઈ ગયો.

વર્ણની વિપરીતતા (Contrast) ને એકતાનતા (Harmony)

પ્રકાશ અને છાયા વચ્ચે જેમ એક પ્રકારનું દ્વન્દ્વ અથવા વિપરીતતા રહેલી છે, તેમ કોઇકોઈ રંગોમાં પણ એવો વિપરીત રસનો ભાવ હોય છે. ઉસ્તાદ ચિત્રકારો આ વર્ણ-વિપરીતતામાંથી યે અનેક અભિનવ રસની સૃષ્ટિ ખડી કરે છે. કુશળ ચિત્રકારના હાથે યોગ્ય અનુપાનથી યોજાઇને વર્ણોની આ વિપરીતતા (contrast) માં પણ નવા ઉપભોગ્ય રસનો સંચાર થાય છે. કોઇ ચિત્રમાં વાદળી (Blue) રંગ વધારે પ્રમાણમાં વાપર્યા પછી તેનો ભાર હળવો કરવા માટે, તેની કઠિનતા ઓછી કરવા માટે, યોગ્ય આભાવાળો લાલ વર્ણ જરૂરી પ્રમાણમાં વાપરવો જોઇએ. ઇટાલિયન ચિત્રકાર પેરૂજિનોનાં ઘણાં ચિત્રોમાં એનાં દૃષ્ટાન્તો મળી આવે છે.

યુરોપના ચિત્રકારો ઘણે ભાગે શુદ્ધ અથવા મૂળ રંગો (pure or primary colours)નો ઉપયોગ કરતા નથી; જ્યારે પૂર્વ દેશોનાં ચિત્રોમાં શુદ્ધ વર્ણનો જ પ્રયોગ તથા વિપરીતતા ખૂબ પ્રમાણમાં જોવામાં આવે છે. આનું શ્રેષ્ઠ ઉદાહરણ ઈરાનની ચિત્રાવલિઓમાં અને હિંદનાં રાજપુત તથા પહાડી કલમના ચિત્રોમાં મળી આવે છે. એમાં ઘણા જુદાજુદા ને વિપરીત રસવાળા રંગોને સમન્વયપૂર્વક, એક એક સૂરની ગાંઠ બાંધીને યોજી, તેમાંથી કુશળ શિલ્પીઓએ સંવાદિતા સૃષ્ટિ (Harmony) ખડી કરી છે. આવા જુદાજુદા વજનનાં, જુદાજુદાં મૂલ્યના, જુદાજુદા સૂરના વર્ણો મારફત એકતા સાધવી એ ચિત્રશિલ્પીની એક પરમ વાંછનીય કુશળતા છે. જેઓ વર્ણોની આવી સંવાદિતા સાધી નથી શકતા તેમની ચિત્રરચના વ્યર્થ છે. આવા જુદાજુદા સૂરવાળા વર્ણોના સંયોજન દ્વારા એકતાનતા ખીલવવી એ ચિત્રશિલ્પનો પ્રધાન અને અનુકરણીય ગુણ છે, વિશિષ્ટતા છે. અનેક ઊંચી કોટિની ચિત્રરચનાઓ, આવી રંગ-સંવાદિતાના અભાવે કરીને, વર્ણની ભાર-સામ્યતા (balance)ના અભાવે કરીને શક્તિહીન થઈ જાય છે અને ચિત્રનું વક્તવ્ય કે ભાવ-પ્રકાશ સાર્થક કે સિદ્ધ થતાં નથી. કયા વર્ણની પાસે કયો વર્ણ મૂકવાથી તેની રચનાનો મેળ જામશે એ વિચારવાની શક્તિ વર્ણરસના અતિ સૂક્ષ્મ જ્ઞાનથી જ આવે છે.

[સંપાદકીય પૂર્તિ: આ નીચે આપેલી આકૃતિમાંના રંગ-ચક્ર વડે આ યોજના સહેલાઇથી સમજી શકાશે. એ ચક્રમાં ઘડિયાળના કાંટાની દિશામાં, લાલ પીળો અને વાદળી એ મૂળ રંગો, જે ક્રમથી પરસ્પરમાં ભળીને બીજા સાત મિશ્ર રંગો ઉત્પન્ન કરે છે તે ક્રમમાં ગોઠવી બતાવ્યા છે;



એટલું જ નહિ, પણ તે ઉપરાંત એવી પણ એમાં યોજના છે કે જે રંગ બીજા રંગનો પૂરક (Complimentary) છે તે બરાબર તેની સામે આવે છે. દાખલા તરીકે લાલનો પૂરક હરિત તેની સામે આવે છે; પોપટી નો પૂરક જાંબુડો તેની સામે આવે છે, વગેરે.]

[આ રસમય લેખમાળાનો પહેલો વિભાગ 'ચિત્ર-વિજ્ઞાન' અહીં પૂરો થાય છે. તેનો બીજો વિભાગ 'શિલ્પ-વિજ્ઞાન' આ જ રીતે સંખ્યાબંધ ઉદાહરણ-ચિત્રો સાથે આવતા વર્ષમાં ચાલુ રહેશે.]

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો——— લેખક

ડૉ. હરિપ્રસાદ પ્ર. દેસાઈ

ગઈ વર્ષાઋતુને જાણે વિદાયમાન દેતાં હોય તેમ પુનાનાં કેટલાંક રસિક નગરજનોએ ત્યાં હમણાં એમ્પ્રેસ બાગમાં ફૂલોનું સુંદર પ્રદર્શન ભર્યું હતુ. આખો બગીચો —તેના ચોક ને ખૂણા સુદ્ધાં-રંગબેરંગી મા-નોનાં કુંડાંને વિધવિધ રંગોનાં અસંખ્ય ફૂલોને સુરુચિથી ગોઠવીને અલૌકિક રીતે શણગાર્યો હતો. એક મોટો મંડપ તો પ્રકારપ્રકારની ફૂલદાનીઓ, લોટા, કાચનાં અને રૂપાનાં ફૂલપાત્રો તથા નાનાવિધ ઘાટનાં સેંકડો કુંડાંથી એટલો બધો અલંકૃત કર્યો હતો કે ત્યાંથી ખસવાનું મન જ ન થાય. એમ લાગતું હતું કે પૃથ્વી પર જેટલા રંગો છે અને જેટલી સુગંધીઓ છે તે બધાંથી એ આખો મંડપ જાણે ભરપૂર હતો. જે ફૂલો માત્ર પૈસા કે રૂપિયાના કદનાં સામાન્યત: જોવામાં આવે તે મોટા કટોરા જેવાં ખિલાવેલાં હતાં. ઘરોનાં આંગણાંને સૃષ્ટિ-સૌન્દર્યથી કેમ દીપાવી શકાય એવી 'લૅન્ડ-સ્કેઈપ ગાર્ડનિંગ'ની કળા માટે ખાસ ઇનામો હતાં તે ઉપરાંત ગૃહશણગાર, ભોજનગૃહ અને શયનગૃહના શણગાર, ગાંદરો અને અભ્યાસગૃહના શણગાર, ઓટલા અને અગાશીઓના તથા ચોકના અને દીવાનખાનાના શણગાર, ખૂણાઓ અને છાજલીઓના શણગાર, ફૂલો વેલાને પાંદડાંથી કેમ કરી શકાય, અરે, મોટરો અને બાઇસિકલો સુદ્ધાંને ફૂલોથી કેમ શણગારી શકાય, તે કળા ત્યાં જોવામાં આવતી હતી. શહેરના માળીઓને પોતપોતાના બાગોની હરીફાઇ કરવાની વર્ષ અગાઉથી ખબર આપવામાં આવી હતી અને પરીક્ષકસમિતિને જે બાગ શ્રેષ્ઠ શોભાયમાન અને સુરુચિપૂર્વક અલંકૃત લાગ્યા તેને ઇનામો ચાંદો અને બક્ષિસો વડા પ્રધાન ખેર સાહેબ પાસે અપાવ્યાં હતાં. સ્ત્રીઓ પણ ત્યાં વિધવિધ કળાથી પોતાના કેશને શોભાવતી વેણીઓ પહેરીને આવી હતી. સભાપતિ અને એમનાં પત્નીને માટે જે હારો બનાવ્યા હતા તે પણ કલામય અને ચિત્તાકર્ષક હતા.

સત્કારમંડળના પ્રમુખ એક વૃદ્ધ મોબેદ (પારસી ધર્મગુરુ) હતા. પારસી ધર્મગુરુઓ આમ તો સાદાં સફેદ વસ્ત્રો જ પહેરે છે. એમણે પણ એ તો પહેર્યાં હતાં; પણ ઉપર સુનેરી કોરનો ખેસ દુપટ્ટો સુંદર રીતે ઓઢીને પોતે પણ બગીચાના આથમતા સૂર્ય જેવા તેજસ્વી બન્યા હતા. એમણે પોતાનાં ફળ, ફૂલ અને વૃક્ષોના મંડળનો ને દિવસે સો વર્ષનો ઇતિહાસ કહ્યો. 'ગુલમહોરનાં વૃક્ષો હિંદુસ્તાનમાં અમારે મંડળે આણેલું, યુકૅલિપ્ટસનાં ઝાડ અને મોગલવેલી પણ અમે પ્રસારી, મુંબાઈ સરકારસ્થાનનો વિક્ટોરિયા બાગ અને મુંબાઈ પુનાનાં બીજાં કેટલાંનો અમારી દેખરેખ નીચે થયાં છે, એમ કહી અંતમાં, પોતે તો ભિક્ષુ છે અને નવી સરકાર પાસે બગીચાઓ કરવા અને તે દ્વારા લોકોને સુખી કરવાની ભિક્ષા માગવા હાથ લંબાવે છે એમ જણાવીને 'સર્વે જના સુખીનો ભવન્તુ, સર્વે સન્તુ નિરામયા' વાળો સુપ્રસિદ્ધ સંસ્કૃત શ્લોક ગાઇને એમણે આશીર્વાદ આપ્યા. ખેર સાહેબે પણ નવી રાષ્ટ્રીય સરકારના અમલ નીચે આપણાં ગામડાં અને શહેરો વૃક્ષરાજિઓ તથા બાગ બગીચાથી શોભા રહે એવી પ્રાર્થના કરીને એ મંડળને પોતે બ્રાહ્મણના પુત્ર હોવા છતાં વર્ષોથી બંધ પડેલું સરકારી વર્ષાસન ફરી શરૂ કરી આપવાનું વચન આપ્યું.

આ પૃથ્વી પર ઉતારેલી સ્વર્ગભૂમિ સમા, ફૂલોના એ પ્રદર્શનની હકીકતથી આ લેખમાળા હવે સમાપ્ત થાય એ જ યોગ્ય છે. હજી વર્ષાઋતુમાં જોએલો ભોરઘાટ, નીલા અને મૂઠા નદીના બંધો પાસેનું સૃષ્ટિસૌન્દર્ય, દક્ષિણનાં ગામડાંને પાદરે વહેતાં ઝરણાં અને ભાગા નદી, રાજકોટનું સરોવર, જામનગરનો અમૂલ્ય અને અનન્ય ચિત્રસંગ્રહ મારે વર્ણવવાં હતાં જામનગરના યુરોપી ચિત્રસંગ્રહમાં ખલીલ જિબ્રાનની 'વિદાય વેળા' નું ભવ્ય ચિત્ર છે એમાં, બાર વર્ષ સુધી પર્વતના શિખર પર રહી એક તપસ્વી સાધુ (જે માનવ જીવનનું રૂપક છે તે) એ ગ્રામવાસીઓની છેલ્લી વિદાય લઇને અંતિમ સફરે નીકળે છે એનું કરુણરસિક પણ પાવનકારી દૃશ્ય છે. દર વર્ષની માફક આ વર્ષની દીવાળીએ મારા નાનકડા ઘરમાં ધ્યાન માટે જે ચિત્રો ગોઠવ્યાં છે તેમાં એક કનુભાઇ દેસાઇનું 'કામદેવ અને રતિનું' ચિત્ર છે. એમાં પૃથ્વીપરનાં રસિક યુવકો અને યુવતીઓનાં પ્રતિનિધિ સમાં કામદેવ અને રતિને હું જોયા કરું છું અને આ મોહક સંસારને નમન કરું છું. બીજાં બે ચિત્રોમાં પંજાબી ચિત્રકાર સુધતાઈની 'વિયોગિની,' પોતાના સ્વર્ગવાસી પતિની કબર ઉપર ફૂલ ચડાવવા આવી છે તે એની પાસે હૃદયતંતુ જેવી દિલરૂબાને વગાડતી ગાનસમાધિમાં લીન છે. ત્રીજું ચિત્ર અવનીન્દ્રબાબુનું છે. તેમાં પુત્રને અંધ કરનાર અશોકની કામપિપાસુ રાણી તિષ્યરક્ષિતા બોધિવૃક્ષ પાસે પોતાનાં પાપનો પશ્ચાત્તાપ કરતી છળીઊઠેલી નજરાગાં આવે છે.

પરંતુ આ બધાં જીવનલીલાનાં રસદર્શનનો તો પાર નથી. મને ભય લાગે છે કે વધુ લંબાવવાથી કદાચ ઘરડા લોકોના બકવાદ રૂપ થઇને એ કંટાળો આપશે. પણ વાચકને છેલ્લે એટલું જ કહું છું કે વસ્તુનું સૌંદર્ય કે રસદર્શન માણસ પોતાની જ દૃષ્ટિની સહૃદયતા અને રસાભિમુખતાથી કરી શકે છે. મજનુને કોઇએ કહ્યું હતું કે તારી લયલા કંઈ તું કહે છે એવી તો સુંદર નથી; બધા સ્ત્રીઓ છે એવી એ પણ છે. એને મજનુએ જવાબ આપ્યો હતો કે 'તમે એને મારી આંખથી જુઓ!' એમ, મારે પણ, એટલું જ કહેવું છે કે આ બધો સંસાર મારી આંખથી જુઓ. હું જે રીતે રસાભિમુખ થઈ શક્યો અને આ સંસારના સૌન્દર્યનું પાન કરી શક્યો તેમ આ માળાના વાચનથી જો વાચક અભિમુખ થશે તો તેની કૃતાર્થતા સમજીશ.

શિશુવિહારથી જીવન શરૂ કર્યું હતું. પરંતુ 'એ નિર્દોષ બાળપણ, હાય રે, ચાલ્યું ગયું' એવો શોક મેં કદિ કર્યો નથી. કિશોરાવસ્થા, યૌવન, પ્રૌઢાવસ્થા બધાંએ મને પોતાના આનન્દ આપ્યા છે. અરે, આ સંસારનાં સ્ત્રી પુરુષોમાંથી પણ કોઈની સામે કશી ફરિયાદ કરવાનું મને કારણ મળ્યું નથી. કેટલાંકોએ તો મારા પર પ્રભુ જેવા પ્રેમ કર્યા છે અને માતાપિતા જેવા ઉપકાર કર્યા છે. આ પૃથ્વી પાસેથી, જળ પાસેથી, આકાશ પાસેથી, તેજ પાસેથી અને વાયુ પાસેથી મેં જીવનભર રસ અને સૌન્દર્ય જ મેળવ્યાં છે જે શિશુવિહારથી જીવન શરૂ થયું હતું ત્યારથી આજ સુધીના જીવનરૂપી નાટકનો એકેએક અંક મને સુખદુ:ખના નાના પ્રકારના અનુભવોનું અત્તર આપી ગયો છે. હવેના કલાકો ઘડપણના ગણાય. એ હવે બ્રહ્મવિહારના પરમ રસના દર્શનમાં જાય એવી મારી પ્રાર્થના છે. એ બ્રહ્મ કંઈ અહીંથી બહુ દૂર હોય એમ મને લાગતું નથી આ જડ મનાતા જગતમાં જ મને તો એ ઠસોઠસ ભરેલો લાગે છે. (સંપૂર્ણ)

પ્રાચીન નાટ્યશાસ્ત્ર

અને તેની અનુષંગી કલાઓ (નૃત્ય અભિનય આદિ)નો પરિચય આપતી લેખમાળા

[૪]

પ્રાચીન નાટ્યગૃહો

ભરત નાટ્યશાસ્ત્રમાં નાટ્યગૃહ બાંધવાનો વિધિ પણ વિસ્તારપૂર્વક દર્શાવવામાં આવ્યો છે. પ્રાચીન કાળમાં પ્રેક્ષાગૃહોની રચના ત્રણ પ્રકારની થતી : લાંબી, ચોરસ અને ત્રિકોણ. અને એ ત્રણે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ પ્રમાણથી બંધાતાં એકસો આઠ હાથની લંબાઇવાળો રંગમંડપ ઉત્તમ વર્ગનો કહેવાતો; ચોસઠ હાથનો મધ્યમ વર્ગનો અને બત્રીસ હાથનો રંગમંડપ કનિષ્ઠ વર્ગનો કહેવાતો.

છતાં નાટ્યશાસ્ત્રમાં કહ્યું છે કે 'નાટ્યમંડપ બહુ લાંબો હોય તો પાત્રોને ઊંચે સ્વરે ગાવું-બોલવું પડે છે; તેથી તે બેસૂરું થવાનો સંભવ રહે છે. વળી, નાટકમાં થતા વિવિધ ભાવો તેમજ નેત્ર વગેરે ઉપાંગોનું વિવિધ પ્રકારોનું હલનચલન પ્રેક્ષકોને ખૂબ દૂર પડવાથી યથાસ્થિત જોઈ શકાતું નથી. આથી બધી રંગભૂમિઓ મધ્યમ કદની જ કરવી, જેથી પ્રેક્ષકો નાટક બરાબર જોઈ-સાંભળી શકે.

રંગમંડપ કેવી ભૂમિ પર બાંધવો તથા તેની માપણી કેવી રીતે કરવી વગેરે પણ નાટ્યશાસ્ત્રમાં ખૂબ વિસ્તારપૂર્વક બતાવવામાં આવ્યું છે; એટલું જ નહિ પણ ભૂમિ માપવાની દોરી કેવા પ્રકારની તથા કેવા વર્ણની રાખવી ત્યાં સુધીનો નિર્દેશ કરેલો છે. પણ એ બધી વિગતોમાં આપણે અહીં નહિ ઊતરીએ.

નાટ્યભૂમિ માટે ચોસઠ હાથ જમીન માપીને તેના બે ભાગ કરવામાં આવતા. તેમાંના પાછલા ભાગના બીજા બે ભાગ કરી આગલા ભાગનું રંગશીર્ષ (Stage) કરવામાં આવતું અને પાછલા ભાગનું નેપથ્યગૃહ થતું. તે કાળમાં નાટ્યગૃહની સરખામણીમાં રંગભૂમિ અને નેપથ્યગૃહ કેટલાં મોટાં રખાતાં તેનો આ પરથી ખ્યાલ આવશે. પ્રેક્ષકોનાં સુખસગવડનો પણ એ રચનામાં સંપૂર્ણ વિચાર કરવામાં આવતો. પ્રેક્ષકોની બેઠકોની રચના રંગશીર્ષ બરાબર જોઈ શકાય તેવી રીતે થતી. તે પગથિયાની જેમ એક એક હાથ ઊંચી ચડઊતર રહેતી. નાટ્યગૃહની રચના પર્વતની ગુફા જેવી કરવામાં આવતી, જેથી તેમાં મંદ પવન આવી શકે અને અવાજ ગંભીરરીતે સાંભળી શકાય.

રંગશીર્ષ કેવું હોવું જોઇએ તે વિષે નાટ્યશાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું છે : 'રંગશીર્ષ કાચબાની પીઠ પેઠે વચમાંથી ઊંચું ન હોવું જોઇએ, પણ કાચ જેવું સપાટ અને સરખું હોવું જોઇએ.' લાંબાં પ્રેક્ષાગૃહોનું રંગશીર્ષ પ્રેક્ષકોની બેઠકથી ઊંચું થતું ને ચોરસ રંગમંડપનું સમાન રહેતું.

તે વેળાનાં નાટ્યગૃહોમાં થતી કારીગરીની કલ્પના નાટ્યશાસ્ત્રમાં આપેલાં નીચેનાં લક્ષણો પરથી આવી શકશે: 'નાટ્યમંડપ યુક્તિ-પ્રયુક્તિથી યુક્ત અનેક રચનાઓવાળું, નાના પ્રકારની કારીગરીવાળું, ચોતરફ પ્રાસાદની પ્રતિમાઓથી સુશોભિત, અને વિવિધ જાળિયાં, ગોખ, સ્થંભો તેમજ અનેક દ્વારોવાળું હોવું જોઇએ.' વળી નાટ્યગૃહ બાંધતી વેળાએ તેના આરંભ, સ્થાપન, પ્રવેશ આદિના દરેક પ્રસંગે શંખ, નગારાં, મૃદંગ, પણવ વગેરે વાદ્યવાદન સાથે વિવિધ બલિ તથા દાન, બ્રહ્મભોજન આદિ અનેક વિધિઓ કરવામાં આવતી. જેમકે 'રાત્રે વિવિધ અંગોવાળુ બલિદાન કરવું. તેને ગંધપુષ્પયુક્ત કરી દશે દિશાઓમાં મૂકવું. પૂર્વ દિશામાં સફેદ અન્નનું, દક્ષિણમાં કાળા અન્નનું, પશ્ચિમમાં પીળા અન્નનું અને ઉત્તરમાં રાતા અન્નનું બલિ આપવું. બ્રાહ્મણોને ઘી તથા પાયસાન્ન, રાજાને મધુપર્ક તથા અન્યને ઉચિતતા પ્રમાણે બીજું અન્ન અપવું' વગેરે.

બાંધકામની દરેકેદરેક વિધિમાં તિથિ, મુહૂર્ત તથા કરણ જોવામાં આવતાં. નાટ્યમંડપમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર નામના ચાર મુખ્ય સ્થંભોની અનુક્રમે રચના થતી અને તેમાં પણ મુહૂર્ત, નક્ષત્ર તથા કરણ જોવામાં આવતાં; અને તેમનું અનેક વસ્તુઓથી પૂજન કરી અનેક વિધિઓ કરવામાં આવતી. તેમાં બ્રાહ્મણસ્તંભ નીચે સુવર્ણ, ક્ષાત્રસ્તંભ નીચે રૂપું, વૈશ્યસ્તંભ નીચે ત્રાંબુ અને શૂદ્રસ્તંભ નીચે લોઢું જડવામાં આવતું.

નાટ્યશાસ્ત્રમાં દર્શાવેલાં નીચેનાં સૂચનો પરથી તે કાળના વૈભવની કંઈક ઝાંખી થાય છે : 'રંગશીર્ષ રત્નજડિત કરવું તેમાં પૂર્વમાં હીરા, દક્ષિણમાં વૈદુર્યમણિ, પશ્ચિમમાં સ્ફટિકમણિ અને ઉત્તરમાં પ્રવાલ તેમજ મધ્યમાં કનકજડિત કામ કરવું. દરેક દ્વાર સામે હાથીદાંતના સ્થંભો મૂકવા. ભીંત પર મહાપુરુષોનાં ચરિત્રાલેખતું ને વિવિધ ચિત્રકામ કરવું વગેરે.' આમ, પ્રાચીન નાટ્યગૃહો અત્યંત સુયોજિતપણે અને સમૃદ્ધરીતે રચાતાં હોવાની અનેક સાબિતીઓ મળે છે.

યોગેન્દ્ર પ્રિયદર્શી

નવાં પુસ્તકો

પ્રતિમાઓ : શ્રી ઝવેરચંદ મેઘાણીની નવ ચિત્રપટકથાઓનો સંગ્રહ, ૨-૮-૦, **નિરંજન** : શ્રી ઝવેરચંદ મેઘાણીની પ્રથમ વાર્તાકૃતિ, ૩-૦-૦; **ઝાંસી રાણી ઝિન્દાબાદ** : રાણી લક્ષ્મીબાઈથી માંડીને લેફ્ટનન્ટ કર્નલ લક્ષ્મી સુધીની સ્ત્રી જાગૃતિની તેજસ્વી તવારીખ: લેખક-'જયભિખ્ખુ', ૨-૮-૦; **શ્રી સુભાષચન્દ્ર બોઝ** : નેતાજીનું જીવન ચરિત્ર, લેખક-ગુણવંતરાય આચાર્ય, ૨-૮-૦; **સોરઠી સંતો**: શ્રી ઝવેરચંદ મેઘાણીના પુસ્તકની નવી આવૃત્તિ; ૧-૮-૦; **જેલ ઑફિસની બારી** : જેલ જીવનના અવનવા રંગો રજૂ કરતું શ્રી ઝવેરચંદ મેઘાણીનું પુસ્તક, ૧-૮-૦; **નાનકડી વાતો** : રમણલાલ નાનાલાલ શાહની નાની બાલવાર્તાઓનો સંગ્રહ, ૦-૧૨-૦. સાતે પુસ્તકોના પ્રકાશકઃ ગૂર્જરગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ. **કુમાર કથાઓ** : જેમાંની ઘણીખરી વાતોથી 'કુમાર'ના વાચકો પરિચિત છે તે રમણલાલ સોનીની કિશોર કથાઓનો સંગ્રહ; ૩-૦-૦; **હિન્દની અંગ્રેજ વેપારશાહી** : અંગ્રેજોના આગમનથી માંડીને આજ સુધીનો ઇતિહાસઃ રજૂ કરનાર-મગનભાઇ પ્રભુભાઇ દેસાઇ, પ્રકાશક ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૪-૦-૦; **જય ઇન્ડોનેશિયા**: આપણા પૂર્વી ઉંબરના પડોશી રાષ્ટ્રની ખરી ઓળખ આપતા આ પુસ્તકના સંપાદક મહેન્દ્ર મેઘાણી, પ્રકાશક શિષ્ટ સાહિત્ય મુદ્રણાલય મોટા આંકડિયા ૧-૮-૦; **ત્રિપુટી** : ગોવિન્દભાઈ રા. અમીનનો નવલિકા-સંગ્રહ, પ્રકાશક આર.આર શેઠની કું. મુંબાઇ, ૨-૮-૦; **શત્રુંજય** : શત્રુંજયના તીર્થપ્રવાસની માહીતી આપતા આ પુસ્તકના લેખક ફુલચંદ હરિચંદ દોશી-મહુવાકર, પ્રકાશક ચંદ્રકાન્ત ફુલચંદ દોશી, પાલીતાણા, ૧-૧૨-૦; **નિસર્ગોપચારનું જીવન દર્શન** : લેખક, રમણલાલ એન્જીનીયર, પ્રકાશક શિષ્ટ સાહિત્ય મુદ્રણાલય, મોટા આંકડિયા, ૨-૮-૦; **સાહસકથાઓ** : લેખક રમણિક અરાલવાળા, પ્રકાશક-સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, ૦-૧૦-; **કાવ્યાંગના** : લેખક અને પ્રકાશક જટિલરાય કેશવલાલ વ્યાસ, બી.એ., પોરબંદર, ૧-૮-૦.



મધુકરી

એક અખંડ રેંટિયો ગુંજે,
એનો નાદ રમે બ્રહ્મકુંજે.
આકાશગંગાનો પાલ પડયો છે ને ધૂમકેતુની કરી પૂણી,
તેજના વાધાથી સૃષ્ટિને ઢાંકવા અનંતતા પડે ઊણી.—એક૦
પ્રકૃતિ જાણે કરોળિયા શી કાંત્યાં કરે ને મહી ઝૂલે,
ઘટમાં બેઠાબેઠા કાંતે છે માંહ્યલો, કાંતે છે પ્રેમને મૂલે.—એક૦
દિવસ રાતનાં ચક્ર ચાલે ને કર્મનાં કોકડાં લાગ્યાં.
કાંઈ કરી એવું કાંતો કે છૂટે આતમના દેહવાઘા.—એક૦

(ઉમાશંકર જોષી)

સ્વ. સર મનુભાઈ નંદશંકર મહેતા

ગુજરાતે સર્જેલા શક્તિશાળી અમાત્યો પૈકીના એક અગ્રણી (અને સર પ્રભાશંકર પટ્ટણીના અવસાન પછી કદાચ છેલ્લા) અમાત્ય સર મનુભાઇ નંદશંકર મહેતાનું ૭૮ વર્ષની વયે મુંબાઇમાં અવસાન થયું. એ વિચક્ષણ અને વિદ્વાન રાજપુરુષના જવાથી ગુજરાતને ગએલી ખોટનો આંક જાહેરમાં બહુ મૂલવાયો જણાયો નથી; પરંતુ ચાલુ યુગપ્રવાહથી એક ભિન્ન ક્ષેત્રમાં રહ્યારહ્યા પણ એમની એકધારી કારકીર્દિ અને સ્થિરજ્યોત વ્યક્તિત્વનો સૌમ્ય પ્રકાશ ગુજરાતના સાંસ્કૃતિક જીવનના એક પાસાને જે અજવાળી ગયો છે તે અત્યંત ગણનાપાત્ર અને ગુજરાતના તેજસ્વી પુત્રોમાં એમને સ્થાન અપાવે એવો છે.

ગુજરાતી ભાષાની પહેલી નવલકથા 'કરણઘેલો'ના કર્તા રાવ બહાદુર નંદશંકર તુલજાશંકર મહેતાને ત્યાં, સુરતમાં વડનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં, ઈ. ૧૮૬૮ના જુલાઇની ૨૨મી તારીખે એમનો જન્મ થયો હતો. એમનાં માતાનું નામ નંદગૌરી. પિતા નંદશંકર જીવનનાં છેલ્લાં બાવીસ વર્ષ રેવન્યુ અને રાજપ્રકરણી ખાતામાં મામલતદાર ને ઍડમિનિસ્ટ્રેટર જેવા હોદ્દાઓ પર ઊજળી કામગીરી બજાવી ગએલા છતાં પોતાના શરૂઆતના વ્યવસાય 'માસ્તર'ના નમ્ર નામથી જ જાણીતા હતા; પણ એમની પ્રામાણિકતા, ન્યાયપ્રિયતા ને ઉચ્ચઆગ્રહથી ઘણો સમાદર પામેલા એ આપબળે આગળ વધેલા વિદ્યાવ્યાસંગી ને સંસ્કારી પિતાના ત્રણ તેજસ્વી પુત્રોમાં મનુભાઈ વચેટ હતા. નાના પુત્ર વિનાયકરાવ પણ હિંદી સિવિલ સર્વિસમાં યુક્ત પ્રાંતોમાં કમિશ્નર ને રેવન્યુ મેમ્બર જેવા ઉચ્ચાધિકાર ભોગવી ગયા છે એ જાણીતું છે.

પ્રાથમિક શિક્ષણ લુણાવાડામાં અને માધ્યમિક ભાવનગર તથા મુંબઈમાં લઇને મનુભાઈ મુંબઈમાં એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થયા. એમની કૉલેજની કારકીર્દિ અત્યંત ઉજ્જવળ હતી. ત્યાંનું એલ્ફિન્સ્ટન પ્રાઈઝ તેમજ હોમજી કરસેદજી દાદી પ્રાઇઝ મેળવવા ઉપરાંત તેઓ એલિસ સ્કૉલર તેમજ આર્નોલ્ડ સ્કૉલર હતા, અને અર્થશાસ્ત્ર, ઇતિહાસ, તર્કશાસ્ત્ર તેમજ તત્ત્વશાસ્ત્રમાં પોતાની બુદ્ધિ દાખવી તેઓ એમ.એ., અને પછી એલએલ. બી. થયા. અમાત્યપદ દરમ્યાન પણ એમના અભ્યાસના પ્રિય વિષયો એ જ રહેલા: લૉજિક, ફિલૉસોફી, લૉ, હિસ્ટરી અને પોલિટિકલ ઇકોનામી. ઉપરાંત એ રસિક કલાવિદ હતા એની શાખ તો એમણે ૧૯૨૬ના મુંબાઈ સાહિત્ય સંમેલનના કલાધ્યક્ષ તરીકે આપેલું વ્યાખ્યાન પૂરે છે.

જીવનની શરૂઆત તેમણે વડોદરા કૉલેજમાં પ્રોફેસર તરીકે કરી. ત્યાં સ્વ. સયાજીરાવ ગાયકવાડે એમની પ્રતિભા પરથી રાજ્યના વહીવટી તંત્રમાં ખેંચી લીધા અને ત્યાં તેઓ નાયબ દીવાન, લીગલ રીમેમ્બ્રેન્સર ને પછી મુખ્ય દીવાનના પદે ચડી લાંબો કાળ રહ્યા, જે દરમ્યાન આધુનિક વડોદરાના ઘડતરમાં એમણે મોટો હિસ્સો આપ્યો. ત્યાર બાદ તેઓ ઉત્તરોત્તર બિકાનેરના પ્રાઇમ મિનિસ્ટર અને ગ્વાલિયરના હોમ મિનિસ્ટર તથા પોલિટિકલ મિનિસ્ટર થયા. હિંદી પ્રશ્ન વિચારવા માટેની ઇ. ૧૯૩૧–૩૪ની રાઉન્ડ ટેબલ

આ માસ (ડિસેમ્બર)નું પંખી



શમળી

સુસવાટાભેર આવીને આપણા હાથમાંથી ખાવાની વસ્તુ ઝડપી જનારી હિંમતવાન શમળી તો દેશ આખામાં વ્યાપક પંખી છે. ઝપટ મારવાના વીજળી જેવા વેગ માટેનો 'ચિલઝડપ' શબ્દ એના હિંદુસ્તાની નામ 'ચિલ' ઉપરથી જ નીકળ્યો છે.

દેખાવે લગભગ ગરુડના જ જેવી ગરુડની આ માશી કદમાં એનાથી નાની. ગરુડનું માથું ચપટું, જ્યારે આનું ગોળાશપડતું. ગરુડને છેક આંગળાં સુધીના આખા પગે પીછાં; શમળીને માત્ર ઢીંચણ સુધી. ગરુડની પૂંછડી છેડેથી ગોળાશપડતી; શમળીની આવી Λ શંકુ આકારે વચ્ચેથી કપાએલી. એ કતરાએલી પૂંછડી વડે ગમે તેવા પવનમાં પણ તરેહવરેહની ગતિ બદલી શકે છે. ખોરાકમાં એ ભંગી જેવું જીવન જીવતી હોવાથી એનું અંગ્રેજી નામ પાડયું છે 'પારિયા કાઇટ.'

આ ઉપર આપ્યું છે તે ચિત્ર એનાથી નાની એક 'બ્રાહ્મિની કાઈટ' (રૂહ મુબારક) નામની એની બહેન લાલ શમળીનું છે. આકારે એ બરોબર એના જેવી; પણ રૂપરંગ ને રહેઠાણમાં ફેર. એનું માથું અને છાતી સુધીનું ગળું તદ્દન સફેદ, તે એને ઓળખવાની નિશાની. બાકીનું બધું શરીર ઘોડા જેવું ચકચકિત લાલ. ચાંચ શીંગડા જેવી વાદળી, ને પગ મેલા પીળા. નદીનાળાં કે તળાવ પાસે વસતું ને માછલાં, દેડકાં, તીતીઘોડા વગેરે પર જીવતું એ પંખી પણ હિંદભરનું વાસી છે.
(શ્રી 'વનેચર'ના લેખ ઉપરથી સંપાદિત)

કૉન્ફરન્સના તેમજ ઇ. ૧૯૩૩-૩૪ની લંડનની પાર્લામેન્ટ કમિટીના પણ તેઓ મેમ્બર હતા. એમની રાજપ્રકરણીય દક્ષતાને લીધે હિંદના અગ્રણી રાજપુરુષોમાં એમની ગણના થતી.

એમનું લગ્ન પ્રથમ ઈ. ૧૮૮૭માં સ્વ. હર્ષદકુંવર સાથે સુરતમાં થયું હતું. ત્યાર બાદ ઈ. ૧૯૦૭મા હાલના લેડી ધનવંતા સાથે સુરતમા એમનુ બીજી વારનું લગ્ન થએલું. એમને ચાર પુત્રો–કાન્તિચંદ્ર એમ. એ. કૅન્ટાબ, ચન્દ્રહાસ બી. એ. કૅન્ટાબ, આશુતોષકુમાર તથા જગદીશકુમાર તથા સાત પુત્રીઓ–સૌ જયશ્રી રાયજી, સૌ. હંસા મહેતા, સૌ. પન્ના દફતરી, સૌ. નિવેદિતા દેસાઇ, સૌ. રામદુલારી મોદી તથા કુમારી મીનળબેન–છે.

જીવનભર રાજકારણમાં તન્મય રહેવા છતાં એમનો સાહિત્યપ્રેમ અખંડ રહ્યા કર્યો છે. સાહિત્ય સંમેલનનાં કલાપ્રદર્શનોનું ઉદ્‌ઘાટન કરતી વેળાનાં તથા પહેલી પુસ્તકાલય પરિષદના પ્રમુખપદેથી એમણે આપેલાં વ્યાખ્યાનો વિચાર અને વિદ્વત્તાથી ભરેલાં હતાં.

નિકલના નવા સિક્કા

આપણું ધ્યાન ખેંચ્યા વિના હમણાં હિંદમાં અર્ધા અને પાવલીના નવા સિક્કાઓ વપરાશમાં આવી ગયા. હિંદી સરકારે ૧૯૪૬ની ૨૩મી મે ના રોજ તેની મંજૂરી આપેલી. હિંદના સિક્કાઓના ઇતિહાસમાં આ સિક્કાઓનો પ્રવેશ એક અગત્યનું સીમાચિહ્ન બને છે. જોકે આજે પ્રચલિત બે આના, એક આની અને અર્ધા આનાના સિક્કાઓમાં 'કૂપ્રો-નિકલ' નામનું ત્રાંબામિશ્રિત નિકલ તો ક્યારનું વપરાવા માંડ્યું હતું, પણ શુદ્ધ નિકલના સિક્કા તો આ દેશમાં આ પ્રથમ પડે છે.

સિક્કામાં નિકલનો ઉપયોગ સૌ પહેલો સ્વિટ્ઝર્લૅંડે ઈ.૧૮૮૧માં કર્યો. તે પછી ફ્રાન્સ, બેલ્જિયમ, ઇટલી, કૅનેડા અને ઑસ્ટ્રિયા તેને અનુસર્યાં અને આજે તો દુનિયાના ૨૯ જેટલા દેશો નિકલના સિક્કા ચલણમા દાખલ કર્યા છે. સિક્કાની ધાતુ તરીકે નિકલ વાપરવાનો મુખ્ય ફાયદો એ છે કે તે અત્યંત ઉચ્ચ ઉષ્ણતામાને (૧૪૫૨ ડિગ્રી સેન્ટીગ્રેડ ઉપર) ઓગળતું હોવાથી તેની બનાવટમાં ખાસ યંત્ર સામગ્રી જોઇએ છે, જેથી ખોટા સિક્કા પાડનારાઓ હવે નહિ ફાવી શકે. કેમકે તેમણે તેમાં કોઇ પણ અ-લોહ ધાતુ તો વાપરવી જ જોઇએ, અને શુદ્ધ નિકલમા તો માત્ર પાંચમા ભાગ જેટલી પણ અ-લોહ ધાતુ ભેળવવામા આવે કે તરત તે તેનું ચુંબકત્વ ખોઇ બેસે છે; એટલે લોહચુંબકના મદદથી વગરબનાવટી સિક્કો પકડી પાડી શકાય.

આ ઉપરાંત પણ નિકલ બીજી ઘણી રીતે અન્ય શુદ્ધ કે મિશ્ર ધાતુઓ કરતા ચઢિયાતુ છે. તે હવામાન કે બીજી અસરથી ખવાતું કે કટાતુ નથી, અત્યંત ચીકણું હોવાથી ઘસારા સામે ખૂબ ટકી શકે છે અને છતાં છાપવામાં એટલું અનુકૂળ છે કે કોઇ પણ બારીક કે કલામય છાપ તેના પર પાડી શકાય છે. વળી ખાસ કરીને શુદ્ધ નિકલ પર મેલ ચોંટી શકતો નથી, એટલે માત્ર કપડા વડે લુછવાથી જ તે પરના ડાઘ કે ધૂળ નીકળી જઈ ચકચકિત થઈ જાય છે.

અર્ધા અને પાવલીના આ નવા સિક્કામાં નવી ધાતુ વપરાયા ઉપરાંત બીજી પણ ધ્યાન ખેંચનારી લાક્ષણિકતાઓ છે. પહેલું તો એ કે બનાવટી સિક્કાનો સંભવ ઓછો થઇ ગયા હોવાથી તેની કિનાર



પરની કાંગરી કાઢી નાખીને સાદી રાખવામાં આવી છે. બીજું એ કે તેની પાછલી બાજુ પર, હિંદી સિક્કાઓમાં પહેલી જ વાર, વાઘનું ચિત્ર છાપવામાં આવ્યું છે. તેની નીચે હિંદ-૧૯૪૬ અને ઉપર કમાનાકારે દેવનાગરી, રોમન અને ઉર્દૂ લિપિમાં 'અરધો રૂપિયો' કે 'પા રૂપિયો' એવાં લખાણ છે. અને ત્રીજું એ કે અન્ય સિક્કાઓની પેઠે તે ખખડાવવાથી જોકે રણકતો નથી, પણ ઉપર કહ્યું તેમ તેમાંના ચુંબકત્વને લીધે એક નાનું છોકરું પણ સાધારણ લોહચુંબક વડે તે ખરો-ખોટો હોવાની ખાતરી કરી શકે છે; અને આવી ચોકસી કરવા માટે સરકારી તીજોરીઓ અને ગામપટેલોને સરકાર લોહચુંબકો પુરાં પાડવાની છે.

અમ્બર

અમ્બર રત્ન કે ઝવેરાત નથી; જોકે એક જમાનામાં તેની એ રીતની ગણતરી થતી હતી. પશ્ચિમની સ્ત્રીઓ તેનાં આભૂષણો પહેરવામાં ગૌરવ પણ લેતી. ખરી રીતે તો તે કરોડો વર્ષો પહેલાંનાં પાઇન વૃક્ષોનો કાલાનુક્રમે કઠણાશ પામેલો ગુંદર કે રેઝીન છે.

અમ્બર પૂર્વ પ્રુશિયાના પ્રદેશ, બાલ્ટિકસમુદ્રના દખણાદા કિનારા અને સામલૅન્ડ દ્વીપકલ્પના સમુદ્રમાંથી જથ્થાબંધ મળી આવે છે. જોકે એ સમુદ્રની પેદાશ નથી; પણ જ્યાં યુગોના યુગો પહેલાં પાઇનવૃક્ષોનાં જંગલો હતાં ત્યાં ભૂસ્તરીય ઉત્પાતોને લીધે અત્યારે પાણી ફરી વળેલાં હોવાથી જ હાલ તે સમુદ્રના ઊંડાણોમાંથી હાથ લાગે છે. કદીક તોફાની ભરતી વખતે તે કિનારા ઉપર ઘસડાઇ પણ આવે છે, અગર તો માણસો દરિયામાં ડૂબકી મારી તેને ઉસેડી લાવે છે પૂર્વ પ્રુશિયાની આસમાની ધરતીના એક ઘન વાર માટીમાંથી સરેરાશ રતલ જેટલું અમ્બર મળી આવે છે.

અમ્બરના ઉત્પત્તિકાળમા પૃથ્વી ઉપર અત્યારના કરતાં વધારે ગરમી પડતી હતી. એ વેળા આજના બાલ્ટિક સમુદ્રનો પ્રદેશ ભૂમિભાગમય હતો ને રશિયાથી તે કૅનેડા સુધીનો ભાગ જમીનનો મોટો ખંડ હતો. અને તે પર વિશાળકાય પાઇન-વૃક્ષો આવી રહેલાં હતાં.

એ કાળમાં માનવી હજી અસ્તિત્વમાં આવ્યો ન હતો. જોકે રાક્ષસી કદનાં વિચિત્ર પ્રાણીઓ નાશ પામ્યાં હતાં અને અર્વાચીન યુગનાં પ્રાણીઓ જન્મી ચૂક્યાં હતાં. પણ તે કાળ મુખ્યતઃ જંતુઓની વસાહતનો હતો પૃથ્વી હજારો જાતનાં જંતુઓ (જેવાં કે મધમાખ, અનેક જાતની માખો, મચ્છર, ભમરી, વંદા, તીડ, તીતીઘોડા, કીડી, કરોળિયા, કંસારી, ફૂદાં, પતંગિયાં, કીડા, વીંછી, કાનખજુરા વગેરે)થી ભરચક હતી. આ બધી જાતનાં, લાખો વર્ષ અગાઉનાં એ જંતુઓ અત્યારે પણ અમ્બરમાં જકડાઇ રહેલાં જેવાં ને તેવાં આબેહૂબ જોવા મળે છે. જર્મનીમાં કૉનિસબર્ગમાં એક અમ્બર મ્યુઝિઅમ છે, જે પૃથ્વીભરમાં અદ્વિતીય અને અપ્રતિમ મનાય છે. ત્યાં આવાં કાળજૂનાં જંતુઓ અને છોડવાઓ અમ્બરમાં જડાઈ રહેલાં જોવા મળે છે. સ્વાભાવિક પ્રશ્ન થાય કે એ કેમ બનવા પામ્યું હશે ? તે જમાનામાં હવામાં વિચરતાં જંતુઓ પાઇનવૃક્ષોમાંથી ઝરતા ગુંદરમાં ચોંટી ગયાં હશે. પછી પવનનાં તોફાન કે જીર્ણાવસ્થા થવાથી એ વૃક્ષો પૃથ્વીપર આડાં પડી ગયા હશે. સૈંકડો વર્ષ પર્યંત એમ પડી રહેવાથી તે પર જમીનના થરના થર ચડી ગયા, તેના ઉપર બીજાં વૃક્ષો પણ ઊગ્યાં ને તે પણ જીર્ણ થવાથી આડાં પડી જમીનમાં દટાયાં. આમ કાળના કાળ વીતતા પાઈનવૃક્ષોનો પેલો ગુંદર સખત થતો ગયો, અકલ્પ્ય પરિવર્તનો પામતો ગયો અને છેવટે અમ્બરના રૂપમાં પરિણમ્યો. સાથે સાથે એ ગુંદરમાં જકડાએલાં જંતુઓ પણ માટીના જીવાણુઓના સંપર્કમાં આવતાં બચી ગયાં ને તેનો નાશ ન થતાં પોતાના દેહની આબેહૂબ રેખાઓ ને કદ દર્શાવતાં અમ્બરમાં જ કાયમ રહ્યાં !

પાશ્ચાત્ય દેશોમાં ફીનીશિયનો અમ્બરનો વેપાર કરતા અને

તેનો કિંમતી ચીજ તરીકે તથા આભૂષણોમાં ઉપયોગ થતો હતો. આરબો ધાર્મિક ક્રિયાઓ વખતે તેનો ધૂપ કરતા. અમ્બર આરબોની તો બહુ જ માનીતી ચીજ હતી. અમ્બર શબ્દ જ અરેબિયન ભાષામાંથી ઊતરી આવ્યો છે તે જ તેની શાખ પૂરે છે. પૂર્વના દેશોમાં તેનો ઉપયોગ વૈદકમાં થતો. બાળેલા અમ્બરનો ભૂકો માથાના દુખાવા અને હિસ્ટીરિયાનાં દરદોમાં વપરાતો. અમ્બરનું તેલ ફેફરૂં અને ચક્કરીના રોગોમાં દવા તરીકે ઉપયોગમાં લેવાતું. વળી તેનામાં કંઈક જાદુઈ તત્ત્વ સમાયેલું છે એમ પણ મનાતું અને તેનો ઉપયોગ ભૂતપ્રેતને અળગાં રાખવા માટે પણ થતો.

આજે તેનો ઉપયોગ તમાકુ પીવાની ચૂંગીના મોંમાં મૂકવાના ટોચકાના બનાવટમાં થાય છે. ઉપરાંત તેનો વિશિષ્ટ ઉપયોગ વાયોલીન ઉપર રંગ ચડાવવામાં થાય છે. અમ્બરનો ઢોળ ચડાવ્યાથી વાયોલીનના સૂરો મીઠા નીકળે છે એમ માનવામાં આવે છે

પણ સંગીત ઉપજાવવાના ઉપયોગ કરતાં યે એનો વધુ માનવકલ્યાણકારી ઉપયોગ તો વીજળીની શોધમાં થયો છે. વિશ્વમાં વ્યાપેલી આ અતિ રહસ્યમય અને અતુલ શક્તિશાળી વિદ્યુત-શક્તિનો માનવીને સૌથી પ્રથમ પરિચય અમ્બરે આપ્યો. ઇ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં થઇ ગયેલા ગ્રીક તત્ત્વવેત્તા થેલ્સને પ્રયોગો દ્વારા જાણ થઇ કે અમ્બરને ઘસવાથી તેનામાં એક એવી શક્તિ ઉત્પન્ન થાય છે કે જેનાથી તેના ભાગી વાળ અને તણખલાં આકર્ષાય છે. આમ વીજળીના વિજ્ઞાનની સૌ પહેલી શરૂઆત અમ્બરથી થઈ.

અમ્બરનો ઉપયોગ સમુદ્રના ખારા પાણીને પીવા લાયક બનાવવાના કાર્યમાં પણ થાય છે. ફૉર્મેલીન અને ફૉર્મિક ઍસિડમાંથી સિન્થેટિક અમ્બર પણ બનાવવામાં આવે છે. એ અમ્બરની નળીઓમાંથી સમુદ્રનું પાણી ઝનસભેર વહેવડાવવામાં આવે છે અને આમ થતાં પાણીમાંની ધાતુઓ અને ક્ષારો શોષાઈ જાય છે. પછી એ પાણી રેઝીનની નલિકાઓમાંથી પસાર કરવામાં આવે છે, જ્યાં પાણીનાં ઍસિડ તત્ત્વો દૂર થાય છે ને પાણી પીવા લાયક બને છે.

—શિવપ્રસાદ ત્રિવેદી

મેરઠમાં ચંપાએલી ચિનગારી

ઈ. ૧૮૫૭ની ૩૧ મી મેને દિવસે હિંદ આખામાં અંગ્રેજ વિરુદ્ધ જે બળવો ફાટી નીકળવાનો હતો, તેની શરૂઆત અણધારી રીતે મેરઠમાંથી થઈ. હિંદના ગામેગામ એ વિપ્લવનું પ્રતીક લાલ કમળ પહોંચી ગયું હતું. લાલ કમળ લોહીનું સૂચક હતું. જે પલટન એ કમળ સ્વીકારતી તે બળવામાં શામેલ થશે એમ સમજાઇ જતું. ગામેગામ વિપ્લવની રોટી ખવાઈ ચૂકી હતી. એક ગામનો કાસદ બીજે ગામ રોટી લઇને જતો. વિપ્લવમાં માનનારા તે રોટીના કટકા કરી ખાતા, અને બીજી ત્રણ રોટી ફરી આજુબાજુનાં ત્રણ ગામમાં મોકલાવતા. જે સમયે તાર કે ટપાલ નહોતી તે સમયે ભારતભરમાં આગ વિપ્લવનો સંદેશો પહોંચી ગયો હતો.

આટલું જ નહિ પણ ગામેગામ, નગરેનગર—દેશભરમાં સાધુઓ ને ફકીરો ધૂમાધૂમીને ગુપ્તપણે એ સંદેશ પ્રચારી રહ્યા હતા. યુક્ત પ્રાંતમાં મૌલવી અહમદશાહનો ઉપદેશ સાંભળવા દશદશ હજાર માણસો એકઠા થતા અને વિપ્લવના સોગંદ લઇ છૂટા પડતા.

બીઠુરમાં બેઠાં બેઠાં નાનાસાહેબ અને અજીમુલ્લાખાં આ સંગઠનનો સૂત્રસંચાર કરતા હતા અને એવી રીતે સૌને તૈયાર કર્યા હતા, કે સૌકોઇ ૩૧ મી મે અને રવિવારની રાહ જોતા હતા.

એમાં કારતુસની વાત આવી. કલકત્તાની પાસે બરાકપુરમાં દમદમના કારખાનાના એક મહેતરે કહ્યું કે ગાય અને સુવરની ચરબી વડે કારતુસની ટોટી ચીકણી કરવામાં આવે છે. આ વસ્તુઓ હિંદુ અને મુસલમાનોમાં નિષિદ્ધ ગણવામાં આવી છે, અને આ કારતુસો દાંત વડે તોડવાની હોવાથી તેમને ધર્મભ્રષ્ટ કરવાનો આ ઉપાય છે એમ માનતાં સિપાઇઓને જરા પણ વાર ન લાગી.

૧૮૫૭ના ફેબ્રુઆરીમાં ૧૯ નંબરની પલટનને આ કારતુસો પહેલી આપવામાં આવી ને સિપાઇઓએ તે વાપરવાની ના પાડી. તે સમયે ત્યાં બ્રિટિશ પલટન ન હોવાથી અમલદારોએ કૈં પગલાં ન લીધાં, પણ તરત બ્રિટિશ પલટનને બોલાવવાના હુકમો મોકલી આપ્યા. માર્ચની આખરે એક બ્રિટિશ પલટન આવી પહોંચી અને ૨૯મી માર્ચે ૧૯ નંબરની પલટનને કવાયતના મેદાન પર આણવામાં આવી. સામે બ્રિટિશ પલટન ઊભી રાખવામાં આવી.

ઓગણીસ નંબરની પલટનને ઉપરી અમલદારના હુકમના ભંગ માટે કોર્ટ માર્શલ કરવાની એ ગોઠવણ હતી. તેનું શું પરિણામ આવશે તેની સૌને ખબર હતી. મંગલ પાંડે નામના નવજુવાન સિપાઇથી તે સહન ન થયું. તેણે આગળ આવી અંગ્રેજો સામે ધર્મયુદ્ધ કરવાની હાકલ કરી. સાર્જન્ટ મેજર હ્યુસને તેને ગિરફતાર કરવા હુકમ આપ્યો. કોઇ સિપાઈ તૈયાર ન થયો. એટલામાં મંગળ પાંડેએ ગોળી છોડી મેજર હ્યુસનને નીચે પાડયાં. લેફટેનન્ટ બધ ઘોડેસવાર હતો તે મંગળ પાંડેને પકડવા ધસ્યો. બીજી ગોળીથી તે અને તેનો ઘોડો નીચે પડયા. પડયા પડયા લેફટેનન્ટ બધે પિસ્તોલ છોડી, પણ મંગળ પાંડે બચી ગયા અને ત્રીજી ગોળીથી લેફટેનન્ટ બધ નિશ્ચેતન થઈ પડયો. બીજો એક અંગ્રેજ અમલદાર તેને પકડવા દોડયો, પણ મંગળ પાંડેએ તલવાર કાઢી તેને પૂરો કર્યો. કર્નલ વ્હીલર આવી મંગળ પાંડેને ગિરફતાર કરવા હુકમ કર્યો, પણ સિપાઇઓએ તેને ન ગણકાર્યો. તે ગભરાયો ને જનરલ હીઅર્સને બંગલે દોડયો. આ સમાચાર સાંભળી જનરલ હીઅર્સ થોડા ગોરા સિપાઈ લઈ આવ્યા. આ જોઈ મંગળ પાંડેએ પોતાની જાત ઉપર જ ગોળી છોડી. પણ તે ન મર્યો, ઘાયલ જ થયા અને તેને પકડવામાં આવ્યો. બીજે દિવસે કોર્ટ માર્શલના હુકમ પ્રમાણે તેને ફાસીએ ચઢાવવામાં આવ્યો. દેશ આખામાં આ વાતની ખબર ફેલાઇ ગઇ અને સિપાઇઓની બેચેની વધી.

મે મહિનો શરૂ થયો. મેરઠમાં છઠ્ઠી મેને દિવસે સવારે પરીક્ષા માટે ૯૦ હિંદી સવારોની એક ટુકડીને ચરબીવાળી કારતુસો આપી દાંત વડે તોડવાનું કહ્યું. ૯૦માંથી ૮૫ સવારોએ ના પાડી. આ સિપાઇઓને કોર્ટ માર્શલ કરવામાં આવ્યા અને દરેકને હુકમભંગ માટે આઠથી દસ વર્ષની કેદની સજા ફરમાવવામાં આવી. નવમી મેએ સવારમાં આ ૮૫ સિપાઇઓને કવાયતના મેદાન પર લાવવામાં આવ્યા. સામે તોપો સાથે બ્રિટિશ ટુકડીઓ પણ હતી. બીજી હિંદી ટુકડીઓને પણ આ દૃશ્ય બતાવવા હાજર રાખવામાં આવી હતી. મેદાન પર જ આ ૮૫ સિપાઇઓનો પોષાક ઉતારવામાં આવ્યા ને હાથેપગે બેડીઓ નાખી લઈ જવામાં આવ્યા. આ કૃત્યથી હિંદી સિપાઈઓમાં ભય વ્યાપવાને બદલે ઊલટો ક્રોધ ભભૂકી ઊઠ્યો.

સાંજે જ્યારે એ સિપાઇઓ શહેરમાં ગયા ત્યારે તેમની પત્નીઓએ મહેણાં માર્યાં કે 'તમારા ભાઇઓ જેલમાં છે અને તમે અહીં મઝા કરો છો?' આ અપમાન તે ન સહી શક્યા. મંત્રણાઓ ચાલી. તેમને લાગ્યું કે ૩૧મી સુધી હવે વાટ જોવી શકય નથી. તેમણે દિલ્હી સમાચાર મોકલ્યા કે પોતે બેત્રણ દિવસમાં આવી પહોંચશે.

બીજે દિવસે દશમી મે ને રવિવારે સવારે મેરઠ નિવાસીઓનાં ટોળેટોળાં સશસ્ત્ર બની એકઠાં થવા લાગ્યાં. થોડાક સિપાઇઓ જેલમાં ગયા. જેલરો વિપ્લવવાદી હતા. તેમણે આગલા દિવસના

કેદીઓને છોડી મુકયા અને 'દીન! દીન! હરહર મહાદેવ! મારો ફિરંગીઓ'ના અવાજોથી અંગ્રેજોની કતલ કરવા માંડી. મેરઠમાં રહેલી થોડીઘણી અંગ્રેજ સેના જોતજોતામાં સાફ થઈ ગઈ. આમ, ૧૮૫૭ માટે ધરબાઈ રહેલા ભયંકર દારૂગોળામાં મીરતે પહેલી ચીનગારી નાખી ને જોતજોતામાં આખો દેશ ભભૂકી ઊઠયો. (એ ઘડી મોજ)

નેગેટિવ ઉપરના આંકા ઉઝરડા

લગભગ દરેક ફોટોગ્રાફી કરનાર ઍમૅટરનો અનુભવ હોય છે કે ફિલ્મમાં ઘણીવાર નાનામોટા આંકા કે ઉઝરડા પડી જાય છે અને તેના ઉપરથી પ્રિન્ટ કે એન્લાર્જમેન્ટ કાઢતાં એ આંકા (સફેદ કે કાળા) મોટા સ્વરૂપમાં છપાઇને કામ બગાડે છે; છતાં બહુ જ થોડા એ બાબત પર લક્ષ આપીને તેનું કારણ શોધી કાઢી ફરીથી તેમ ન થવાની કાળજી રાખે છે.

એક વાર મેં મારૂં રોલ બજારમાં ધંધાદારી ફોટોગ્રાફરને ત્યાં ડેવેલપ કરાવી તેના પરથી પ્રિન્ટ કઢાવ્યા. જોયું તો એકેએક પ્રિન્ટમાં ઊભા લીટા આવેલા. મેં ફોટોગ્રાફરને બેકાળજીથી કામ કરવા માટે ઠપકો આપ્યો તો તેણે જવાબ આપ્યો કે 'તમારા કૅમેરામાં જ કાંઈક વાંધો છે.' મને શિખાઉ એમૅટર સમજી તેણે આવો ઉડાઉ જવાબ આપ્યો એમ સમજી હું તેના પર કચવાયો. થોડા દિવસ પછી મેં મારી જાતે ફિલ્મ ડેવલપ કરી તો તેમાં પણ પ્રથમની માફક જ આખા રોલમાં આંકા હતા! હવે પેલાના ઉપર નાહક કચવાવા માટે પસ્તાઇને તપાસ કરી તો કૅમેરાના અમુક ભાગ સાથે રોલ ઘસાઇને જ એવા આંકા પડતા હતા એમ જણાયું.

જો ફિલ્મના એક છેડાથી બીજા છેડા સુધી સળંગ એક જ ધારા આંકા હોય તો સમજવું કે કૅમેરામાં જ કયાંક દોષ છે. પણ જો આંકા ટૂંકા ને છુટાછવાયા જણાતા હોય, ને કોઇ વાર એવો એકાદ આંકો આખા રોલમાં એકાદ ઠેકાણે જણાય તો સમજવું કે એ બેદરકારીનું પરિણામ છે. પણ જો આંકા ઊંડા અને ધાડા હોય તો સમજવું કે ફિલ્મ ડેવેલપ કરતાં જ્યારે ફિલ્મ ભીની ને પોચી થએલી હોય છે ત્યારે કાં તો ડિશની કરકરી કીનાર સાથે ઘસાવાનું કે પછી ડિશમાંના પાણીમાં ઝીણી કાંકરી રહી ગઈ હોય તેની સાથે ઘસાવાનું કે નખ ઘસાવાનું એ પરિણામ છે. ફિલ્મ ડેવલપ કરીને તે કસ્તરથી સુરક્ષિત જગ્યામાં સૂકવવી નહિતો અતિ સૂક્ષ્મ રજકણો પણ ઍન્લાર્જમેન્ટમાં મોટા સ્વરૂપે આવીને તમારી બેદરકારીને મોટી કરી બતાવશે.

ઘણી વાર રોલમાં છુટાછવાયા જાડાં-ઝીણાં ટપકાં જણાય છે. આ, ફિલ્મ સુકાઇ ગયા બાદ તેના ઉપરની કચરાની રજકણુ કાળજીપૂર્વક સાફ ન કરવાનું પરિણામ હોય છે.

આ સિવાય કોઈ કોઈ વાર ફિલ્મ ઉપર અંગૂઠા-આંગળાંની છાપ પણ પડી ગએલી હોય છે. ફિલ્મ ભીની કે ભેજવાળી હોય ત્યારે ઓચિંતા કોઈ તે જોવાની ઉત્સુકતાથી પકડે તો આવી છાપ પડી જાય છે.

ઘણી વાર ફિલ્મ બિલકુલ ડાઘડૂઘ વિનાની હોય, પણ પ્રિન્ટમાં આવા ડાઘા જણાય તો સમજવું કે પ્રિન્ટ કે એન્લાર્જ કાઢવાના પ્રિન્ટિંગ ફ્રેમના કાચ ઉપર કાંઇ કસ્તર ચોંટેલું હોવું જોઇએ.

જો ફિલ્મ ઉપરનું ઈમલ્ઝન (દવાવાળું પડ) ઊખડી જઇને આંકા પડ્યા હોય તો નેગેટિવમાં સફેદ ને પ્રિન્ટમાં કાળા આંકા પડે છે; પણ પ્રિન્ટ ઉપર કસ્તર કચરો ચોટી રહીને જે ડાઘા પડે છે તે નેગેટિવમાં કાળા અને પ્રિન્ટમાં સફેદ આવે છે. આ ઉપરથી સમજાશે કે કવચિત્ કૅમેરાની ખામી અને બહુધા બેદરકારી જ આવા આંકાનું મુખ્ય કારણ હોય છે. કૅમેરામાં રોલ ચડાવવાથી માંડીને ડેવલપ કરી સૂકવતાં સુધીનાં બધાં કામ ઝીણવટભરી કાળજી માગી લે છે.—શ્રીદામ ભટ્ટ

આ માસ (ડિસેમ્બર) ઈતિહાસમાં

તા. ૧ ઈંગ્લંડની શાહી કલાસંસ્થા રૉયલ એકેડેમીની સ્થાપના, ૧૭૬૮
તા. ૫ કટાક્ષચિત્રોના ફિલ્મોના સર્જક વૉલ્ટ ડિઝનીનો જન્મ ૧૯૦૧
તા. ૭ મ્હૈસુરના સિંહ હૈદરઅલીનું અવસાન, ૧૭૮૨
તા. ૧૦ હિંદી ઇતિહાસજ્ઞ સર જદુનાથ સરકારનો જન્મ, ૧૮૭૦
તા. ૧૨ શોધસફરી ટાસ્માને ન્યૂ ઝીલાંડ ટાપુ શોધ્યો, ૧૬૪૨
તા. ૧૬ હિંદી મીઠાસત્યાગ્રહની પેઠે, અમેરિકા પરની ઈંગ્લંડની સત્તા ફગાવી દેવાના પ્રતીક રૂપ બોસ્ટને બ્રિટિશ ચાની પેટીઓ દરિયામાં ફેંકી દીધી અને સ્વાતંત્ર્ય લડત શરૂ કરી, ૧૭૭૩
તા. ૧૮ અમેરિકામાંથી ગુલામી નાબૂદ થઈ, ૧૮૬૫
તા ૨૧ રશિયન લોકસત્તાવાદના સરમુખત્યાર સ્ટૅલિનનો જન્મ, ૧૮૭૯
તા. ૨૪ વાસ્કો દ ગામાનું કોચીનમાં મૃત્યુ, ૧૫૨૪
તા. ૨૭ ફ્રેન્ચ વિજ્ઞાની લૂઈ પાસ્તરનો જન્મ, ૧૮૨૨
તા. ૩૦ સત્તાવનના બળવાના નાયક નાનાસાહેબ આંબાપુર પાસે છેલ્લી હાર ખાઇ નેપાળ ચાલ્યા ગયા, ૧૮૫૭



આ માસની વ્યક્તિવિશેષ

રાસબિહારી ઘોષ

જહાલ દેશભક્તોની ઉદ્દામતાએ તોડી પાડેલી ૧૯૦૭ની સૂરત કૉંગ્રેસના પ્રમુખ આ બંગાળી દેશનેતા રાજદ્વારી વિચારસરણીમાં વિનીત છતાં, આપણા ફિરોઝશાહ મહેતા અને ગોખલેની કોટિના એ દેશસેવકની બુદ્ધિપ્રતિભા અતિ તેજસ્વી હતી

ઈ. ૧૮૪૫ની ૨૩મી ડિસેમ્બરે બર્દ્વાન જિલ્લાના તારકાનાં નામના ગામડામાં બાબુ જગબંધુ ઘોષને ત્યાં તેમનો જન્મ થએલો. અંગ્રેજી ઑનર્સ લઇને એમ. એ. થનાર (ઈ. ૧૮૬૬માં) એ પહેલા હિંદી હતા. ૧૮૬૭માં કાયદાના ગ્રેજ્યુએટ થઇ કલકત્તા હાઇકોર્ટમાં એમણે વકીલાત માંડી. ને એ દિશામાં એમનું જ્ઞાન એટલું આધારભૂત ગણાવા લાગ્યુ. ગીરોના કાયદા વિષે એમણે કલકત્તા યુનિવર્સિટીના 'ટાગોર ચેર' પરથી આપેલાં વ્યાખ્યાનોનો પ્રથમ પંક્તિના અભ્યાસક્રમમાં ગણાતાં. ૧૮૭૯માં તે કલકત્તા યુનિ૦ના ફેલો નિમાયા, ૧૮૮૪માં તેમને ડૉક્ટર ઑવ લૉઝની પદવી એનાયત થઈ ને પછી યુનિવર્સિટીના કુલનાયક (વાઈસ ચન્સેલર) પદે પહોંચેલા. ૧૮૯૬માં સરકારે એમને સી.આઈ.ઈ. બનાવ્યા. ઈંગ્લંડ, ફ્રાન્સ અને ઈટલી ઉપરાંત એશિયાના દેશોની પણ એમણે સફર કરેલી. અત્યંત સાદી રહેણીથી રહેતા એ વિદ્વાન ધારાશાસ્ત્રીનું વાચન કાયદાના વિષય બહાર પણ ઘણું વિશાળ હતું. કલકત્તામાં ૨૨મી કૉંગ્રેસના સ્વાગતપ્રમુખ તરીકે એમણે આપેલું વ્યાખ્યાન, એ કાળની શાહી રાજસભામાં બજેટ સામે એમણે ઉઠાવેલો અવાજ, અને કલકત્તા યુનિ૦ના કૉન્વોકેશન વખતે લૉર્ડ કર્ઝને હિંદીઓ પર કરેલા આક્ષેપોનો રદિયો આપતો એમનો પ્રકોપ એમની શક્તિની શાખ પૂરે છે. સૂરત કૉંગ્રેસ ભાંગી પડ્યા પછી બીજે વર્ષે મદ્રાસમાં ભરાએલી કૉંગ્રેસની બેઠકના એ સર્વથા સફળ પ્રમુખ હતા. રાજકારણના ગૂંચોને પહોંચી વળવાની એમની શક્તિ અને સુપ્રીમ કાઉન્સિલમાંના એમની સેવાઓ અજોડ ગણાઈ છે. બે વાર લગ્ન કર્યાં છતાં નિઃસંતાન ગુજરી ગએલા એ વિદ્વાન દેશભક્તે કલકત્તા યુનિવર્સિટીને તેમજ બનારસ હિંદુ યુનિ૦ને લાખો રૂપિયાનું દાન કર્યું છે.

સોરઠા

હસવું એવું હોય (કે) હાણ ન કોને નીપજે;
હસવે ડૂબ્યા કોય (તો) હસવાથી ભસવું ભલું.

—તનસુખ ભટ્ટ

વકીલતરીકે રાસવિહારી ઘોષ (જુઓ આ અંકમા આ માસની વ્યક્તિવિશેષ) ની પ્રતિભા અને રૂઆબ એવાં હતાં કે મોટા જજ પણ અંજાતા. એક વખત એક જુવાન અંગ્રેજ જજ કલકત્તામાં આવ્યો. તે બીજાઓની પેઠે અંજાઇ ન જવાની ખાસ કાળજી રાખતો. એક વખત રાસવિહારી ઘોષ એક કેસમાં દલીલો કરતા હતા તેમાં વચ્ચે તેને અટકાવીને તે જજે તુમાખીથી કહ્યું, 'વેલ, મિ. ઘોષ, તમે મને કાયદો નહિ ભણાવી શકો!'

ઘોષે તરત જ રોકડો જવાબ આપ્યો: 'નો, મિ-લૉર્ડ, તમને તો નહિ જ!'

કહેવતોના અર્થ: 'કારતક મહીને કણબી ડાહ્યો.'—ખરો અવસર ગુમાવી બેઠા પછી અથવા કોઈ ભૂલ કે નુકસાન થઇ ગયા પછી તેને માટે વસવસો કરનાર અગર તે ભૂલ સુધારવાનો વ્યર્થ પ્રયત્ન કરનાર માણસ વિષે કટાક્ષ કરતી આ કહેવતનો અર્થ સ્પષ્ટ થાય છે તેમ આખુ ચોમાસું આળસમાં રહેનાર ખેડૂત છેક પાક ઊતરવા ટાણે કારતક મહીનામાં ફોકટ મહેનત કરવાનાં ફાંફાં મારે તે હાસ્યાસ્પદ અને કટાક્ષપાત્ર જ બને. એને મળતી બીજી કહેવતો: 'રાંધ્યા પછીનું ડહાપણ'; 'ગરથ ગયા પછી જ્ઞાન'; અવસર ચૂક્યા મેહુલા' વગેરે.

અનેકાર્થી શબ્દ: **સાન**=ઈશારો કે આંખમચકારો; સંકેત; સમજણ અથવા અક્કલ; સ્વમાન; છટા; મારો મૂકવું તે; અવેજ.

ગણિત—ગમ્મત

કોઈ પણ પાસેપાસેની બે પૂર્ણ સંખ્યાઓનો ગુણાકાર લઈ, તેમાંથી એ બે સંખ્યાઓનો સરવાળો બાદ કરી, જે આવે તેમાં એ જ બે સંખ્યાઓનો તફાવત ઉમેરી, જવાબને ઉપરની બે સંખ્યાઓમાંની નાની સંખ્યાએ ભાગતાં જે આવે, તેમાં એક ઉમેરશો તો જે રકમ આવશે તે જ રકમ તમારી પાસેપાસેની લીધેલી સંખ્યામાંની નાની રકમ હશે. —કાન્તિલાલ મ. જોષી


મુરઘીના ઈંડા કરતાં પણ મોટા કદનો, ૭૭૦ કૅરેટ વજનનો દુનિયાનો જંગી હીરો સીઍરા લીઓન બે લાખ પૌંડ (૨૬II લાખ રૂપિયા)ની કિંમતનો ગણાય છે.



દક્ષિણના તામિલ દેશમાં થયેલા ચોળ રાજાઓના સિક્કા પર પણ વાઘ સાથે પાંડ્ય વંશની માછલીનાં આલેખન મોટે ભાગે આવતાં; પણ પાછળથી મળેલા સિક્કાઓમાં માનવ આકૃતિઓ આવતી જેનું અનુકરણ છેક ૧૩મી સદીના લંકાના સિક્કાઓ સુધી ચાલ્યું. ઉપર આપેલા એવા લંકાના સિક્કામાં એક બાજુ રાજા પરાક્રમબાહુને ઊભેલો ચીતર્યો છે; બીજી બાજુ બેઠેલી દેવીનું ચિત્ર છે જેને પડખે નાગરીમાં 'શ્રી પરાક્રમબાહુ' લખેલું છે.

અફીણનો ઉપયોગ ચુંગીમાં પીવાના બંધાણ તરીકે ચીનમાં ૧૮મી સદીમાં પ્રવેશ્યો તે પહેલાં હજાર વરસથી એ દુનિયામાં માત્ર દવા તરીકે જ વપરાતું. ૧૯૩૧માં ભરાએલા આંતરરાષ્ટ્રીય સંમેલનમાં જગતની ૬૭ પ્રજાઓએ તેના પર કડક પ્રતિબંધ મૂકવાનો ઠરાવ કર્યો તે પહેલાં તેનો પ્રચાર કેટલો બહોળો હતો એ નીચેના આંકડાઓ પરથી આવશે કે ઈ. ૧૯૨૯માં દુનિયાભરમાં તેના ૪૦ કરોડ બંધાણીઓ હતા અને તેનો જથ્થો ૧૦,૦૦૦ ટનનો હતો;—દુનિયા આખીના વૈદકીય ઉપયોગ કરતાં ૨૫ ગણો!

કીમતી ગાલીચા ઉપર શાહી ઢળે તો તુરત દૂધ ને દળેલા મીઠાની ઘાટી રાબડી બનાવી તે પર લગાડી દેવી. સુકાઈ ગયે ખંખેરી નાખવાથી ડાઘ તેની સાથે જ નીકળી આવશે.



ચીનના બે સિક્કાઓ: એક મોટામાં મોટો છે, બીજો નાનામાં નાનો (મૂળ કદમાં).

જાન જાય પણ ઈમાન ન જાય, ગરીબાઈ ભલે આવે પણ નૂર ન ગુમાવાય, મહેનત ભલે કરવી પડે પણ અન્યાયનો રોટલો ન જ ખવાય—એવો સ્વભાવ તે 'મરદાની' સ્વભાવ. —કાલેલકર

'નાનકો કેમ રડે છે, બાબુ?'

'હું મારો પેંડો ખાઉં છું એટલે.'

'ત્યારે એનો પેંડો ક્યાં ગયો?'


'એ પેંડો મેં ખાધો ત્યારે પણ એ તો રડતો હતો!'

સાબુને વધારે ઘસાતો બચાવવા માટે વપરાશ સારૂ માત્ર એક જ ગોળો કે ગોટી નહિ પણ બેત્રણ ગોટી કાઢી રાખવી અને તેને વારા ફરતી આંતરે વાપરવી; એથી તેને સુકાવાનો અવકાશ રહેશે ને ઓછી ઘસાશે.


શિકાગોના એક ટિકિટ-સંગ્રાહકે યુનાઇટેડ સ્ટેટસની ટિકિટો વડે જ એ દેશનો નકશો બનાવ્યો છે. ત્યાંના જુદાજુદા મહાપુરુષો, દેશનેતાઓ, કલાકારો, સાહિત્યકારો, વૈજ્ઞાનિકો, શોધકો, કવિઓ વગેરેની ત્યાંની ટિકિટો, તે વ્યક્તિઓ જે જે પ્રાંતોમાં થઈ ગઇ તે તે પ્રાંતમાં ચોડીને, એ નકશો એવી ૨૦૦૦ ટિકિટોનો બનાવેલો છે, જેની મૂળ કિંમત ૧૫૦ ડૉલર (૫૨૫ રૂપિયા) થવા જાય છે.

શીશીના બૂચમાંથી પ્રવાહી ટપકવાનો સંભવ લાગતો હોય તો બૂચને ગરમ પાણીમાં ઉકાળી ગરમગરમ બેસાડી દેવું. સુકાઇ જશે એટલે વધીને સજ્જડ થઈ જશે.

એક રતલ (૧૬ ઔંસ) પાંઉ (ડબલરોટી)-માં લોટનું વજન માત્ર ૧૨ ઔંસ જ હોય છે.



દષ્ટિફેરની ગમ્મત: જોડાજોડ કડીઓ ગોઠવીને એક મોટો નળ રચ્યો હોય ને એ નળ પડખાભેર પડચો હોય એવા આ ચિત્રમાં નળનું મોં તમને ઘડીભર જમણી તરફ જણાશે, ને ઘડીભર ડાબી તરફ. ઉલટાવી જુઓ.



દીવીઓના વિવિધ પ્રકારઃ જેમાં આપણી જૂની તેલ પૂરવાની પિત્તળની દીવીઓની સાથે આધુનિક ઇલેક્ટ્રિક ટેબલલૅમ્પ માટેનાં અવનવીન ડિઝાઇનો આપેલાં છે. ચિત્રકાર • કનુ દેસાઈ ('શૃંગારિકા'ની આગામી અંગ્રેજી આવૃ